RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## માસિક પત્રિકા

Issue : 10, Year: 71, January 2025, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪
Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૦ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૪) સુધીમાં ૨૫૪૯૯ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ (બાર મહિના) માં ટોટલ ૪૪૯૩ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

**દાન એજ સફળ જીવન**

Advt.

BIO-DATA

# PARTH JIGNESH KOTHARI



## PERSONAL DETAILS

**D.O.B** : **25-03-1997**
**Time** : 4.35 am
**Birth Place** : Borivali (Mumbai)
**Height** : 5'.6"
**Contact** : 9833643460
**Email** : parthkothari1997@gmail.com
**Caste** : Zalawadi Vishashrimali Sthankwasi Jain
**Native** : Wadhwan (Surendranagar)

## QUALIFICATION

**B.Tech.** (Mechanical),
K.J. Somaiya College of Engineering,
Vidyavihar, Mumbai
**MBA** (Operations/ IT & Finance),
Goa Institute of Management

## PROFESSIONAL EXPERIENCE

Assistant Manager,
Godrej & Boyce Mfg. Co. Ltd., Vikhroli
Current: Management Consultant
At GEP Worldwide, Airoli

## HOBBIES

Watching Football, Cricket & Formula1.
Keen Interest in Reading, Watching Movies & Exploring New Destinations

## FAMILY DETAIL

**Grand Father** : Shri Vasantlal Mansukhlal Kothari
Mob. 9324709060
**Grand Mother** : Late Smt. Pravinaben Vasantlal Kothari
**Father** : Jignesh Vasantlal Kothari
Mob. : 9321477013
**Shree Giriraj Electricals LLP**
(Distributors & Dealers of Electrical Goods)
30/32, Ravji Premji Trust Bldg., Kalbadevi,
Dr. M.B. Velkar Street, Mumbai - 400 002.
Tel.: 022 22056855
**Mother** : Sonal Jignesh Kothari (Home Maker)
Mob.: 9819120095
**Uncle** : Anand Vasantlal Kothari
Mob.: 9321477014
**Aunty** : Dipali Anand Kothari
**Fai** : Bhavna Ketankumar Shah (Chinchpokali)
**Fua** : Ketankumar Jaysukhlal Shah

## RESIDENCE

1003/1004, Mahavir Krupa, Vallabhbaug Lane,
Opp Sai Baba Mandir & Bank of Baroda,
Ghatkopar East, Mumbai - 400 077.

## MATERNAL

**Nana** : Late Shri Himatlal Bhikhalal Shah (Sanand)
**Nani** : Late Vasantben Himatlal Shah
**Mama** : Kalpesh Himatlal Shah (Borivali)

Advt.

**BIO-DATA**



# Rushabh Barbhaya

Jersey City, New Jersey, USA
+ 1 (201) 936 2751 / +91 766 911 912
New York, USA
rhbarbhaya@gmail.com

Looking for someone who is independent, competitive, straight forward, talkative & doesn't mind being an experiment to my cooking.

Sheetalnath Tower CHS, Sudha Park, Ghatkopar East, Mumbai

## Personal Details

**Date of Birth** : January 10, 1994

**Place of Birth** : Ghatkopar, Mumbai

**Height** : 6 Feet

**Weight** : 81 kgs

**Profession :**

- Sr. Associate at Goldman Sachs & Co., Business Intelligence New York, USA

**Education :**

- Master of Engineering in Engineering Management & Data Science Stevens Institute of Technology, USA
- Master of Science in Analytics & Machine Learning Harrisburg University of Science & Technology, Pennsylvania, USA
- Bachelor of Technology in Electronics and Telecommunications NMIMS, Mumbai

**VISA** : H1B, Green Card in Process

**Interest :**

Hiking · Cooking · Photography · Dancing · Gaming

## Family

**Grandfather** : Late Shri Vasantlal R Barbhaya

**Grandmother** : Late Smt. Hansa Vasant Barbhaya

**Father** : Mr. Hitesh Vasant Barbhaya; +91 9892330904

**Business** : Internatioal Ispat, Mumbai (Iron & Steel Stockist)

**Mother** : Mrs. Sonal Hitesh Barbhaya; +91 9892530904

**Occupation** : Homemaker

**Brother** : Parshva Hitesh Barbhaya (Younger)

**Education** : Master of Science, USA (Currently Pursuing)

**Caste** : Zalawadi Sthanakwasi Visha Shrimali Jain

## Paternal Fam

**Faiba** : Mrs. Deepali Bhavin Shah

**Faiba** : Mrs. Sheetal Tejas Shah

## Maternal Fam

**Nanu** : Shri Sureshbhai Rasiklal Shah

**Nani** : Late Smt. Jyotiben Sureshbhai Shah

**Mama** : Mr. Ashit Suresh Shah

**Visiting India in December**

Advt.

**BIO-DATA**



# DEVANGI DOSHI

doshidevangi719@gmail.com
+1 (408)-643-9908

## PERSONAL DETAILS

Name : Devangi Doshi
Birth : September 17, 1997;
Birth Time : 4:40 AM
Birth Place : Raichur, Karnataka, India
Height : 5'10"
Profession : QA Engineer @Metafoodx
Education : San Jose State University
(MS in SE, 2022)
NMIMS University
(BTech in CE, 2019)

## ABOUT ME:

Hi, I would have preferred not to introduce myself as a QA Engineer but here I am. I live in the SF Bay Area and obviously I pay high taxes for this weather.

I enjoy spending my time exploring activities that do not require screen time to maintain my quirks and weirdness e.g. I made an announcement on Caltrain.

I am an ambitious person and I value people's time & effort. Living away from home has naturally brought me closer to home. I believe in mutual respect, emotional connection and a strong partnership and I expect the same from my partner.

## FAMILY BACKGROUND

Caste : Zalawadi Vishashrimali Sthanakwasi Jain
Native : Botad , Dhrangadhra
Father : Dr. Nilesh B Doshi
M.D. in Ayurvedic Surgery,
Devangi Hospital, Malad,
+91 9821123823
Mother : Alpa Doshi | B.Com (Homemaker)
+ 91 9869572727
Sibling : Dr. Dharmin Doshi
Pursuing M.S. General Surgery
+91 9082930189
Home : 1602, Vishwadeep Heights,
Mahavir Nagar, Kandivali (W),
Mumbai - 400067

## PATERNAL RELATIVES :

Grandparents : Shri Bhupatray Premchand Doshi,
Smt Subhadraben Bhupatray Doshi
Jayeshbhai B. Doshi -KANDIVALI
M. 98690037363
Kamleshbhai B. Doshi - KANDIVALI
M. 9322273401
Yogeshbhai B. Doshi -KANDIVALI
M. 9820021175
Varshaben , Dr. Arunbhai Kothari -
M.D. Pediatrician, Junagadh,
M. 9376604441

## MATERNAL RELATIVES:

**Grandparents:**
Late Shri Navinchandra Shivlal Shah,
Late Smt Chandrikaben Navinbhai Shah
C.A. Kamleshbhai Navinchandra Shah -
Vile Parle (W), (Raichur wala)M. 9892323111
Vatsalaben Prafulbhai Chhabildas Gandhi -
Vile Parle (W), M. 9821211251
Purnimaben, Pankajbhai Bachubhai Jhobalia -
Andheri (W), , M. 9820010225
Shilpaben, Hemangbhai Tarunbhai Dagli -
Andheri (W),, M. 9821556342

**VISITING INDIA IN JANUARY**

Advt.

BIO-DATA

# Sagar Jhobalia

sagar.jhobalia@gmail.com | +1(213)709-4285 | LinkedIn



**About Me:**

I am an engineer at heart. I live in the SF Bay Area. I work in a venture studio; I help convert ideas to products and eventually companies.

I am an outdoorsy person. I like scenic drives, hiking, and adventure sports. Lately, I have been enjoying crafting coffee and reading my kindle. I am a recent homeowner and am easily fascinated with house projects. I take pride in being able to be hands-on with my house.

I am currently on a work visa. Mumbai is home. My family is split between Mumbai & USA. I am close to them. My friends here are like family.

I have been in the States for ~10 years. It shouldn't be surprising that I have an independent lifestyle. I am open-minded and I expect the same from my potential partner. I value an emotional connection and mutual respect in a relationship. I am looking for a partner who is ambitious and reflects the values of caring and independence that I cherish. I believe that if the values are aligned, we can appreciate the infinite Wednesdays spent together.

I believe experiences are more valuable than materials. I am a big fan of the lil things that occur in the daily rut. Eg. A perfect coffee and a genuine curiosity to know how my partner's day was..

| | | |
|---|---|---|
| **Birth** | : | 14th June 1990; 21:36 |
| **Height** | : | 5'10" |
| **Profession** | : | VC : Software Architect @Superset Studios |
| **Location** | : | Sunnyvale, California |
| **Education** | : | University of Southern California (MS in CS, 2014)<br>D.J Sanghvi (BE, 2012)<br>S.B.M Polytechnic (Diploma, 2009) |
| **Hobbies** | : | Adventure Sports, Country hopping, Reading, Netflix, Really good food |

| | | |
|---|---|---|
| **Caste** | : | Dasha Shrimali Sthanakvasi Jain |
| **Home** | : | 407/1-Gulshan Villa, CD Barfiwala Marg, Andheri (W), Mumbai 400058. |
| **Father** | : | Pankaj B. Jhobalia (Retired; Businessman) +919820010225 |
| **Mother** | : | Purnima P. Jhobalia (Home Maker, BCom & LLB); +919870037635 |
| **Sibling** | : | Pooja Pankaj Jhobalia (MSBA, C.A.; Married; Lives in Seattle, Washington) |
| **Dada-Baa** | : | Late Shri Bachubhai Manilal Jhobalia & Smt Shardaben B. Jhobalia. |
| **Uncle & Aunt** | : | Jayesh & Rajul Jhobalia (+919820081709); Umesh & Rupal Jhobalia(+91932265360) |
| **Mama & Mami** | : | Kamlesh & Neepa Shah (+919892323111) |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૧૦
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# પલકમાં...

શોધતો હતો સાગર તટે સદા જેને
જડ્યા એ પગલા મને તુજ ચરણકમળમાં
પખાળવા મથું દિનરાત તેને જીવનમાં
પણ સરકી જ જાય જળ લહર સમ પલકમાં.

શોધતો હતો જીવનપથ પર સદા જેને
જડ્યા એ હમકદમ મને તુજ સ્વરૂપમાં
ચાલવા મથુ તેની સાથે જ્યાં સફરમાં
ચૂકી જ જાઉં હું પ્રત્યેક યત્ને પલકમાં.

શોધતો હતો જન જનમાં સદા જેને
જડ્યા એ સ્વજન આત્મીય મને તુજમાં
ભરવા મથુ તેને હજુ જ્યાં હું સ્મરણમાં
ઊડી જ જાય સ્વપ્ન સમ એક પલકમાં.....!

**સંવેદના –૨**

# ડૉ. પોલ મેન્સફિલ્ડ – ઑફિસ ઉપરના માળે

ડૉ. આઈ. કે. વીજળીવાળા

*એપેલેશિયાના પહાડી પ્રદેશમાં કોલસાની ખાણો વચ્ચે વસેલાં ગરીબ ગામડાંઓમાંનું એક ગામ. એ ગામમાં એક ડૉક્ટર આવીને વસ્યો. નામ એનું : ડૉ. પોલ મેન્સફિલ્ડ.*

**એ** સમયમાં શસ્ત્રક્રિયાના નિષ્ણાત - સર્જન ડૉક્ટર ખૂબ જ ઓછા લોકો બનતા. પોલ મેન્સફિલ્ડ ભણતો ત્યારથી જ ખૂબ તેજસ્વી તારલો હતો. ડિગ્રી લઈને એ બહાર પડ્યો ત્યારે ઘણા જાણીતા દાક્તરોએ એને પોતાની સાથે ભાગીદાર બનવાનો પ્રસ્તાવ મૂકેલો. પોલ મેન્સફિલ્ડે જો ધાર્યું હોત તો પ્રાઈવેટ પ્રૅક્ટિસ કરીને એ ટંકશાળ ઊભી કરી શક્યો હોત. પોતાની કાબેલિયતથી એ અઢળક સંપત્તિનો માલિક બની શકત. પણ એ કંઈક જુદી જ માટીનો બનેલો માનવી હતો. એણે તો પોતાના આત્માના અવાજને અનુસરીને કોલસાની ખાણોમાં કામ કરતા ગરીબ ખાણિયાઓની સેવા કરવાનું નક્કી કર્યું. અને એટલે જ એપેલિશિયાની પહાડીઓ વચ્ચે વસેલ એ સૌથી ગરીબ ગામ એણે પસંદ કર્યું હતું. એ ગામની આસપાસના પચાસ માઈલના ઘેરાવામાં એ એકલો જ દાક્તર હતો.ગામની મુખ્ય બજારમાં કરિયાણાની દુકાન ઉપર એક નાના ઓરડામાં એણે પોતાની ઑફિસ શરૂ કરી. દુકાન બહારના થાંભલા પર એણે પાટિયું લટકાવ્યું જેમાં લખેલું હતું : ‘ડૉ. પોલ મેન્સફિલ્ડ - ઑફિસ ઉપરના માળે.’

એ પછી એનો સેવાયજ્ઞ ચાળીસ વરસ સુધી સતત ચાલ્યો. એ વિસ્તારના દરેક ગરીબ-ગુરબા માટે એની ઑફિસ જાણે કે થાકેલા અને હારેલાને વિસામો હતી. એ નાનકડા ઓરડાના એક ભાગમાં એ ગરીબ બાળકોના કાકડાનું ઑપરેશન કરી આપતો. કોઈકને ટાંકા લેતો કે ક્યારેક કોઈ ગરીબ સ્ત્રીની સુવાવડ કરાવતો. કોઈ વળી ક્યારેક બોલાવવા આવે તો પહાડી પર આવેલી અંધારી ગંધાતી ઝૂંપડીઓમાં વિઝિટે જઈને ત્યાં પણ ડિલિવરી કરાવી આપતો. નાનાં-મોટાં ઑપરેશન એ નાનકડા ઓરડામાં જ કરતો. દરદીની બીમારી વધારે ગંભીર જણાય તો પચાસ માઈલ છેટેની હૉસ્પિટલમાં એને મોકલવાની વ્યવસ્થા પણ નિ:સ્વાર્થભાવે કરી દેતો. એ વિસ્તારના દરેકેદરેક જણનો એ જાણે કે સ્નેહી બની ગયેલો. દરેક એને પોતાના સગા જેવો જ ગણતું.

એ વિસ્તારની વસ્તી અતિશય ગરીબ હતી. અને લોકોની હાલત સાવ દયનીય કહી શકાય તેવી હતી. દારુણ ગરીબીએ બધાને લપેટમાં લઈ લીધેલા. પોલ મેન્સફિલ્ડની સારવારનો ખર્ચ એ લોકો આપી શકે તો આપતા નહીંતર હાથ જોડીને આભાર માનીને જવાની છૂટ હતી ! ક્યારેક વળી કોઈ ચીજ-વસ્તુથી ઋણ ફેડવાની લોકો કોશિશ કરતા. પણ પોલ મેન્સફિલ્ડને તો આ બધાની કયાં પડી હતી ? એ બંદો તો ભગવાનનો સાદ સાંભળીને જ કામ કરતો હતો. એને તો ટાઢ-તડકો, ફી કે ફી એવું કાંઈ પણ જોવાપણું જ કયાં હતું ? એને તો એ ભલો અને એનું કામ ભલું !

એક વખત એપેલિશિયાનો પૂરો પહાડી પ્રદેશ ફ્લૂના પંજામાં સપડાયો. લોકો ખૂબ હેરાન થતા હતા. મૃત્યુ પણ પામતા હતા. એ વખતે પોલ મેન્સફિલ્ડ રાત કે દિવસ જોયા વિના કામ કરતો. છાપરીએ છાપરીએ અને પહાડીએ પહાડીએ એ ફરતો. ઘરે ઘરે ઈંજેક્શન અને દવાઓ પહોંચાડતો. થાક-ઊંઘ, ભૂખ-તરસ વગેરે બધું જાણે વીસરાઈ જ ગયું હતું. હજુ માંડ બે-ચાર ક્ષણ આરામ કરે ત્યાં તો દરવાજે ટકોરા પડતા. એ તરત જ જાગી જતો અને આવનાર વ્યક્તિ સાથે એની ઝૂંપડીએ જવા માટે ચાલવા લાગતો.

પરંતુ એક દિવસ એવો આવ્યો કે પોલ મેન્સફિલ્ડને પોતાને જ ફ્લૂનો ચેપ લાગ્યો. થાકેલા અને ભૂખ્યા શરીરને ફ્લૂએ બરાબર ઝપેટમાં લઈ લીધું. પોતે આમાંથી નહં બચે એવો એને ખ્યાલ આવી ગયો. બેભાન થતાં પહેલાં એણે પોતાના દવાખાનાની રોજનીશી મગાવી અને દરેકેદરેક દરદીનાં નામ અને ખાતાં સામે ‘બધું જ ચૂકતે’ એમ લખી દીધું. ત્યાર પછી એણે દેહ છોડ્યો.

એની અંતિમયાત્રામાં ભાગ લેવા દૂર દૂર પહાડીઓમાં વસતા ખાણિયાઓએ એ દિવસે કામ બંધ રાખ્યું. પોતાના તારણહારને છેલ્લા જુહાર કરવા આવેલા માણસોથી રસ્તાઓ ઊભરાઈ ગયા. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો (જેમાંના ઘણાંનો જન્મ એના હાથે થયેલો)ની એવડી જંગી મેદની બીજા કોઈ પ્રસંગે ત્યાંની કોઈ વ્યક્તિએ ક્યારેય જોઈ નહોતી.

છ પહાડી પુરુષોએ પોતાની પાસે જેવાં હતાં તેવા કોટ અને ટાઈ પહેરીને એની શબપેટી ખભે લીધી. કબ્રસ્તાન તરફ જઈ રહેલ એ મેદનીમાંના એકેએક જણની આંખમાં આંસુ અને હોઠ પર ભજન હતાં. પોલ મેન્સફિલ્ડની શબપેટી જમીનમાં તૈયાર કરેલા ખાડામાં ઉતાર્યા પછી પરંપરા મુજબ દરેક વ્યક્તિએ એની કબર પર એક પથ્થર મૂક્યો. જ્યારે છેલ્લા માણસે પથ્થર મૂક્યો ત્યારે એ ઢગલો છ ફૂટની ઊંડાઈ સુધી પહોંચ્યો હતો. બધાએ પથ્થર મૂકી દીધા એ પછી પાદરી આગળ આવ્યા. એમના હાથમાં રહેલ પાટિયાને એમણે આ પથ્થરના ઢગલાની ટોચ પર ગોઠવ્યું. એ પાટિયા પર લખેલું હતું: ‘ડૉ. પોલ મેન્સફિલ્ડ - ઑફિસ ઉપરના માળે.’

❖❖❖



# સ્વતંત્રતા આપણી અણમોલ મૂડી

**શાંતિનાથ નાયક'સ્નેહલ'**

**મૂ**ડી એટલે થાપણ; આપણા વડવાઓના રક્તભીના પરસેવાની કમાણી અને મા-ભોમને ખાતર શહીદ થઈ આપણા હાથમાં સોંપેલી સ્વતંત્રતા એટલે એક અણમોલ થાપણ. સાચા અર્થમાં કહીએ તો એક ગંભીર જવાબદારી !

પુરખાઓએ આપણને સોંપેલી વિરાસતનો તો વિકાસ કરવાનો હોય, તેની વૃદ્ધિ કરવાની હોય, તેને યશસ્વી બનાવવાની હોય.

વડવાઓની થાપણને અકબંધ રાખી તેની બરકત વધારે તે જ સાચા વારસદાર કહેવાય. આ સ્વાતંત્ર્ય રૂપી મૂડીનું જતન અને તેનું સંવર્ધન એ પ્રત્યેક ભારતીય નાગરિકની જવાબદારી છે.

આપણા અમર શહીદોએ અંગ્રેજોની કારમી ગુલામીમાંથી માતૃભૂમિને મુક્ત કરવા જ્યારે માથે કફન બાંધ્યું ત્યારે હસતાં હસતાં ગાયું હતું કે :

*''મેરા રંગ દે બસંતી ચો..લા*
*મેરા રંગ દે.*
*ઈસી રંગમેં રંગકે શિવને*
*માંકા બંધન ખોલા*
*માયે... રંગ દે બસંતી ચો...લા-''*

ભારતમાતાની મુક્તિ માટે એ નરવીરોએ નિષ્કલંક, નિ:સ્વાર્થ અને મહાન ત્યાગનાં ઉદાહરણ પૂરાં પાડ્યાય એ ઉદાહરણો આપણી ભારતીય સ્વતંત્રતાના કીર્તિસ્તંભો છે. એ પ્રત્યેક વીરોએ મોતને મુઠ્ઠીમાં લઈ દેશભક્તિના પથ પર પ્રાણ સમર્પિત કર્યા હતા. એ શહાદત આજની યુવા પેઢીને પ્રેરણા આપે છે; કારણ, સ્વાતંત્ર્ય અપાવનાર કરતાં સ્વાતંત્ર્યને સાચવનારાઓની જવાબદારી વધુ છે. અને એ જ આપણી પેઢીએ અમર શહીદોની કીર્તિગાથામાંથી શીખવું જરૂરી બની ગયું છે. એટલે જ એ અમર વડવાઓએ પણ કહ્યું હતું કે :

*''હમ લાયે હૈં તૂફાનસે*
*કિશ્તી નિકાલકે,*
*ઈસ દેશ કો રખના*
*મેરે બચ્ચોં સંભાલ કે !''*

સ્વાતંત્ર્ય રૂપી એ થાપણના રખોપાની જવાબદારી આપણે શિરે આવ્યાને આજે ૬૩ વર્ષના સમયગાળો પસાર થઈ ગયો. સ્વતંત્ર્યરક્ષાની વાત આવે એટલે આપણી રાષ્ટ્રીય સરહદથી માંડીને સ્વરક્ષણ સુધીની તમામ જવાબદારી આપણે માથે આવી. આ કાળ દરમ્યાન આપણા સૈન્યબળની સધ્ધરતા સુદૃઢ રહી છે, પણ...સૈન્યમાં ભરતી થનારાઓની અને દેશદાઝની આપણામાં ઉણપ રહી છે. એ જ ઉણપે આપણા સાર્વભૌમત્વને હાનિ પહોંચાડી છે. પડોશી શત્રુઓ આપણી એ નબળાઈનો લાભ ઊઠાવે છે. તેથી જ તો 'નૈસર્ગિક સ્વર્ગ' સમો કાશ્મીર પંથક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ભારતના સીમાડાઓ સળગી રહ્યા છે.

નૈતિક મૂલ્યોનો વિકાસ ન થવાથી આપણી વચ્ચે ભેદભાવ વધ્યા છે. નારી-સ્વાતંત્ર્ય અને સર્વધર્મ સમભાવની આપણી પરંપરા આપણે સ્થાપિત નથી કરી શકતા.

કયાં ગયો એ 'ઝાંસીની રાણીનો વતનપ્રેમ' ? કયાં ગઈ એ નેતાજીની પ્રેરક ઘોષણા 'તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ' ? કયાં ગયું બાપુનું સ્વાવલંબનનું સ્વપ્ન ? અને કયાં ગયું એ વીર ભગતસિંહનું ઈન્કિલાબી ખમીર ?!

અરે એ ખમીરનું તો એટલી હદે અવમૂલ્યન થઈ રહ્યું છે કે પ્રત્યેક રાજ્યમાં ભગતસિંહો પેદા થવા જોઈતા હતા તેને બદલે 'ભાઈ' અને 'ટપોરીઓ'નો રાફડો ફાટ્યો છે. આતંકનો શેતાન રાજકારણથી માંડીને શિક્ષણક્ષેત્રે અને નારીના શિયળ સુધી પહોંચી ગયો છે. સ્વાતંત્ર્યની આ કેવી લાચારી છે કે આજના શાસનમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓને સંરક્ષણ વગર નથી ચાલતું અને ગુંડાઓ વગર પણ ચાલતું નથી !

સતાભૂખ અને નાણાંભૂખે આ દેશના નેતાઓને દેશદાઝથી વિમુખ બનાવી દીધા છે ! આ દેશનું શાસન ધૃતરાષ્ટ્રગામી બની ગયું છે અને બિચારી ભારતમાતા લાચાર બની ગાંધારીની માફક આંખે પટ્ટી બાંધીને બેસી ગઈ હોય એવા ભારતીય સ્વતંત્રતાના હાલહવાલ પર આજે જગત હસે છે. અને ભારતના નાગરિકો ભીતરથી રડે છે. અંગ્રેજોની જુલમી ગુલામીને સારી કહેવડાવે એવી આજની પરિસ્થિતિમાં ફરી નવનિર્માણનાં એંધાણ વર્તાય એ સ્વાભાવિક છે.

પણ...બધી બાબતોના મૂળમાં અજ્ઞાનતા અથવા નિરક્ષરતા છે. આટલા લાંબા સમયગાળામાં આપણો દેશ સાક્ષરતાની બાબતમાં જેટલો પછાત રહ્યો છે તેટલો ભાગ્યે જ કોઈ દેશ હશે. અને તેથી જ સ્વતંત્રતા જેવી મહામૂલી મૂડીનું જતન કરવામાં આપણે ઊણા ઊતર્યા છીએ

એ નિર્વિવાદ ઘટના છે. કેળવણીનું તીર્થ એવું આ ભારત સુદૃઢ અને દેશપ્રેમી સાક્ષરો તૈયાર કરવામાં પાછું પડ્યું નથી. અરે જે દેશમાં 'નાલંદા' અને 'તક્ષશિલા' જેવી ઉચ્ચ ઉદ્દેશોવાળી વિશ્વવિદ્યાપીઠો હતી એ દેશનું શિક્ષણ ખાડે જાય એ કેટલા મોટા ખેદની વાત કહેવાય!

નિરક્ષરતા અને બેકારીને કારણે ભારતમાં ગુનાખોરી વકરી છે. ભ્રષ્ટાચારને મોકળું મેદાન મળ્યું છે. અને આ ભ્રષ્ટાચારની નાગચૂડે ભારતીયતા પર એવો ભરડો લીધો છે કે છેલ્લા કેટલાંયે વર્ષોથી આંગળી ચીંધીને બતાવી શકાય એવો એક્કેય દેશનેતા જોવા મળ્યો નથી! ઈતિહાસને પાને ગાંધી-નહેરુથી અટકી પડેલો પ્રેરણાસ્ત્રોત સા...વ સુકાઈ જવાનું કારણ શું?

કારણ એ જ કે આપણે આપણી સ્વતંત્રતા રૂપી થાપણનું રખોપું અને તેનું સંવર્ધન નથી કરી શક્યા. આપણે આપણી સાંસ્કૃતિક પરંપરાને પશ્ચિમી ચમક-દમકમાં ભૂલી ગયા છીએ, આપણે દેશપ્રેમની ભાવના ગુમાવી ચૂક્યા છીએ.

હા, દેશમાં એકતા સ્થપાય, સર્વધર્મસમભાવ કેળવાય, સાક્ષરતા અભિયાન સફળ બને, ૨૧મી સદીમાં વિશ્વ સાથે કદમ મિલાવી ઉન્નત મસ્તકે ભારત ચાલી શકે, નવી પેઢીને પ્રોત્સાહિત કરી પ્રગતિના પંથ પર મૂકી શકાય, શાંતિ અને સુરક્ષાપૂર્વક નાગરિકો જીવી શકે તો સ્વતંત્રતા રૂપી આપણી મહામૂલી મૂડી સલામત રહેશે.

જરૂર છે માત્ર જાગૃતિની, ક્રાન્તિની અને ક્રાન્તિ પણ દેશદાઝથી સભર, વિચારપ્રધાન, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પરંપરા પ આધારિત હોય એ આવશ્યક છે. અને આવશ્યક છે આપણા મૂર્ધન્યકાય સ્નેહરશ્મિની આ પ્રાર્થનાનું રટણ :

***''ઊછળો પ્રભો! ગૃહ ગૃહમાં***
***ભારતે નવ શક્તિ પૂર***
***પૃથિવી અંતરિક્ષે બધે,***
***નિકટ અતિ દૂર દૂર***
***હૃદય હૃદય સર્વ આજે***
***ગાજો બસ એક સૂર***
***ભ્રમિત જગમાં યોગી એ દીપ-દાંડી''***

---



# સો વાર સોચો, એક વાર બોલો

**પૂ. યશોવર્ય સૂરિશ્વરજી મ.સા.**

હાઈ કોર્ટની માતાનું નામ જાણો છો? હૉસ્પિટલની જનેતાનું નામ જાણો છો?

હાઈ કોર્ટ અને હૉસ્પિટલ બેય જોડીયા ભાઈ છે. બંનેની માતા એક છે અને તેનું નામ છે જીભ.

જેટલી જેટલી હૉસ્પિટલો, કોર્ટો, કચેરીઓ વધી છે તેને જન્મ આપનાર જીભ છે.

આહારની ભૂલે હોસ્પિટલ છે, ઉચ્ચારની ભૂલે હાઈકોર્ટ સર્જાઈ છે. મહાભારતના ભયાનક યુદ્ધનો જન્મ પણ દ્રૌપદીની જીભથી જ થયો હતો તો શીલવંતા સીતાજીનો વનવાસ જીભને જ આભારી હતો. જીભે અનેક દર્દભરી કથાઓ સર્જી છે.

પતિ બહારથી ઘેર આવ્યો. રસોઈ તૈયાર થઈ નહોતી. ગુસ્સામાં એણે કહ્યું : 'અત્યાર સુધી રસોઈ તૈયાર થઈ નથી તો ક્યાં મસાણમાં ગઈ હતી?'

પત્નીએ કહ્યું, 'મસાણમાં જાઉં તો જ તમને અને મને શાંતિ મળશે. 'તો, જાને, કોણ રોકે છે તને?' પતિનો સણસણતો જવાબ.

'રોકતું તો કોઈ નથી. આ ચાર દીકરા આડા આવે છે.'


'તે એને'ય લઈ જા.' તક ને ફડ વાત આગળ ચાલી. વાત ખૂબ વધી ગઈ. પત્ની ચારેય દીકરાને લઈ ઘર બહાર નીકળી ગઈ.' જતી પત્નીને પતિએ કહ્યું, લાકડાની વ્યવસ્થા થઈ જશે. બળતામાં પતિએ ઘી હોમ્યું અને પત્નીએ ગામ બહાર જઈ, કુવામાં એક પછી એક દીકરાને નાખી દીધા. મોટો દીકરો નાસવા ગયો તો દોડીને, પકડીને પથ્થર બાંધી એનેય નાખ્યો કૂવામાં ને પોતેય પડી કૂવામાં.પડતાં પહેલાં ઢોર ચરાવતી એક છોકરીને કહ્યું, 'અમારે ઘેર જઈને કહેજે કે લાકડા લઈને જલદી આવે.'

આ બાજુ પતિ ગુસ્સામાં છે. થોડુંક ખાધું ત્યાં તો છોકરીએ આવીને કહ્યું, 'તમને તમારી પત્નીએ લાકડા લઈને બોલાવ્યા છે.'

હજુ કંઈક વિચારે ત્યાં તો ગામમાં હો.. હા મચી ગઈ. ગામ દોડ્યું, પતિ પણ દોડયો, પોતાના પૂરા પરિવારની પાંચ પાંચ લાશ તે જોઈ ના શક્યો. બેહોશ થઈ ગયો. તેનો માળો 'બેકાબૂ જીભ'ને કારણે ઘડી બે ઘડીમાં વિખાઈ ગયો! હવે જિંદગીભર રડવાનું જ રહ્યું! ❖❖❖

# જીવનસંધ્યાએ અરુણોદય

**ગુણવંત બરવાળિયા**



**આ**કાશમાં સૂરજ અસ્તાચળે જઈ રહ્યો હોય, સંધ્યા તેના રંગો આ અવની પર પાથરી  રહી હોય, વૃક્ષ પરથી પીળું પાન નીચે ખરી પડતું હોય... જાણે આ બધાં જીવનસંધ્યાનાં પ્રતીકો લાગે છે.

સંધ્યાનો સમય આપણને પરિવર્તનનો સંદેશ આપે છે. પરિવર્તન એ પ્રકૃતિનો અફર નિયમ છે.

સંધ્યા પછી સૂર્ય અસ્ત થાય તો જ શીતળ ચાંદની મળે, પક્ષીઓ આકાશને છોડે તો જ પોતાના માળાં આવી શકે, ગાયો ગૌચરને છોડે તો જ ઘર ભણી આવી પોતાના શિશુને મળી શકે, માનવીઓ પોતાના કામ-ધંધા છોડીને ઘર તરફ પ્રયાણ કરે તો પરિવારને મળી શકે.

કાંઈક મેળવવા માટે કાંઈક છોડવું પડે. અહીં મિલન માટે વિયોગ અનિવાર્ય છે એ વાત અભિપ્રેત છે.

ઈષ્ટના વિયોગનો વિચાર માત્ર દર્દ કે પીડાજનક હોય છે જે માનવીને નિરાશા કે હતાશા તરફ લઈ જાય.

સાંજના દૃશ્યમાં થોડી ઉદાસી દેખાઈ, પરંતુ આકાશમાં સંધ્યા ખીલી હોય તે દૃશ્ય આહ્‌લાદક હોય. એમ જ આપણી જીવનસંધ્યા જો ખીલે તો આપણને એ સંધ્યામાં ઊગતું પ્રભાત અરુણોદય દૃશ્યમાન થાય અને જીવનમાં પ્રસન્નતાના સફૂલિંગો ફૂટે.

જન્મ પછીની આપણી અવસ્થા, શૈશવ, તરુણ અવસ્થા, યૌવન, પ્રૌઢ અવસ્થા અને વયસ્ક અવસ્થા. આ વયસ્ક અવસ્થા એ જીવનસંધ્યાની અવસ્થા છે. સૌપ્રથમ તો આપણે એ વિચારવાનું કે દસ દૃષ્ટાંતે દુર્લભ માનવભવ તો મળ્યો પણ સાથે સાથ આટલું લાંબું આયુષ્ય મળ્યું. વળી જીવનસંધ્યાએ ઉષાની લાલી જેવી પ્રસન્નતાવાળી ક્ષણો જીવનમાં ળે તેવી પ્રેરણા કરવાવાળા સત્પુરુષો અને ગુરુભગવંતોનો આપણને યોગ થયો તે આપણા જીવનમાં છે તે આનંદની ઘટના છે.

રાષ્ટ્રસંત પૂજ્ય નમ્રમુનિ મ.સા. સિનિયર સિટીઝનની શિબિરમાં આપણને અમૂલ્ય ચિંતનપ્રેરક માર્ગદર્શન આપતાં કહે છે, ઘડપણ એ બીજું બાળપણ છે, હંમેશાં બાળક નવું ઝંખે બાળક હંમેશાં માનો સહારો તે તેમ ઘડપણ પણ કોઈનો સહારો ઝંખે. ઘડપણ પરમાત્માનો સહારો ઝંખે છે. જેમ પરમાત્માથી વિખૂટા પડવાનો સમય બાળપણ છે તેમ પરમાત્મા સાથે જોડાઈ જવાનો સમય જીવનસંધ્યાનો સમય છે.

જીવનરસને આધારે જીવન જીવાઈ છે અને જીવનરસ સુકાઈ જતાં વ્યક્તિ સુકાઈ જાય છે. જ્યાં સુધી પ્રેમ મળે ત્યાં સુધી જીવનરસ જળવાઈ રહે, પણ જીવનમાં પ્રેમ મળવાનું બંધ થાય ત્યારે જીવનરસ સુકાઈ જાય છે. વ્યક્તિ જીવંત હોવા છતાં મરવા પડ્યો હોય તેવું લાગે છે.

પ્રેમ આપવાથી પ્રેમ મળે છે. જ્યાં પ્રેમ મળશે ત્યાં બાળક આકર્ષાશે. આપણે બાળક પાસેથી પણ નિર્દોષ પ્રેમ પામી શકીએ.

અને પરમાત્મા પાસેથી પ્રેમની અસ્ખલિત ધારા જે વ્યક્તિની ભીતર વિધેયાકતા છે, જેના અંતરમાં હકારાત્મક અભિગમ છે એટલે જેનો ઈન્ટરનલ પોઝિટીવ અપ્રોચ છે, જેને કશી ફરિયાદ નથી તે યુવાન છે. ફરિયાદી હોય તે નેગેટિવ હોય, તેનો નકારાત્મક અભિગમ હોય પરિસ્થિતિમાં માથું માર્યા કરે છે તે વૃદ્ધ છે.

જમવાના ટેબલ પર બોલાવ્યા... આવ્યા... બધું પીરસાણું... રોટલી આપવામાં વાર લાગી.

અણગમાં ઉત્પન્ન થાય, વિચાર આવે કે જોતો કેવા થાળી પર બેસાડી રાખે છે. આ છે નરાકાત્મક અભિગમ.

પણ... ના માટે માટે બે ગરમ રોટલી કદાચ રાખી હોય એટલે મોડું થતું હશે... પોઝિટીવ થિંકિંગ...

અને કદાચ મોડી આવે... ગરમ ન પણ આવે ને શાંતિથી જમી લઈએ તે સમતા જ આપણને શાંતિ આપી શકે.

પ્રત્યેક વ્યક્તિની આસપાસ ''ઓરા'' હોય છે એને ''પ્રભા'' પણ કહીએ છીએ.

કોઈ પણ વ્યક્તિ નેગેટિવ (નકારાત્મક ભાવો) થાય ત્યારે તેની આસપાસ નેગેટિવ લગેર બ્લેડ ઓરા રચાય. આ બ્લેડ ઓરા (શ્યામ પ્રભા-કૃષ્ણ લેશ્યા) શરીરના ઈન્ટરનલ કોષને પ્રાણશક્તિ આપવામાં અવરોધરૂપ છે. પ્રાણશક્તિ ન મળે એટલે કોષ મરવાના શરૂ થાય. આપણા અંદરમાંથી સતત નકારાત્મક વિચારો ફરિયાદ બનીને આવે ત્યારે આવું બને.

સતત ફરિયાદી પરમાત્માની યાદીમાં ન આવે.

જો આપણે જીવનસંધ્યાએ સૂર્યોદય, અરુણોદયને માણવો છે તો પરિસ્થિતિનો સામનો કરીએ. ઝીંક ઝીલીએ પણ પરિસ્થિતિમાં માથું ન મારીએ. આમ કરવાની જીવનની પાનખરમાં પણ

વસંતનો અનુભવ થાય.

આપણું ધાર્યું ન થાય. આપણી ઈચ્છા પ્રમાણે ન થાય એટલે આપણી ફરિયાદ શરૂ થાય.

બહેનોના ચહેરા વધુ કરમાયેલા હોય કારણકે બહેનોને એક ને એક વ્યક્તિ સાથે વધુ રહેવાનું હોય એટલે પ્રોબ્લેમ થાય... ફરિયાદ થાય... ફરિયાદ એ ઉકેલ નથી.

જ્યાં આપણું ન ચાલે ત્યાં આપણે માથું ન મારવું. આ સમયમાં ઘરમાં સાંભળવાવાળા ઘટ્યા છે. સંભળવાવાળા વધુ પડતા છે.

સંભળાવવાવાળાના ચહેરા પર વધુ કરચલી પડે છે, કારણ કે કોઈને સાંભળવામાં રસ ન હોવા છતાં બોલવાથી તેની એનર્જી વેસ્ટ થાય. કોઈ ન માને એટલે ગુસ્સો અને અણગમો ઉત્પન્ન થાય તે નેગેટિવ એનર્જીનું સર્જન કરે છે. પચાસ વર્ષ પછી નેગેટિવ એનર્જી પચાવવાની આપણી શક્તિ હોતી નથી માટે બોલવાનું ઓછું રાખીએ તો શક્તિ જાળવી રહે.

ઉંમરને કારણે અવસ્થાની અવ્યવસ્થા થવાની જ. આંખ, કાન, દાંતની તકલીફ ઉપરાંત વાત, પિત્ત, કફના અસંતુલન થવાની પીડા એ સ્વાભાવિક છે. કારણ શરીર પુદ્‌ગલનો પિંડ છે. પુદ્‌ગલનો સ્વભાવ સડન, ગલન, પડન વિગેરે છે. તે આપણે જાણીએ છીએ. દેહનો કાળે કરીને જીર્ણ થવાના સ્વભાવને આપણે સ્વીકારવો જોઈએ.

કોઈ પણ વ્યક્તિ પોતાની ઉંમર કરતાં ૧૦ વર્ષ યુવાન થઈ શકે ને દસ વર્ષ વૃદ્ધ પણ થઈ શકે.

જે શરીરની પીડાને અવગણે તેની તકલીફ અડધી થાય, જે ગણ્યા કરે તેની તકલીફ ડબલ થાય.

દુ:ખ બતાવ્યા કરે તેનું ડબલ થાય, દુ:ખ ન બતાવે તેનું અડધું થાય. આપણે આપણું દુ:ખ પીડા ગાઈએ તો વધુ દુ:ખ થાય.

ત્રણ વાર દુ:ખ, દુ:ખ, દુ:ખ બોલવાથી ચહેરા પર કરચલી પડે. ત્રણવાર હું સુખી છું, હું સુખી છું, હું સુખી છું... બોલનારનો ચહેરામાં ચમકાર આવી જશે. આપણે મન, વચન, કાયાનું પ્રોપર ડ્રાઈવિંગ કરી શક્યા નથી. સ્પીડ બ્રેકર, સિગ્નલ વગેરે આપણે જોતા નથી. આપણે જોઈએ છીએ માત્ર સ્પીડો મીટર માટે જ આપણે શોક, અકસ્માતનો ભોગ બનીએ છીએ.

બેસવું, સૂવું, ઉઠવું, મૌન રહેવું કે બોલવું એ બધાનું આપણું આપણે માટે નિરીક્ષણ કરવું જોઈએ. આપણા શબ્દો ભટકાવા ન જોઈએ.

આપણો નકારાત્મક અભિગમ આપણને અસ્વસ્થ ન કરી દે તેનું જ નિરીક્ષણ કરવાનું છે.

આજે આપણું દુ:ખ સાંભળવાવાળા કેટલા ? આપણે આપણું દુ:ખ કોઈ પ્રેમથી સાંભળ ને સહાનુભૂતિના શબ્દો કે દુ:ખમુક્તિના ઉપાયના માત્ર શબ્દો કહે તો પણ આપણું દુ:ખ અડધું થાય. જેથી દુ:ખ એને જ કહેવું જેનાથી આપણું દુ:ખ અડધું થાય, તેને ન કહેવું જેનાથી દુ:ખ બમણું થાય.

પરમાત્મા સમક્ષ દુ:ખ કહેવાથી તે સાંભળશે, તે રીએક્શન પણ નહીં આપે. તેથી આ કથન પ્રાર્થના બની જશે અને આપણે હળવા થઈશું.

ઘરના સભ્યો વચ્ચે સંઘર્ષ કેમ થાય... છત એક છે, લાગણીની અછત છે. આમ નજીક રહીએ છીએ છતાં દૂર રહીએ. આ અંતર ઘટાડી શકાય.

આપણને એમ લાગે કે અમને કોઈ પૂછતું નથી. આપણે ભૂતકાળ યાદ કરીએ. પાસ્ટમાં કેટલાય નાના પ્રસંગોમાં પણ આપણે વડીલને પૂછતા. હવે આપણને તો પૂછ્યા વગર ઘણા મોટા નિર્ણયો ઘમાં લેવાય છે.

**આ બાબતનો સમાધાનકારી ઉપાય માત્ર એ છે કે -**

- માગ્યા વિના સલાહ ન આપ્યા કરવી.
- આપણે આપણાં સંતાનોને કદાચ એવા સંસ્કાર નથી આપ્યા કે તે સતત આપણને પૂછે.
- વર્તમાન વિશ્વના વેવ્વઝ એવા છે કે તેરમે વર્ષે તો બાળક પુખ્ત બની જાય.

આપણા બાળકો હાઈ-ટેક અને બુદ્ધિશાળી છે. વ્યક્તિ નથી બદલાણી, વિશ્વ બદલાણું છે. આપણે બાળક જેવા નિર્દોષ બની જઈએ. નિર્દોષથાથી સામંજસ્ય રચાશે. નિર્દોષ ચહેરા પર પ્રસન્નતાની લાલી પ્રસરશે.

જે હસતું હોય તે બાળક કહેવાય. તબીયત કે ઉપેક્ષાને કારણે વયસ્ક રડી પડે પણ મોટા ભાગનાં આંસુ બહાર જ ન આવે. જે ઘરમાં વયસ્ક વડીલ રડતો હોય અને યુવાન હસતો હોય તે ઘર આદર્શ નથી, પણ જે ઘરમાં વડીલ હસતા હોય અને યુવાન વિચારતો હોય તે ઘર આદર્શ છે.

વડીલ માટે મૌનનું મહાત્મ્ય ઘણું છે. મૌન રહે તે મનથી યુવાન બને. મૌન સાધનાથી સાધકમાં વચનસિદ્ધિ પ્રગટે છે. અવસ્થાની વ્યવસ્થાને સુધારવાનો શ્રેષ્ઠ ઉપાય મૌન છે. મૌન એટલે માથું ન મારવું. જે બે હોઠને જોડેલા રાખે તે પાંચ-સાતને જોડેલા રાખી શકે. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની વ્યાખ્યા સમજવા જેવી છે. પાસે રહીને દૂર રહેવાનું નથી, પરંતુ સંજોગ આધિન દૂર રહેવું પડે તો પણ દૂર રહીને પાસે રહેવું એટલે સંયુક્ત કુટુંબ.

હું વડીલ છુ તો પણ મારે બધાને માન આપવું. મારે નાનાઓને પણ માન આપવું. સૌના કામને, નાની સફળતાને પણ એપ્રીસીએટ કરવી. પરિવારની નાની વ્યક્તિની નાની સફળતા વખતે પણ પહેલા તો વાહ ! બહુ સરસ બોલવું, પછી જરૂર પડે તો નાની અને અત્યંત ટૂંકી સલાહ આપવી.

મોઢામાં દુઝણી ગાય મૂકવાથી માખણ આપણા મુખમાં જરૂર આવશે. જીભ કોમળ, સ્નિગ્ધ અને મધુર બનશે.

જેનો પ્રકૃષ્ટ પુણ્યનો ઉદય હોય તેને સતત શાતા મળે, પણ એવું ઓછું બને.

શરીરરૂપી મશીન ખૂબ વપરાય એટલે કીચૂડ....કીચૂડ કરે. મશીનને ઓઈલિંગ કરવાથી મશીન ઘસાય પણ કીચૂડ અવાજ ન આવે. આપણે અવસ્થાનું ઓઈલિંગ કરવું છે જેથી સંબંધોમાં કચકચ ન થાય. સંબંધોની કચકચ મટાડવા જીભ પર ઘી લગાડવું પડે. કડવી જીભ હોય તો તેના પર ઘી લગાડી મીઠાશ લાવવી પડે. કોઈને પણ ઉતારી પાડતી કોમેન્ટ નહીં. સામેવાળાની ખામી નહીં પણ ખૂબીની વાત કરીશું.

ઘરની વયસ્ક સ્ત્રીએ ઘરના જૂડાની ચાવી યથાયોગ્ય સમયે પુત્રવધૂને સોંપી નિશ્ચિંત થવું અને વડીલ ધંધાની પેઢીની ચાવી યથાયોગ્ય સમયે પુત્રને સોંપી નિશ્ચિંત થવું તે જ આદર્શ અને સત્ય છે.

નિયમિતતાથી સ્વસ્થતા વધે. આપણે આપણા સ્વાસ્થ્યની કાળજી રાખીએ. માત્ર ભૂતકાળમાં ડુબેલા ન રહીએ. વર્તમાનમાં જીવવાનો પુરષાર્થ કરીએ. સુખ-દુઃખ એ જીવનની ઘટમાળ છે. દુઃખોને સહીને હસી કાઢતા શીખીએ. દુઃખોને હસવાથી દુઃખોનો ભાગાકાર થાય છે.

ધ્યાન, પ્રાણાયામ, મોર્નિંગ વૉક કે ઈવનિંગ વૉક માટે થોડો સમય કાઢીએ. સત્ સાહિત્યનો સ્વાધ્યાય, દેવદર્શન અને સત્સંગ આપણી જીવનસંધ્યાએ અરુણોદયની અનુભૂતિ કરાવશે.

❖❖❖



# બે મિત્રો - દોસ્તી અને ક્ષમા

**એ**ક ગામમાં બે મિત્રો રહેતા હતા. રામુ અને શ્યામુ. તે ખૂબ જ પાકા મિત્રો હતો. જ્યાં જાય ત્યાં સાથે જ રહેતા. એક દિવસ બંને મળીને કશું કરવાનો વિચાર કર્યો. બંને ચાલતા ચાલતા ઘણા દૂર નીકળી ગયા. અચાનક રસ્તામાં એક રણ આવી ગયું. ચારે બાજુ રેતી જ રેતી હતી. ચાલતા-ચાલતા તે બંને વાતો પણ કરી રહ્યા હતા. અચાનક જ બંને વચ્ચે કોઈ વાતે બોલચાલ થઈ ગઈ. અને રામુએ ગુસ્સામાં શામુને એક તમાચો મારી દીધો. શ્યામુએ લાફો ખાઈ તો લીધો પણ તેને મનમાં ઘણું દુઃખ થયું. તે રામુને કશું ના બોલ્યો. અને એક જગ્યાએ રોકાઈને તેણે રેતી પર લખ્યું 'આજે મારા મિત્રએ મને ગાલ પર લાફો માર્યો.'

પછી બંને ચાલવા માંડયા, ત્યાં સુધી ચાલતા રહ્યા જ્યાં સુધી તેમને પાણી ન દેખાયું, બંને રસ્તામાં એકબીજા સાથે કશું પણ બોલ્યા નહી અને પાણીમાં ઉતરીને નહાવા લાગ્યા. શામુ પાણીમાં ઉડે ઉતરી ગયો હતો, અને થોડી વાર પછી ડૂબવા માંડ્યો. 'બચાવો બચાવો' ના અવાજથી રામુનું ધ્યાન ખેંચાયું, તે તરત જ શ્યામુને બચાવવા તેની તરફ કૂદી પડ્યો.

શ્યામુને પકડીને ખેંચ્યો અને કિનારા પર લાવ્યો. તેના પેટમાંથી પાણી કાઢી અને મોઢા વડે શ્વાસ પણ આપ્યો. શ્યામુને થોડીવાર પછી હોશ આવી ગયો. તે ઉઠીને બેસી ગયો પછી તે એક મોટા પથ્થર પાસે ગયો અને તેના પર એક પત્થર વડે લખ્યું 'આજે મારા પ્રિય રામુએ મારો જીવ બચાવ્યો.'

ત્યારે રામુથી રહેવાયું નહી. તેને શ્યામુને પૂછ્યું જ્યારે મેં તને લાફો માર્યો, ત્યારે તે રેતી ઉપર લખ્યું હતું અને હવે જ્યારે મેં તારો જીવ બચાવ્યો ત્યારે તે પત્થર પર લખ્યું આવું કેમ ?

શ્યામુએ જવાબ આપ્યો - જ્યારે કોઈ વ્યક્તિ તમને દુઃખી કરે ત્યારે તે વાતને રેતી ઉપર લખી નાખવી જોઈએ, જેથી ક્ષમાને હવાથી એ મટી જાય, પણ જ્યારે કોઈ તમારા માટે કોઈ સારું કામ કરે તો તેને પત્થર પર લખી દેવું જોઈએ, જેથી કોઈ આંધી કે વાવાઝોડું તેને ભૂસી ન શકે, અને તને હંમેશા તેને યાદ રાખો. શ્યામુની વાત સાંભળી રામુની આંખો ભરાઈ ગઈ. તે પોતાના મિત્ર શ્યામુને ભેટી પડયો.

❖❖❖



# બાપુ ! શેરીના નાકે આવજો !

ગામમાં જ સાસરિયે રહેતી દીકરીનો ફોન આવ્યો, 'બાપુ ! તમને મળવાનું બહુ મન થાય છે. સાંજે શેરીના નાકે ઊભા રહેજો. હું આવીશ.'

બાપને ધ્રાસકો પડ્યો. બોલી ઊઠ્યો, 'શેરીના નાકે કેમ ? ઘેર આવ ને ?'

'ના બાપુ ! હું શેરીમાં સાજે મળીશ. જરૂર આવજો.'

બપોરે શિરાવીને રોજ અડધો કલાક મીઠી નીંદર માણતા બાપની ઊંઘ હરામ થઈ. વામકુક્ષી માટે પથારીમાં પડેલ બાપ પડખાં ફેરવે છે. પત્ની પૂછે છે, 'કેમ આલાવીલા થાવ છો ? ઊંઘ નથી આવતી ?'

'એ... તો અમસ્તું જ.'

જેમતેમ સાંજ પડી. બાપ શેરીના નાકે જઈ ઊભો રહ્યો. દીકરી આવી. બાપને મળી. બાપે થડકતા હૃદયે કહ્યું, 'બેટા ! ઘેર ચાલ. મને અહીં કાં બોલાવ્યો ?'

'કાંઈ નહીં બાપુ ! તમે મળવાની બહુ ઈચ્છા હતી. મારી બાને યાદી આપજો. હવે હું જાઉં છું.'

દીકરી સડસડાટ ચાલી ગઈ. બાપ જોતો રહ્યો. શેરીના નાકે મળીને દીકરી ચાલી ગઈ હતી એ વાત પત્નીને કેમ કરવી ? રાત્રે પડખાં ફેરવતાં વિચાર કરે છે.

'દીકરીને શું માઠું લાગ્યું હશે ? એ ઘેર કેમ ના આવી ?' મગજ ચકરાવે ચઢ્યું. રાત્રે દસ વાગ્યે ફોન જોડ્યો. સામે છેડે દીકરી હતી.

'બેટા ! તું ઘેર કેમ ન આવી ? મને ચિંતા થાય છે.'

'બાપુ ! કાંઈ નથી. આ તો તમને મળવાની બહુ ઈચ્છા થઈને એટલે બોલાવ્યા હતા.'

'તે ઘરે આવી હોત તો તારી બાને પણ મળી લેવાત ને... ?'

'બાપુ ! હું ઘરે... મારાં સાસુ આવ્યાં... ફોન મૂકું છું... પછી ફોન કરીશ...'

અને દીકરીએ ફોન મૂકી દીધો. બાપને કાળજે કારી ઘા વાગ્યો.

'આ છોડીને શું ઓછું આવ્યું તે બાપને આંગણે આવી નહીં હોય ?'

ઊંઘ વેરણ બની. સાસરે બેઠેલ દીકરીની ચિંતા કેવી હોય એ તો જે દીકરીનો બાપ હોય એ જ જાણી શકે. સવાર પડતાં જ બાપ દીકરીના ઘેર ગયો. વેવાઈ-વેવાણ કામનું બહાનું કાઢીને આઘાં-પાછાં થઈ ગયાં. બાપે ઉતાવળથી પૂછ્યું.

'બેટા ! મને કહે, તું ઘેર કેમ ન આવી ? તારાં ભાઈ-ભાભીએ કાંઈ કહ્યું નથી ને ?'

ગભરું દીકરી આઘુંપાછું જોયા કરે. બોલી, 'બાપુજી ! હમણાં મારા સાસુ... એમ કરો... કાલે હું આવીશ. શેરીના નાકે તમે આવજો.'

'શેરીના નાકે કેમ ? ઘરે...'

'બાપુ ! તમે ચિંતા ન કરો. ધરપત રાખો. કાલે સાંજે શેરીના નાકે...'

કાળજાના કટકાની વિવશતા જોઈ બાપ વધુ પૂછી ન શક્યો.

બીજે દિવસે દીકરી મળવા આવી. શેરીના નાકે. બાપની ધીરજ છૂટી ગઈ. સહસા બોલી ઊઠ્યો,

'બેટા ! તું ઘેર કેમ નથી આવતી. અમારાથી કાંઈ...'

'ના બાપુ ! હું મરું... તમારું કાંઈ નથી પણ...'

'પણ શું ?'

'બાપુ ! મારી ચિંતા ન કરશો. કહેવા જેવી વાત નથી. આ તો અમસ્તુ...'

'તને મારા સમ ન કહે તો...'

દડદડ આંસુ સાથે દીકરી ખુલાસો કરે છે, 'મારાં સાસુએ માનતા આપી છે. મને સંતાન ના રહે ત્યાં સુધી મારે પિયરના ઘરનું પાણી... તમારે આંગણે નહીં આવવાનું...'

'કુટુંબના ભૂવાએ માનતા આપી છે. મારા સાસુએ મનાઈ કરી છે. બાપુ ! હું તમારે ઘેર નહીં આવી શકું. આ વખતે આવું ત્યારે મારી બાને પણ શેરીના નાકે...'

બાપની નજર ચૂકવી દીકરી પાછી ફરી.

હજુ ગઈ કાલે ઘટેલી આ ઘટના છે. થોડા દિવસો બાદ એક ઘટના ઘટી.

હું બેસણામાં ગયો. માથું પછાડતા બાપે આક્રંદ કરી મૂક્યું, 'બલદેવભાઈ, મારો જ વાંક છે. પેટ સંતાન ન હોવાથી સાસુનાં મેણા-ટોણાંની વાત મને મળી હતી. પણ મેં કાને ન ધર્યું. બાપના આંગણાની મનાઈ ફરમાવી ત્યારેય હું અબુધ ન જાગ્યો. મૂંઝાયેલી મારી ફૂલ જેવી દીકરીએ ગળે ફાંસો ખાધો ! મારો જ વાંક છે...

'મારે એને અહીં બોલાવી લેવાની જરૂર હતી. ગમે તેવો ત્રાસ હોય તોયે ડાહી દીકરી એના મોઢે થોડી કહે કે મારે માવતરે આવવું છે. હું ન જાગ્યો. એ નાગણ મારી દીકરીને ભરખી ગઈ... હું બાપ તરીકેની ફરજ ચૂક્યો...'

સાસુના ત્રાસ અને મેણા-ટોણાંથી ત્રાસીને ખુદકૂશી કરનાર વહુનો ભરથાર વળી પોક મૂકીને દુનિયાને બતાવતો હતો, 'અરે રે ! હું નોધારો બની ગયો !'

**સૌજન્ય : નારી ચાલીસા - બળદેવભાઈ ઓઝા**

❖❖❖



# અગરબત્તી જેવું જીવન

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ગુજરાતી સાહિત્યના મૂલ્યનિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ'એ એમના જીવનમાં અનેક સંઘર્ષો અને આપત્તિઓનો હિંમતભેર સામનો કર્યો. એમના જીવનમાં એમણે કરેલા બે મહાસંકલ્પોમાં એક હતો જીવનભર નોકરી નહીં કરવી અને સરસ્વતીની આરાધનાથી જે કંઈ મળે, તેમાં આનંદ પામવો. એમનો બીજો સંકલ્પ હતો કે કોઈ પ્યાલો હાથમાં પકડીને પાણી પીવડાવે અને પોતે પાણી પીતા હોય તેટલીય લાચારી મૃત્યુ સમયે જોઈએ નહીં. આ બે વિરલ સંકલ્પોનું સ્મરણ પુત્ર તરીકે સદાય મારા ચિત્તમાં વસી ગયું. એ શબ્દરૂપે અહીં વ્યક્ત કરું છું.

સૌરાષ્ટ્રના વીંછીયા ગામમાં જન્મેલા સાયલાના વતની 'જયભિખ્ખુ' હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરીને વધુ અભ્યાસાર્થે દેશ-વિદેશમાં જૈનદર્શન પ્રચાર-પ્રસાર કરી શકે એવા તેજસ્વી પંડિતો તૈયાર કરવાન નેમ સાથે ગ્વાલિયર પાસે શિવપુરીનાં ઘનઘોર જંગલોની વચ્ચે આવેલા જૈન ગુરુકુળમાં અભ્યાસ કરતા હતા. અહીં શિવપુરી ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવી એમણે પ્રાપ્ત કરી અને એ પછી કોલકાતા સંસ્કૃત એસોસિયેશનની 'ન્યાયતીર્થ'ની પદવી મેળવવાનો વિચાર કર્યો. એ સમયે 'ન્યાયતીર્થ'ની પરીક્ષા કોલકાતા શહેરમાં લેવાતી હતી. આથી શિવપુરીથી કોલકાતા સુધી વિદ્વાન સાધુ-મહારાજોની સાથે જયભિખ્ખુએ પગપાળા પ્રવાસ ખેડ્યો અને પરીક્ષા આપવા માટે કોલકાતાની કેનિંગ સ્ટ્રીટમાં ઊતર્યા.

આ પ્રવાસમાં સાધુ-મહારાજો સાથે હોવાથી સ્વાધ્યાય સતત ચાલતો હતો અને આપોઆપ સત્સંગ થતો જામતો હતો. બીજી બાજુ ઘનઘોર જંગલોની વચ્ચેથી પસાર થતાં યુવાન જયભિખ્ખુનો પ્રકૃતિપ્રેમ રોમાંચિત થઈ ઊઠતો. ઉજ્જડ ખેતરોને છેડે આવેલી ક્ષિતિજને એકીટસે નિહાળતા હતા. રસ્તામાં આવતી ઘૂઘવતી નદીઓના ઘૂઘવાટને સાંભળીને થોડી વાર થંભીને પ્રકૃતિસંગીત માણતા તો પર્વત પરથી કલકલ નાદે રૂમઝૂમ વહેતા ઝરણાનું મીઠું ગીત સાંભળવા ઊભા રહી જતા. આ પ્રવાસમાં ચોર, ધાડપાડું અને બહારવટિયાઆએનો ભેટો થયો અને જંગલી પ્રાણીઓનો સામનો કરવાનો પણ વખત આવ્યો.

પ્રકૃતિપ્રેમી જયભિખ્ખુનં ચિત્ત તો પગપાળા પ્રવાસની સઘળી આપત્તિઓ વીસરીને કુદરતની કળામય લીલા જોવામાં તલ્લીન બની ગયું. ક્યારેક ઘનઘોર જંગલો વચ્ચેથી પસાર થતા પોતાના પ્રિય ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'માં આવતાં જંગલોના વર્ણનનું સ્મરણ થતું. તો ક્યારેક વળી કોઈ ગાંધીવિચાર ચિત્તમાં જાગતો અને ઘેરી વળતો. પારાવર આપત્તિઓ વેઠીને જયભિખ્ખુ કોલકાતા પહોંચ્યા અને અહીં આવીને એમણે 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપવા માટે તૈયારી કરવા માંડી. આને માટેની પૂર્વ તૈયારીઓ તો શિવપુરીના ગુરુકુળમાં કરી હતી, આથી હવે તો માત્ર પરીક્ષા પૂર્વે કરેલા અભ્યાસને આખરી ઓપ આપવાનો હતો.

આ સમયે ભાવિ જીવનના નકશા માટે એમના ચિત્તમાં એક પ્રકારની ગડમથલ ચાલતી હતી. હવે અભ્યાસ પૂર્ણ થવા આવ્યો હતો અને આજીવિકા માટે વાસ્તવ જગતના અને જીવનમા ચોકમાં ઊભા રહેવાની વેળા આવી હતી. ધર્મદર્શનના અભ્યાસે વ્યક્તિગત જીવનમાં સાત્ત્વિકતાની સુખડગંધી સુવાસ આપી હતી. હવે એ સુવાસની મહેક કર્તવ્યના માર્ગે વેરવાની હતી. વળી સ્થિતિ પણ એવી અનિવાર્ય હતી કે હવે જિંદગીમાં કોઈ ને કોઈ માર્ગ પસંદ કરવો જ પડે. એમના ચિત્તમાં કેટકેટલાય વિચારો જાગી ઊઠ્યા.

પહેલો વિચાર તો એ આવ્યો કે જે હેતુપ્રધાન શિક્ષણ લીધું, એના હેતુને સાર્થક કરવો. પરંતુ મન આને માટે બહુ ઉત્સુક નહોતું. ગુરુકુળના વાતાવરણમાં પાછલાં વર્ષોમાં એમના જીવને બહુ ગોઠતું નહોતું. વૈચારિક લક્ષ્મણરેખાઓ એમના મુક્ત મિજાજને રોકતી અને રૂંધતી હતી, પરંતુ એથીય વિશેષ ગંભીર-દાર્શનિક વિષયોની વિચારધારાનું ચિંતન કરવાને બદલે યુવાન જયભિખ્ખુને માનવસ્વભાવની વિવિધરંગી છટાઓ જોવી, જાણવી, માણવી અને શબ્દરૂપે આલેખવી વધુ ગમતી હતી. મનમાં થયું કે કવિ નર્મદની જેમ કલમને ખોળે માથું મૂકી દઉં તો કેવું ?

આ વિચારની વિરુદ્ધ બંડ પોકારતાં એમનું મન બોલી ઊઠતું કે પાછો ઉત્તર

ગુજરાતના વરસોડા ગામમાં જાઉં અને રાજની નોકરીમાં જોડાઈ જાઉં. પિતાની પ્રતિષ્ઠા ઘણી ઊંચી હતી, આથી નોકરી મેળવવાનું મુશ્કેલ નહોતું. પોતાની આસપાસના જૈન સમાજમાં જયભિખ્ખુએ જોયું હતું કે બધા અભ્યાસ પૂર્ણ કરીને અંતે તો કોઈ ને કોઈ વેપારમાં જોડાતા હતા. વૈશ્યપુત્ર સહેલાઈથી વેપાર તરફ ખેંચાય. વળી કુટુંબની રાખ-રખાપત જાળવવા માટે સારી એવી આવકની જરૂર હતી અને એના માટે વેપાર એ જ એકમાર્ગી રસ્તો હતો. મનમાં લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે દ્વંદ્વ જાગ્યું. એક બાજુ આજીવિકા અને જવાબદારી એમને લક્ષ્મીપ્રાપ્તિ ભણી ખેંચતી હતી, તો બીજી બાજુ સાહિત્યની સૃષ્ટિ અને હૃદયનો આનંદ એમને સરસ્વતી ઉપાસના પ્રત્યે આકર્ષતા હતા. તીવ્ર વિચારવલોણું ચાલવા લાગ્યું.

થોડો સમય એમ પણ થયું કે ગુરુકુળના શિક્ષણને કારણે પાઠશાળાના માસ્તર બનવાની તક હાથવગી છે. ક્યાંક માસ્તર બનીને બેસી જાઉં! ન કોઈ ઝંઝટ, ન કશી દોડાદોડી. સાવ સાદું જીવન, પણ યુવાન અને સાહસિક જયભિખ્ખુને આવું જીવન તો સહેજે પસંદ નહોતું.

આવા સંકલ્પ-વિકલ્પો વચ્ચે ઝૂલતા એમના મન સમક્ષ પોતાના આદર્શમૂર્તિ 'સરસ્વતીચંદ્ર'ના મહાન સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની છબી ખડી થઈ. ગોવર્ધનરામે કરેલા ત્રણ સંકલ્પોનું સ્મરણ થયું. યુવાન ગોવર્ધનરામે પ્રથમ સંકલ્પ એ કર્યો હતો કે એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો. બીજો સંકલ્પ હતો કે લગભગ ચાલીસમાં વર્ષે નિવૃત્ત થઈને બાકીની જિંદગી સાહિત્યની સેવામાં અને સાહિત્ય દ્વારા જનસેવામાં ગુજારવી.

બસ, એ મહાન સર્જકના સંકલ્પો યુવાન જયભિખ્ખુના ચિત્તમાં ઘૂમવા લાગ્યા. એમને લાગ્યું કે જેમની અમર સાધનામાંથી વિચરોનું અને આદર્શોનું અક્ષયપાત્ર મળ્યું છે. તેને આચરણમાં મૂકવાનો સમય આવી ચૂક્યો છે. નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞાને કારણે ગોવર્ધનરામને પાછલી જિંદગીમાં આર્થિક સંકડાશ અનુભવવી પડી હતી, પણ એની એમણે ક્યાં કદી પરવા કરી હતી. એમણે તો નિર્ધાર પ્રમાણે મુંબઈ ધીકતી કમાણી આપતી વકીલાત છોડી દીધી હતી. ઊંચા પગારે કચ્છના દીવાન થવાની દરખાસ્તનો અસ્વીકાર કર્યો હતો અને નડિયાદમાં આવીને તેઓ સાહિત્યોપાસનામાં ડૂબી ગયા. જયભિખ્ખુના ચિત્તમાં સરસ્વતીચંદ્રની વિદ્યાપરાયણતા જાગી ઊઠી અને પોતાના આદર્શની માફક મા શારદાની સેવા-ઉપાસના કરી હવેનું જીવન ગાળવાનો દઢ નિર્ધાર કર્યો.

આજીવિકા માટેનાં બીજાં આકર્ષણો ધ્યેયચલિત ન કરે તે માટે એમણે કેટલાક સંકલ્પો કર્યા. પહેલો સંકલ્પ એ કર્યો કે ક્યારેય નોકરી કરવી નહિ, નોકરીને કારણે ભલભલી વ્યક્તિઓના થતા સ્વમાનભંગને એમણે જોયા હતા. વળી સરસ્વતીનો ભેખ લેવો હોય તો પૂરેપૂરો લઈ જાણવો. નોકરીની જળોજથામાંથી મુક્ત રહેવું. ગોવર્ધનરામે આવું જ કર્યું હતું ને! આમ આ સંકલ્પ કરીને લક્ષ્મીના આકર્ષણનો એમણે યુવાનીના ઉંબરે જ ત્યાગ કર્યો. એમના પિતા વીરચંદભાઈ બાહોશ અને દીર્ઘદ્રષ્ટા હતા. લાકરોડા અને વરસોડાના નાના દરબારના કારભારી તરીકે સ્વતંત્ર રીતે કામગીરી કરતા હતા. બુદ્ધિપ્રતિભા એવી તેજસ્વી કે સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં વીરચંદભાઈ પાસે અદાલતના વકીલો એમની કાયદાકીય સલાહ લેવા આવતા તેમ જ એ પ્રમાણે કેસ લડીને જીત મેળવતા હતા.

પિતાની પાસે સંપત્તિ હતી, કુટુંબમાં સંપ હતો, વ્યવહાર બધા વહાલપના થતા હતા, પરંતુ એ જળવાઈ રહે એ માટે યુવાન જયભિખ્ખુએ આવો સંકલ્પ કર્યો. યુવાન જયભિખ્ખુનું સ્વમાની મન બોલી ઊઠ્યું કે જેમ નોકરી કરવી નથી, એ રીતે પૈતૃક સંપત્તિ લેવી નથી અને પુત્રને આપવી નથી. જીવનમાં સ્વમાનભેર જીવવા માટે સ્વાવલંબન જરૂરી છે.

વળી વિચાર્યું કે હવે તો કલમને આશરે જ જીવવું છે, આપકમાઈ અને જાતમહેનતથી આજીવિકા રળવાની તમન્ના એમના દિલમાં હતી. 'તું તારો દીવો થા' એ સૂત્ર એમનું જીવનસૂત્ર બની રહ્યું હતું. વળી લગ્ન થઈ ચૂક્યાં હતાં. એમના શિરે ગર-ગૃહસ્થીની જવાબદારી પણ હતી. ક્યાંક આર્થિક જરૂરિયાતને કારણે મિત્રની સાથે કે એની ઑફિસમાં થોડું લેખનકાર્ય પણ કર્યું. આ નિર્ણયો જયભિખ્ખુના ખમીરની કસોટી કરે એવા હતા, પરંતુ એમાં એમણે એમના જીવનનો પ્રાણ રેડ્યો. આમેય સ્વમાન, સાહસ, સાહિત્યકાર બનવાની તમન્ના મૂળથી જ તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલી હતી. આથી અંતે ઓછી અને અનિશ્ચિત આવકવાળી લેખકની સ્વતંત્ર કામગીરી પસંદ કરી!

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે ઓછું-વધતું આપે તેનાથી જીવનનિર્વાહ કરવાનો દઢ સંકલ્પ કર્યો, તે વર્ષ હતું ઈ.સ. ૧૯૩૩નું. આ સમયે તેઓ અમદાવાદ આવીને સ્થાયી થવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એલિસબ્રિજ વિસ્તારની વી. એસ. હૉસ્પિટલની નજીક આવેલા માદલપુરના

પટેલના માઢમાં ભાડેથી મકાન લીધું. માદલપુરના બે ખંડવાળા અને ગારના લીંપણવાળા ઘરમાં ઘરસંસાર શરૂ કર્યો.

પોતાનો આ સમયનો અનુભવ વર્ણવતા જયભિખ્ખુ કહેતા, 'ઊખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું, તેને ઉછેરતાં કાળી કસોટી થઈ, પણ અંતે તેના પર ફૂલ આવ્યાં, એની સુગંધથી મન મહેકી રહ્યું ને લાંબે ગાળે એનાં સુસ્વાદુ ફળ પણ મળ્યાં.''

જયભિખ્ખુએ કલમ હાથમાં લીધી અને હૃદયમાંથી આપોઆપ પ્રેરણા જાગી. કિશોરવયમાં એમને લેખનની પ્રેરણા એક બહેન પાસેથી સાંપડી હતી. પોતાની આસપાસના સામાજિક પરિવેશમાં નજરે જોયેલું નારી-શોષણ અને એની વેદનાઓ એમની કલમમાંથી શબ્દરૂપે પ્રગટ થવા માંડી. બીજી બાજુ ગુરુકુળના દોસ્ત પઠાણખાન શાહઝરીને સાહસ અને ઝિંદાદિલનો જે રસકટોરો પાયો હતો, એ અંગત અનુભવો રૂપે પ્રગટવા લાગ્યો.

સર્જક 'જયભિખ્ખુ'એ જીવનભર પોતાના સંકલ્પોનું પાલન કર્યું. ૨૪મી ડિસેમ્બર ૧૯૬૯ના દિવસે ફ્લુને કારણે શરીર બેચેન હતું. જીવનમાં એમની બે ઈચ્છા વારંવાર વ્યક્ત કરતા હતા. એક તો એ કે જિંદગીના અંતે પણ કોઈ પાણી પાય ને મારે પીવું પડે તેવું ઓશિયાળાપણું ન જોઈએ. પિતાની સમૃદ્ધિમાંથી એક પાઈ પણ ન લેનાર અને વેપારને ખોળે માથું મૂકીને જીવતા સમાજમાં કલમને ખોળે માથું મૂકીને ખુમારી અને સ્વમાનથી જીવનાર જયભિખ્ખુને મૃત્યુ વેળાએ કોઈ લાચારી ખપતી નહોતી.

એમનું શરીર રોગનું ઘર બન્યું હતું. છેલ્લાં પંદર વર્ષથી જ ડાયાબિટીસ હોવા છતાં મોજથી મીઠાઈ ખાધી ને ખવડાવી હતી. પિસ્તાળીસથી વધુ વર્ષથી આંખો નબળી હતી. દસ વર્ષથી બ્લડપ્રેશર રહેતું હતું. છેલ્લાં બે વર્ષથી આંખો નબળી હતી. દસ વર્ષથી બ્લડપ્રેશર રહેતું હતું. છેલ્લાં બે વર્ષથી કીડની પર પણ થોડી અસર થઈ હતી. પગે સોજા રહે, ક્યારેક કબજિયાત કે કફ થઈ આવે. આમ છતાં ઈચ્છાશક્તિના બળે આનંદવિભોર જીવન વ્યતીત કરતા હતા. પોતાની રોજનીશીમાં રોગોની લાંબી સૂચિ આપીને લખે છે :

'મનમાં ખૂબ મોજ છે, જિંદગી જીવવાની રીતે જિવાય છે.'

'જિંદગી જાત્રા જેવી, રાજા-મહારાજા જેવી, શ્રીમંત-શાહુકાર જેવી ગઈ છે પાછળ તો હસતે મોઢે રહેવું.'

પોતાના વિદાય-સંદેશનું અંતિમ વાક્ય છે, 'સહુએ અગરબતી જેવું જીવન જીવવું.'

જયભિખ્ખુના જીવનની બીજી ઈચ્છા એ હતી કે, એમનું મૃત્યુ એવું થાય કે એમના મિત્રોને લાગે કે આ એકાએક શું બની ગયું ? તેઓ પોતાના નજીકના મિત્રોને કહેતા કે, 'મારું મૃત્યુ એવું થવાનું છે કે તમને બીજા દિવસે છાપા દ્વારા જ એની જાણ થશે.'

૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરનો સૂર્ય અસ્તાચળ તરફ ગતિ કરતો હતો. સાંજના સાડાચાર વાગે પોતાનું કામ પૂરું કરી પલંગ પર સૂતા. એકસો બે ડિગ્રી તાવ હતો. એમણે કૉફી પીવાની ઈચ્છા કરી. કૉફી આપતાં મારાં માતુશ્રીએ કહ્યું, 'લાવો, હું તમને પિવડાવું.' એમણે ના પાડી. કોઈનોય ટેકો લીધા વિના જાતે જ કપમાંથી રકાબીમાં કૉફી કાઢી ને પીધી. પથારીમાં સૂતા કે હાર્ટએટૅકનો ગંભીર હુમલો આવ્યો અને થોડીક ક્ષણોમાં તો વિદાય લઈ લીધી.

જીવનભર મોતની પરવા કર્યા વિના જીવનારા આ સર્જકે મોતને પણ મિત્ર બનાવી દીધું. જીવવાની શૈલીના અને મૃત્યુની રીતના બંને સંકલ્પો સર્જક 'જયભિખ્ખુ'એ સિદ્ધ કર્યા.

## ઈશ્વરની અસીમ શક્તિમાં વિશ્વાસ

**શ્રી યોગેશ્વરજી**

ઈશ્વરની અસીમ શક્તિમાં તમને વિશ્વાસ છે કે નહિ એ મુદ્દો ખાસ મહત્વનો છે. જો એની શક્તિમાં તમને વિશ્વાસ હશે, તો તમારું કામ સરળ થઈ રહેશે. આધ્યાત્મિક જીવનમાં એવો જાગ્રત અખંડ અથવા અચળ વિશ્વાસ મહામૂલ્યવાન કડીરૂપ થઈ પડશે. એ પ્રેરણા આપશે ને શક્તિસંચાર કરશે. તમને થશે કે એક મહાન શક્તિની મીટ તમારા પર સદાયે મંડાયેલી છે અને એ તમને મદદ કરવા તૈયાર છે. એ તમને હંમેશા જુએ છે. સાંભળે છે. તથા માર્ગદર્શન આપે છે. સુખ અને દુ:ખની, મહેફીલની અને મુસીબતની બધી જ પળોમાં એ તમારી પાસે છે. એની આગળ તમે તમારા હૃદયને રજૂ કરી શકો છો અને એની મદદ પણ મેળવી શકો છો તમને ખાતરી થશે કે જીવનના આ જટિલ પ્રવાસમાં તમે સાવ એકલા નથી. પરંતુ એ મહાશક્તિનો તમને સાથ છે અને એવો સાથ છે જેનો કદી પણ અંત આવે એમ નથી.

પછી તમારું જીવન સહેતુક કે સાર્થક થઈ રહેશે. તમે યંત્રની પેઠે, જીવવાને ખાતર કે કોઈ પણ જાતના ધ્યેય વિના નિરર્થક નહીં જીવો. તમારા શ્વાસપ્રશ્વાસ કિંમતી બનશે ને તમારું શરીરધારણ સફળ થયેલું લાગશે. એ શક્તિની વધારે ને વધારે પાસે પહોંચવા અથવા એ શક્તિ સાથે સીધો સંબંધ બાંધીને એને ઓળખવા કે એનો અપરોક્ષ અનુભવ કરવા માટે તમે કોશિશ કરશો. અને એવી રીતે જીવનને ધન્ય બનાવશો.

એ શક્તિમાં કેવળ બૌદ્ધિક વિશ્વાસ નહીં ચાલે. એથી વિશેષ હેતુ નહિ સરે. એ વિશ્વાસ હૃદયના ઊંડામનો જોઈશે. તો જ તે જરૂરી લાભ પહોંચાડી શકશે એ યાદ રાખો.

# સોનાના પલંગમાં નિદ્રાનો કાટમાળ

**સુરેશ દલાલ**

દિવસ અને રાત વધુ ને વધુ કાળાં થતાં જાય છે.

બાળક જન્મે છે ત્યારે મોટા ભાગનાં મા-બાપ બાળકનું નામ ચીલાચાલુ ન હોય, કશુંક નવું, કશુંક અપૂર્વ અને અનન્ય હોય એવો આગ્રહ-દુરાગ્રહ રાખે છે. નામમાં જેટલો આગ્રહ રાખે છે એટલો બાળકના ઉછેરમાં કોઈ જુદા પ્રકારનો દૃષ્ટિકોણ રાખતાં નથી.

મોટે ભાગે તમામ બાળકો એક જ ઘરેડમાં ઊછરતાં હોય છે. બાળક જન્મે એટલે તંદુરસ્તીની ચિંતા હોય અને શાળાપ્રવેશની ચિંતા હોય. બાળકને પણ મન હોય છે એ પણ એના અમુક પ્રકારનાં સંસ્કારો લઈને જન્મ્યું હોય છે એ વાત સહેલાઈથી ભુલાઈ જતી હોય છે. મોટાં મોટાં શહેરમાં તો બાળક જન્મે એટલે એને પ્લેગ્રુપમાં મૂકી દે. જે બે ચાર કલાક છૂટ્યા એવી ગુપ્ત ભાવના હોય છે. બાળક બીજાં બાળકોને મળે એ સારી વસ્તુ છે. એ માવડિયો ન થઈ જાય એ પણ સારી વાત છે, પણ છુટકારાનો ભાવ અંગત સ્વાર્થમાંથી જન્મ્યો હોય છે. અમુક જ શાળામાં પોતાનું બાળક ભણે એવો આગ્રહ રાખનાર મા-બાપ શાળામાં મૂક્યા પછી ભાગ્યે જ એના શિક્ષણમાં રસ લે છે. શાળાનો સંબંધ લેવા-મૂકવા પૂરતો જ હોય છે.

પ્રત્યેક માબાપને એમ હોય છે બાળક ભણે, ગણે, પરણે, સમાજમાં કોઈ મહત્ત્વનું સ્થાન સિદ્ધ કરે અને પોતાનું ને માબાપનું નામ ઉજાળે. બધાં જ બાળકો વિશિષ્ટ થતાં નથી. મોટા ભાગનાં બાળકો ડિગ્રીઓ મેળવીને સામાન્ય જીવન જીવતાં હોય છે. નોકરી-ધંધે લાગતાં હોય છે. એ લોકો પણ પરણે છે ને એનો સંસાર વિકસતો જાય છે.

બહુ ઓછાં મા-બાપ સાહસિક હોય છે. બાળકને જુદી રીતે કેમ ભણાવાય એની ચિંતા ને ચિંતન કરતાં હોય છે. આવા માબાપ ઘરમાં અલાયદું વાતાવરણ ઊભું કરે છે. શાળા ભલે શાળાનું કામ કરે, પણ બાળકની મૂળ શાળા તો ઘરથી જ પ્રારંભ પામે છે. જો જાણે કે બાળકને સંગીતમાં રસ છે. નાટ્યકલામાં રસ છે તો એને માટે એની સામગ્રી, ખાસ શિક્ષકો અને વાતાવરણ ઊભું કરે છે.

મોટા ભાગની શાળાઓમાંથી બહાર પડતાં વિદ્યાર્થીઓ રેડીમેડ ગાર્મેન્ટ જેવા છે. બધાંને એમ છે કે બાળકો મોટાં થઈને સમાજની જે કોઈ રચના હોય એમાં ફિટ થવાં જોઈએ. જે સમાજમાં ફિટ નથી થતાં એ મિસફિટ તરીકે ઓળખાય છે. આવા જુદા પડી આવતા વિદ્યાર્થીઓ માટે સમાજ પૂરેપૂરો સજાગ નથી હોતો. એ એને સ્વીકારવાને તૈયાર નથી. સમાજનું આ એક વિરાટ યંત્ર છે. એમાં તમારે નાના કે મોટા કે મહત્ત્વના સ્ક્રૂ થઈને ફિટ થવાનું અને એ રીતે સમાજે ઊભી કરેલી ધન્યતાને સ્વીકારવાની.

અત્યારના મોટા ભાગના જુવાનિયાઓને એક જ રસ છે. ઓછા કામે સહેલાઈથી મળતા વધુ પડતા પૈસાની. જીવવા માટે જેટલું જોઈએ એના કરતાં હજાર ગણું હોય તોપણ એને સંતોષ નથી. એને ચાલવામાં રસ નથી. દોડવામાં રસ છે. એને લડવામાં રસ નથી, મોટી છલાંગ મારવામાં પણ રસ નથી, એને ઊડવામાં રસ છે. આ ઊડવા માટે એ કંઈ પણ કરે છે. મોટા ફ્લૅટ, અનેક ગાડીઓ, રોજ થતી પાર્ટીઓ, એક ઍરપૉર્ટથી બીજા ઍરપૉર્ટ પર, બીજાથી ત્રીજા ઍરપોર્ટ પર. એક એવી વિચિત્ર સમજણ સાથે ઊછરે છે કે જ્યાં સ્વાર્થ હોય ત્યાં જ સંબંધ હોય. બે સફળ માણસો નથી મળતા. બે સફળ ગજવાંઓ મળે છે. મોટી મોટી બૅલેન્સશીટો મળે છે. કેટલા કરોડનું ટર્નઓવર છે એના આંકડાઓ મળે છે. સમય હોય કે ન હોય, પણ કઈ કઈ મોટી ક્લબોમાં મેમ્બર છે એના મેમ્બર્સ મળે છે. માણસો મળતા નથી, પણ વ્હિસ્કી, સોડા અને ડિનર મળે છે. મોટી મોટી પાર્ટીઓમાં મુખવટા સાથેના દંભી અને સ્વાર્થી માણસો મળે છે. કોની કેટલી વગ છે અને કોની કેટલી પહોંચ છે એવી વાતોના ફુવારા ઊડ્યા કરે છે. કોને બાટલીમાં ઉતારવો અને કોને બાટલીમાં બંધબેસતો કરવો એની આયોજનાઓ એકત્રિત થાય છે. આમ કરતાં કરતાં માણસ સમયનો માલિક નહીં, સમયનો ગુલામ થઈ જાય છે. એની પાસે પોતા પૂરતો કે પોતાના કુટુંબ પૂરતો સમય નથી.

રજનીશજીનું એક દૃષ્ટાંત યાદ આવે છે. એક રાજા હતો એની પાસે અદ્‌ભુત સોનાનો પલંગ, બીજો કોઈ રાજા મહેમાન તરીકે આવે તો એને એ પલંગમાં સૂવાનું. પલંગની સાઈઝ પાંચ ફૂટ પાંચ ઈંટ. આ રાજા લાંબો હોય તો એને ફિટ કરવા માટે કાં તો એના પગ કાપવામાં આવે, કાં તો એનું માથું. જો ટૂંકો હોય તો એના પગને માથાને એવી તે ખેંચવામાં આવે કે છેવટે એ લાશ થઈને જ બહાર આવે. આ બધું કામ રાજાના પહેલવાનો કરે. આમ સમાજની રચના આવા સોનાના પલંગ જેવી છે. તમારે એ પલંગમાં ફિટ થવાનું છે.

દરેક સમાજ પાસે આવા પલંગ જેવાં ચોકઠાંઓ હોય છે. સંતો પણ પોતાના ધરમના ચોકઠામાં માણસોને ફિટ કરે છે. અર્થશાસ્ત્રીઓ પણ આવાં તૈયાર ચોકઠાંઓ આપે છે. સોનાના પલંગનું પ્રતીક સૂચક છે. પલંગ સોનાનો હોય છે, પણ નિદ્રા લોખંડની હોય છે અને સપનાંનું સ્થાન ઓથાર લઈ લે છે. દિવસ અને રાત, મહિના અને વરસો કૅલેન્ડરની બહાર કૂદી પડીને વધુ ને વધુ કાળાં થતાં જાય છે.

❖❖❖

## સંસ્થા સમાચાર

### બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળ તરફથી શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાને ખુબ ખુબ અભિનંદન અને અનુમોદના !



તારીખ ૨ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ મીરાંબેન શાહની ઊંધિયા પાર્ટીમાં ઝાલાવાડી મહિલા મંડળના ૧૩ કેન્દ્ર ના તમામ પ્રમુખો અને કમિટી સભ્યોની ઉપસ્થિતિમાં પ્રિયાબેનના આ દર્શનિય કાર્ય માટે તેમનું ખૂબ જ હાર્દિક બહુમાન કરવામાં આવ્યું.

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાએ ૩૧ લાખ રૂપિયાના વ્યાજમાંથી દરેક કેન્દ્ર તેના સમૂહ સમાયિક અને નવરાત્રિ જેવા કાર્યક્રમોમાં ઉપયોગ કરી શકે.

બધા મંડળના પ્રમુખોએ તેમને માળા પહેરાવી અને ચાંદીની લગડી ભેટમાં આપી તેમનો આભાર વ્યક્ત કર્યો. સમારંભ દરમ્યાન સૌએ તેમની પ્રતિભા અને ઉદારહૃદયતાના પ્રશંસક બની, ભવિષ્યમાં પણ તેઓ આ રીતે તમામ કેન્દ્રોની બહેનોને પ્રોત્સાહિત કરતા રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી.

આ પ્રસંગે સૌએ પ્રિયાબેનના યોગદાન માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેમને ઉમંગભર્યા આનંદ સાથે અભિનંદન આપ્યું.

## સાઉથ મુંબઈ કેન્દ્ર: આ વર્ષનો અહેવાલ

સાઉથ મુંબઈ કેન્દ્ર દર વર્ષે નવરાત્રિ પ્રોગ્રામને ભવ્યતા અને ઉત્સાહથી ઉજવે છે, પણ આ વર્ષના પ્રોગ્રામમાં નવીનતાનો ખાસ સ્પર્શ હતો. મેમ્બર્સની ઈચ્છાને ધ્યાનમાં રાખીને, ૧૯મી ડિસેમ્બરે હિંદૂ જીમખાનામાં એક વિશિષ્ટ મ્યુઝિકલ અને મનોરંજનથી ભરેલો કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં દરેક કેન્દ્રના પ્રમુખશ્રી અને એક મેમ્બર માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમ જ સૌમ્ય હૃદયથી સૌ આવનારા બધાજ મેમ્બર્સને સાઉથ મુંબઈ કેન્દ્ર તરફથી સુંદર ભેટ પણ આપવામાં આવી.

મુંબઈ કેન્દ્રના પ્રમુખશ્રી મીરાંબેન શાહ અને તેમની સમર્પિત કમિટી મેમ્બર્સે આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે વિશેષ પ્રયત્ન કર્યા હતા, પ્રોફેશનલ મ્યુઝિકલ હાઉસીના રમાડવાવાળા સાથે મેમ્બર્સને આનંદદાયક રમતગમત અને મનોરંજનની મઝા કરાવવામાં આવી હતી. ચટપટા વ્યંજનોની વ્યવસ્થા એ દિવસની મીઠાશ વધારી હતી.

આ પ્રસંગે સાઉથ મુંબઈ કેન્દ્ર વતી શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાનું વિશેષ રીતે બહુમાન કરવામાં આવ્યું હતું , જે તેમની ઉદારતા અને યોગદાન માટે પ્રેરણાસ્ત્રોત છે.

કમિટીના સભ્યો દ્વારા એકસરખા ડ્રેસ પહેરીને પ્રસ્તુતિને વધુ આકર્ષક બનાવવામાં આવી હતી, જે આ કાર્યક્રમના રંગને ચાર ચાંદ લગાવી ગયા. મેમ્બર્સ માટે આ વર્ષનો અંત આ ભવ્ય કાર્યક્રમ સાથે આનંદદાયક અને યાદગાર બની રહ્યો.

આમ સાઉથ મુંબઈ કેન્દ્રએ આ વર્ષને ખુશી અને યાદગાર પળો સાથે પૂર્ણ કર્યું.

❖❖❖


**નવા વરસ ફેબ્રુઆરી ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૧-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**કુલ ૭ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

# ''પ્રેમ માણસને સાજો કરે છે''



પ્રિય મિત્રો, આજે એક પ્રેમકહાની મુકું છું. પ્રેમ માણસને કેવી રીતે સાજો કરે છે એની સત્યકથા છે.

આપણે મંદિરના, મસ્જીદના અને ચર્ચના પગથિયાં ઘસી નાંખીએ છીએ ઈશ્વરની શોધમાં, જ્યારે ઈશ્વર તમારામાં જ બેઠો છે. બીજાને નુકશાન કરવાં કરતા પ્રેમથી આપણે બાજી મારી શકીએ.

ફ્લોરીડામાં રહેતી ચેલીને ઘરે એની મમ્મી ફિલીપીનથી આવી. મા દીકરીને ઘરે આવી ખુશી ખુશી. પણ આ ખુશી લાંબી ના ચાલી.

મા મેરીની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ. ચેલી એમને હોસ્પિટલ લઈ ગઈ. ડોક્ટરે થોડાં ટેસ્ટ કર્યાને ચેલીને કહ્યું માને બ્રેસ્ટ કેન્સર છે. અને થર્ડ સ્ટેજમાં છે મા પાસે બે થી ત્રણ મહિના છે જીવનનાં. મા દીકરી ચોધાર આંસુએ રડી પડયા.

મેરી ૮૦ વરસની સ્ત્રી છે. ૨૦ વરસ પહેલા વિધવા થયેલી મેરી એકલી ફિલીપીનમાં રહેતી હતી. એના પહેલા પતિથી ક્યારેય એને પ્રેમ મળ્યો ન હતો. હડધૂત જીંદગી જીવી પતિ સાથે ૨૨ વરસે લગ્ન થયાં. આ લગ્નથી એને એક દીકરી થઈ ચેલી. જે અમેરિકા આવી ગઈ. મેરીએ પોતાનાં પતિ સાથે ૩૮ વરસ પ્રેમ વગર કાઢયા. પ્રેમનું પુષ્પ હંમેશ માટે પાણીના સિંચન વગર કરમાયેલું રહ્યું. સાચો પ્રેમ કોને કહેવાય મેરીને ખબર જ ન હતી. અને હવે આ કેન્સરની બિમારી!! દુ:ખ એની કિસ્મતમાં લખેલું હતું.

મેરીનું રૂટીન હતું દર રવિવારે ચર્ચમાં જવાનું. એ દિવસે પણ એ ચર્ચમાં ગઈ. જિંદગી માટે ઈશ્વરનો આભાર માન્યો અને પાછી વળતી હતી ને એને જેમ્સ મળ્યો.

લગભગ ૮૫ વરસનો જેમ્સ તંદુરસ્ત દેખાતો હતો. સાથે સાથે ચાલતા જેમ્સએ જાણી લીધું કે મેરીને કેન્સર છે અને ૨ થી ૩ મહિનાની મહેમાન છે. બન્નેએ મોડે સુધઈ વાત કરી. મેરી ઘરે આવી. જેમ્સમાં એક નકારી ન શકાય એવું આકર્ષણ હતું. મેરી રાતે પણ એના વિચાર કરતી સુઈ ગઈ. પણ પછી જાણે કેમ આવતા રવિવારની રાહ જોવા લાગી. રવિવાર આવ્યો.

મેરી ચર્ચમાં દાખલ થઈ. આંખો જેમ્સને શોધવા લાગી. જેમ્સને જોતા એનાં ચહેરા ઉપર રોનક આવી ગઈ. ફરી બન્ને સાથે બેઠાં વાતો કરી અને ખબર નહીં કેમ જેમ્સએ પૂછયું. ''મેરી મારે મુવી જોવા જવાનું છે તારે આવવું છે'' મેરીમાં ના પાડવાની તાકાત જ ન હતી. આમ બન્ને કોઈને કોઈ બહાને મળવા લાગ્યાં. ક્યારેક મેરીને હોસ્પિટલ લઈ જાય તો ક્યારેક ફાર્મસીમાં.

બન્ને એકબીજાને ચાહવા લાગ્યાં. એક દિવસ બન્ને પાર્કમાં બેઠાં હતા. સામે સુંદર ફુલો ગીતાના અધ્યાયોની જેમ ગોઠવાયેલા હતા. પાણીનો ફુવારો ચર્ચના ઘંટ જેવો અવાજ કરી રહ્યો હતો. વાતાવરણમાં પ્રેમ હતો.

જેમ્સે મેરીનો કરચલીઓ વાળો હાથ મુલાયમ રીતે પકડીને પૂછયું : ''મેરી મારી સાથે લગ્ન કરીશ ?'' મેરી સ્તબ્ધ થઈ આ વાક્ય સાંભળી રહી. મેરી કહે : ''જેમ્સ, તને ખબર છે કે હું બે-ત્રણ મહિનાની મહેમાન છું. તારી સાથે લગ્ન કરીને તને દુ:ખી કરું ?''

જેમ્સએ એનાં સુંવાળા મીઠાં અવાજમાં કહ્યું : ''મેરી આ બે-ત્રણ મહિના મારી જિંદગીના સૌથી વધારે પ્રેમમય અને સુખમય હશે. તું મને આ સુખ નહીં આપે ?

મેરીની આંખોમાંથી શ્રાવણ ભાદરવો શરૂ થઈ ગયો. મેરી જિંદગીભરથી આ પ્રેમની રાહ જ જોતી હતી. આજે ઈશ્વરે એના દામનમાં મુકી દીધો જ્યારે એ જિંદગીના આખરી પડાવ પર હતી. ના કેવી રીતે પાડે ?

ચેલી ખુશ હતી કે મને કોઈ સાચા હૃદયથી ચાહવાવાળુ મળ્યું. સાદાઈથી ચર્ચમાં લગ્ન થઈ ગયા. બન્ને દસ દિવસ ફરી આવ્યા. મેરી ખુશ હતી. જેમ્સ મેરીને હોસ્પિટલ ચેકઅપ માટે લઈ ગયો. જેમ્સ રૂમની બહાર સજળ આંખે બેઠો હતો. થોડીવારમાં ડોક્ટર બહાર આવ્યાં.

જેમ્સની સામે જોઈને બોલ્યા : ''મિસ્ટર જેમ્સ તમે મેરીના...?'' જેમ્સ એકદમ ડોક્ટરને અટકાવીને બોલ્યો : ''હું મેરીનો પતિ છું''

ડોક્ટરે કહે, ''મારે તમને એક સારાં સમાચાર આપવાના છે. મેરી પહેલીવાર હોસ્પિટલમાં આવી અને મેં એને કહ્યું હતું કે એનું કેન્સર થર્ડ સ્ટેજમાં છે અને બે-ત્રણ મહિનાથી વધારે જીવશે નહીં.

પણ હવે જ્યારે હું એને ચેક કરું છું તો એ સારી રીતે ક્યોર થઈ રહી છે. ઈલાજ ચાલુ રાખો. મે ગોડ બ્લેસ હર.

જેમ્સ ખુશીથી પાગલ થઈ ગયો અને રૂમમાં ધસી ગયો. મેરીને પોતાની મજબુત બાહોમાં લઈ લીધી. આ વાતને અઢી વરસ થયાં. મેરી અને જેમ્સ બન્ને ફ્લોરિડા હજી છે અને પોતાનું જીવન પ્રેમથી અને ખુશીઓથી વધારી રહ્યા છે.

LOVE HEALS જોયુંને દોસ્તો પ્રેમ કેન્સરને પણ સાજુ કરી શકે છે!!

❖❖❖

# અવિશ્વાસને બદલે વિશ્વાસથી જીવવું

મોહમ્મદ માંકડ

**મા**ણસ સમાજમાં જીવે છે, છતાં સ્વભાવે તે વ્યક્તિવાદી છે. પોતાની ઈચ્છા પ્રમાણે જીવવા તે સતત કોશિશ કર્યા કરે છે, પરંતુ સમાજ વિના તે જીવી શકતો નથી. એટલે કે, તેને પોતાના કરતાં જુદા સ્વભાવના, જુદા વિચારના, જુદા મિજાજના માણસો સાથે જીવવું પડે છે. આ રીતે જીવવાથી નાનાં મોટા ઘર્ષણો ઊભા થાય છે અને પરિણામે માણસનું જીવન દુ:ખી બને છે. એવા ઘર્ષણો નિવારવા હોય તો હળીમળીને જીવતાં માણસે શીખવું જોઈએ. તુલસીદાસજી કહે છે,

*તુલસી યહ સંસાર મેં*
*ભાંતિ ભાંતિ કે લોગ;*
*સબસે હિલમિલ ચાલીયે,*
*નદી-નાવ સંજોગ.*

નદીનાં પાણી ઘૂમરી ખાય, વમળો રચે, પછડાય, વળાંકો લે, પરંતુ નાવ એને કશું કરી શકે નહિ; નાવને તો પાણીનો ખ્યાલ રાખીને જ ચાલવાનું હોય અને નાવ એનાથી રિસાઈ પણ શકે નહિ, કારણ કે પાણી વિના એનું કોઈ જીવન જ હોઈ શકે નહિ. પાણી સાથે જ અને પાણીમાં જ એને જીવવાનું હોય છે. માણસને પણ સમાજમાં જ રહેવાનું છે. બીજા માણસો સાથે રહીને જ જીવવાનું છે. બધા જ કાંઈ એની ઈચ્છા મુજબ વર્તે નહિ કે એનો ખ્યાલ રાખીને ચાલે નહિ. એણે પોતે જ એનો ખ્યાલ રાખવો જોઈએ. સંપૂર્ણ સંઘર્ષ વિના જીવવાનું કદાચ શક્ય ન બને, પરંતુ બીજા સાથેના વ્યવહારમાં જો કેટલીક મહત્ત્વની બાબતોની ખ્યાલ રાખવામાં આવે તો મોટા ભાગનાં ઘર્ષણોથી બચી શકાય અને એથી બીજાને તો ઠીક, પરંતુ આપણને પોતાને ચોક્કસ ફાયદો થાય. આવી મહત્ત્વની બાબતો ત્રણ છે. બીજા સાથેના વ્યવહારમાં જો આપણે એનો ખ્યાલ રાખીએ તો એથી આપણું જીવન ઓછા ઉત્પાતવાળું અને વધારે સુખ-શાંતિવાળું બની શકે.

(૧) ખોટી ધારણાઓ ન બાંધવી અને અવિશ્વાસના બદલે વિશ્વાસથી જીવવું.

(૨) અપેક્ષાઓ ઓછી રાખવી.

ઉપરની ત્રણ બાબતો બીજા સાથેના વ્યવહારમાં ઘણી જ ઉપયોગી છે. માણસ પણ એક પ્રાણી છે અને તેના સ્વભાવમાં અવિશ્વાસ અને વિશ્વાસ બંને એક સાથે રહેલા છે. દરેક પ્રાણીને પોતાનું જતન કરવાનું હોય છે. એટલે તે સતત સાવચેત રહે છે. કોઈ ઉપર પૂરો વિશ્વાસ મૂકતું નથી. માણસ પણ બીજા સાથેના વ્યવહારમાં શંકા અને અવિશ્વાસથી જ વિચારવાનું શરૂ કરે છે. એટલું જ નહિ, તેની કલ્પનાશક્તિનો ખૂબ વિકાસ થયો હોવાથી નાની નાની વાતમાં પણ તે મોટી શંકાઓ કરે છે અને એવી શંકાથી પોતે જ પીડાય છે.

આપણા મોટા ભાગનાં ઘર્ષણો બીજા લોકો વિશે આપણે બાંધેલી ધારણાઓ અને અવિશ્વાસમાંથી જ જન્મ્યાં હોય છે. પરંતુ ઘણી વાર આપણે ધારતા હોઈએ એવું કશું જ ખરેખર અસ્તિત્વ ધરાવતું હોતું નથી. ઘણાં વખત પહેલાં મેં એક વાર્તા લખી હતી. એમાં અંધારામાં જતો એક માણસ પોતાની પાછળ આવતા બીજા એક માણસ વિશે એવું ધારે છે કે એ ગુંડો છે. એનાથી બચવા એ ઝડપથી ભાગે છે. પરંતુ પાછળવાળો માણસ અંધારાથી અને ગુંડાઓથી ડરતો હોય છે અને આગળવાળાનો સંગાથ ઝંખતો હોય છે. એટલે પણ પોતાની ઝડપ વધારે છે. જીવનમાં આવું અવારનવાર બને છે. આપણે જેમને ખરાબ માનીને તરછોડતા હોઈએ એ લોકો કાં તો લાચાર સ્થિતિમાં હોય છે અથવા તો આપણને એવી જ રીતે ખરાબ માનતા હોય છે.

એક માણસને એક વાર એક અગત્યની મિટીંગમાં પહોંચતા મોડું થઈ ગયું. રસ્તામાં એ વિચારવા લાગ્યો, સાહેબ કહેશે, 'મિસ્ટર, તમે કાયમ મોડા પડો છો.'

'સાહેબ, આજે જ મોડું થયું છે.'

'ગઈ મિટિંગમાં પણ તમે મોડા હતા.'

'હું તો સમયસર હતો સાહેબ, આપ વહેલા હતા.'

'બહાના ન કાઢો. હું આવું એ પહેલાં તમારે આવી જવું જોઈએ. સમજ્યા ?'

'એવી કોઈ કાયદો છે, સાહેબ ?'

'એટલે ? તમે મને કાયદો ભણાવો છો ?'

'તમારે ભણવું જ હોય તો હું શું કરું ? તમે જો મારી સાથે કાયદાની વાત કરશો તો હું પણ એ જ ભાષામાં વાત કરીશ.'

'તો તમારે સહન કરવું પડશે.'

'તમારાથી થાય તે કરી લેજો. ઓછા ન ઊતરશો.' આમ વિચારતો વિચારતો એ મિટિંગના સ્થળે પહોંચ્યા ત્યારે કલાર્કે તેને કહ્યું : 'સાહેબને એક અગત્યનું કામ આવી ગયું છે આથી એ થોડા મોડા આવશે.'

'હું પણ એને દેખાડી દઈશ !' વિચારમાં ને વિચારમાં એ બોલી ગયો.

'ક્લાર્ક એના સામે તાકી રહ્યો, 'કોને દેખાડી દેવાની વાત કરો છો ?'

'સોરી, એણે કહ્યું, હું બીજા વિચારમાં હતો.'

કેટલી બધી વાર આપણે આવી રીતે વિચારોની કુસ્તી કરતા હોઈએ છીએ !

કલ્પનાના કેવાં મોટાં દંગલો રચતા હોઈએ છીએ ? વાસ્તવિકતા ઘણી વાર એટલી ખરાબ નથી હોતી.

આસિફે કહ્યું, 'પણ હું તો એકવીસ લાખ આપવા માગું છું !' માણસ જો થોડીક ધીરજ રાખે, બીજાના દૃષ્ટિબિંદુને સમજે, બીજાની વાત સાંભળે. માત્ર પોતાની કલ્પનાના ઘટાટોપમાં જ ન અટવાઈ જાય તો ઘણી ગેરસમજો નિવારી શકાય.

વિનોબાના બચપણની એક વાત છે. વિનોબાના બા ખૂબ જ ધાર્મિક અને સાત્વિક વૃત્તિના હતા. એમના પડોશમાં મા વિનાના નાનાં બાળકો રહેતાં હતાં. વિનોબાના માતાજી દરરોજ એ બાળકો માટે રસોઈ કરવા એમના ઘર જતાં. એક વાર વિનોબા કહે, 'બા, તું થોડો તો ભેદભાવ રાખે જ છે. પહેલાં તું અમારા માટે રસોઈ કરે છે અને પછી તું પેલાં બાળકો મોટ રસોઈ કરવા જાય છે. તને અમે વધારે વહાલા છીએ.'


માતાજી હસીને કહે : 'વિનિયા તારી સમજ બરાબર નથી. એ બાળકો મા વિનાના છે. તમારા માટે હું વહેલા રસોઈ કરી લઉં છું, કારણકે, તમે ઠંડી થઈ ગયેલી રસોઈ ખાઓ તો વાંધો નહિ, પમ એમને મા નથી. એમને રોજ ગરમગરમ કોણ ખવડાવે ? એટલે એમનો સ્કૂલે જવાનો સમય થાય ત્યારે ગરમગરમ જમીને જઈ શકે એટલા માટે હું ત્યાં મોડી જાઉં છું.' 'જીવનમાં કેટલા બધાં ક્ષેત્રોમાં આપણે ખોટી કલ્પનાઓ કરીએ છીએ. કેટલા બધા પ્રશ્નો ખોટી રીતે વિચારીએ છીએ. કેટલી નકામી ગરમી અને નકામા ઝેરનો ભોગ બનીએ છીએ.

આવી હીણી કલ્પનાઓ કરતી વખતે મોટા ભાગે આપણે ફુલાતા હોઈએ છીએ કે સામી વ્યક્તિ વિશે આપણે કેટલું બધું કલ્પી શકીએ છીએ અથવા તો કેટલું સચોટ જાણી શકીએ છીએ ! અને પછી આપણી અમુક કલ્પનાઓ કરેલી, કેટલા મિત્રો વિશે, કેટલા સંબંધીઓ કે પાડોશીઓ વિશે કેવી ખોટું આપણે ધારી લીધેલું એનો આપણે ભાગ્યે જ વિચાર કરીએ છીએ. આપણી આવી જૂઠી કલ્પનાઓ અને ધારણાઓને કારણે કેટલા કોટુંબિક સંબંધો, કેટલી મૈત્રીઓ, કેટલા સ્નેહસંબંધો તૂટી જાય છે તેનો આપણે ક્યારેય વિચાર કરતા નથી. માણસ-માણસ વચ્ચેના વ્યવહારમાં ખોટી કલ્પનાઓ કે ધારણાઓ કરવાને બદલે સીધેસીધું પૂછી લેવું કે સીધેસીધી રીતે પ્રશ્નોનો સામનો કરવો તે વધુ સલામત હોય છે. પડોશીઓ વિશે એકલા એકલા મૂંઝાવા કરતાં જે કંઈ વાત હોય તેની ચર્ચા કરીને ફેંસલો કરી નાખવો. કુટુંબમાં કશુંક અસાધારણ જોવા મળે તો કલ્પના કે ધારણા કરવા કરતાં સંબંધકર્તા વ્યક્તિ સાથે વાતચીત કરી લેવી. પતિ-પત્ની, સંતાનો અને માતા-પિતાની બાબતમાં ધારણાઓનો આશરો લેવાને બદલે ખુલ્લા દિલે વાતો કરી લેવી, કોઈ મિત્રનું વિચિત્ર વર્તન જોવા મળે તો તેનો તાગ લેવા માટે શેરલોક હોમ્સ બનવાના બદલે મિત્રને જ પૂછી લેવું વધારે ફાયદાકારક અને વધારે દુરુસ્ત છે.

આમ, માનવસમાજમાં જો આપમે એકબીજા પાસેથી અપેક્ષાઓ ઓછી રાખીએ, બીજા માણસો જેવા હોય તેવા તેમને સ્વીકારીને અને અવિસ્વાસના બદલે માણસો ઉપર વિશ્વાસ મૂકીને જીવતાં શીખીએ, તો એથી આપણાં સુખ-શાંતિમાં વધારો થાય અને આ નાનકડું જીવન ઘર્ષણ, વલોપાત, કજિયા અને હાયવોયના બદલે સુખશાંતિમાં વીતે એવું કોણ ન ઈચ્છે ?

❖❖❖

## તમારી વાત પર વિશ્વાસ ન મુકાઈ



ન્યાયમૂર્તિ છગને સાક્ષી મગનને એક કેસ દરમ્યાન પૂછ્યું, 'તમે બંદૂકની ગોળી છૂટતી જોઈ હતી ?'

'ના સાહેબ.' મગને કહ્યું.

'તો પછી તમે કઈ રીતે કહી શકો કે તમે ગોળી છૂટતી જોયેલી ?' જજે છગને પૂછ્યું.

'સાહેબ, મેં અવાજ સાંભળેલો,' મગને જવાબ આપ્યો.

'એ ન ચાલે,' જજે છગને કહ્યું, 'તમારી સાક્ષી વિશ્વાસપાત્ર ન ગણાય... જાવ...'

મગન જજની વાત સાંભળીને મોં ફેરવીને જોસથી ખડખડાટ હસ્યો એટલે જજે છગને કહ્યું, 'આ રીતે કોટમાં કેમ હસ્યા ?'

'સાહેબ,' મગન બોલ્યો, 'તમે મને હસતા જોયેલો ?'

છગન કહે, 'ના ફક્ત હસવાનો અવાજ જ સાંભળ્યો.'

'બસ તો,' મગને કહ્યું, 'તમારી વાત પર વિશ્વાસ ન મુકાઈ.'



# ગોવાનો આકર્ષક ધોધ–દૂધસાગર ધોધ

દૂધ જેવા સફેદ પાણીનો વિશાળ જળરાશિ ખૂબ ઊંચાઈએથી ધોધરૂપે પડતો હોય, એ દ્રશ્ય કેટલું બધુ સરસ લાગે ! જાણે કે દૂધનો સાગર જ જોઈ લો ! ગોવાની નજીક આવેલો દૂધસાગર ધોધ એટલે તો દૂધસાગરના નામે ઓળખાય છે. તે, ખડકોના ખાંચામાં વારંવાર અથડાઈને, ખુબ ઉંચાઈએથી અને ઝડપથી પડતો હોવાથી તેનાં પાણી દૂધ જેવાં લાગે છે.

આ ધોધ ગોવાના સંગુએમ જિલ્લામાં પણજી શહેરથી માત્ર ૬૦ કી.મી. દુર ગાઢ જંગલોમાં આવેલો છે. માંડોવી નદી અહીં ધોધરૂપે પડી, આગળ વહીને ગોવા આગળ અરબી સમુદ્રને મળે છે. ધોધ ૬૦૬ મીટર (૨૦૦૦ ફૂટ) ઊંચાઈએથી પડે છે. નીચે ઉભા રહીને ઉપર નજર કરો તો એમ લાગે છે કે જાણે આકાશમાંથી ધોધ પડી રહ્યો છે ! દુનિયાના સો ઉંચા ધોધમાં દૂધસાગરની ગણતરી થાય છે. ધોધની લગભગ અડધી ઉંચાઈએ, પૂનાથી અર્નાકુલમ જતી રેલ્વે લાઈન પસાર થાય છે. ખડકો પર પીલરો ઉભા કરીને આ રેલ્વે લાઈન નાખેલી છે. અહીં ટ્રેનમાં બેસીને જતા હો ત્યારે ચાલુ ટ્રેને ધોધનો અદ્ભૂત નજારો જોવા મળે છે. ધોધની સરેરાશ પહોળાઈ ૩૦ મીટર છે.

અહીં ગાઢ જંગલોને લીધે ધોધની સુંદરતામાં ઓર વધારો થાય છે. ચોમાસામાં પાણી વધુ હોય ત્યારે તો ધોધ ખૂબ જ મનોહર લાગે છે. સવારમાં સૂર્યનાં સોનેરી કિરણો પડે ત્યારે ધોધ તારલાઓની જેમ ચમકે છે. ચોમાસામાં ધોધ જોવા ઢગલાબંધ લોકો અહીં ઉમટી પડે છે.

દૂધસાગર ધોધ જવા માટે કોલેમ રેલ્વે સ્ટેશનથી જવાનું વધુ અનુકૂળ રહે છે. ગોવાના મડગાંવ સ્ટેશનથી ટ્રેનમાં ૪૫ મિનિટમાં કોલેમ પહોંચી જવાય છે. કોલેમથી ધોધ ૧૦ કી.મી. દૂર છે. અહીંથી ધોધ સુધી જવા માટે જીપો મળે છે. આ રસ્તો જંગલો, ઝરણાં અને નાની નદીઓમાં થઈને પસાર થાય છે. આ વિસ્તાર જોવાની બહુ જ મજા આવે છે. જો કે ચોમાસામાં નદીઓમાં પાણી વધવાને કારણે આ રસ્તો બંધ થઈ જાય છે. ફરી તે ઓક્ટોબરમાં ખુલે છે. જીપમાંથી ઉતરીને ૧ કી.મી. જેટલું ચાલીને ધોધના તળિયા આગળ પહોંચાય છે. ઉપરથી પડતો ધોધ અહીં એક મોટું તળાવ સર્જે છે. અહીં તળાવમાં નહાવાની ભૂલ તો કરવી જ નહિ. ડૂબી જવાનું ભારોભાર જોખમ છે. કોલેમથી જીપ કરીને આવ્યા હોઈએ તો જીપનો ડ્રાઈવર બે કલાક જેટલું રોકાય, રાહ જુએ પછી એ જીપમાં કોલેમ પાછા.

કોલેમથી આગળ જતાં ટ્રેન દૂધસાગર સ્ટેશને પણ સહેજ થોભે છે. અહીંથી ધોધ માત્ર ૧૦૦ મીટર જ દૂર છે. ખાવાપીવાનું લઈને આવવાનું, કારણ કે દૂધસાગર સ્ટેશને કે ધોધની નજીક કાંઈ મળતું નથી અહીં રેલ્વે લાઈનની આજુબાજુના વિસ્તારમાં ફરીને, બે ત્રણ કલાકમાં તો બધુ જોઈ લઈ શકાય અને પછી સાંજની ટ્રેનમાં પાછા વળી શકાય. દૂધસાગર સ્ટેશનથી ટ્રેન, કેસલરોક, ટીનાઈઘાટ અને લોન્ડા થઈને બેલગામ કે હુબલી તરફ જાય છે. કેસલરોકથી પણ ધોધ જોવા આવી શકાય છે.

પણજી કે મડગાંવથી બસ કે ટેક્સીમાં પણ દૂધસાગર જોવા જઈ શકાય છે. ગોવા ટુરિઝમ ડેવેલપમેન્ટ કોર્પોરેશન **(GTDC)** શનિ અને રવિવારે પણજી તથા કલનગૂટથી દૂધસાગરની ટૂરો ગોઠવે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ **($NH_4A$)** પરથી બસમાં આવીએ તો મોલેમ નામના સ્થળે ઉતરી જવાનું. મોલેમથી કોલેમ ૬ કી.મી. દૂર છે અને એ માટે લોકલ બસો મળી રહે છે.

આ ધોધની ઉત્પત્તિને લગતી એક સરસ પ્રાચીન દંતકથા છે. એ જમાનામાં અહીંના રાજાને એક ખૂબસુરત રાજકુંવરી હતી. તે દરરોજ સવારે દાસીઓને લઈને બાજુના સરોવરમાં સ્નાન કરવા જતી. સરોવરમાં નાહ્યા પછી તે. એક સોનેરી જગમાંથી ગળ્યું

મધુર દૂધ પીતી. એક વાર તે આ રીતે જગમાંથી દૂધ પીતી હતી ત્યારે ઝાડીમાં સંતાઈને એક સુંદર રાજકુમાર તેના સૌંદર્યનો નીરખી રહ્યો હતો. કુંવરીએ તેને જોયો અને શરમની મારી લાલચોળ થઈ ગઈ. તેની નજરોથી બચવા કુંવરીએ જગમાંથી પડતા દૂધના આવરણનો પડદો, તેની અને રાજકુમારની વચ્ચે રચી દીધો. જગમાંનું દૂધ સરોવરમાં પડવા લાગ્યું. એક દાસી કુંવરીને વસ્ત્રોથી ઢાંકવા લાગી. આ કુંવરીના માનમાં મધુર દૂધ જેવો ધોધ આજે પણ પર્વતના ઢોળાવ પરથી, નીચે સરોવરમાં પડી રહ્યો છે. છે ને મજાની વાર્તા.

કોઈકને એવો વિચાર આવે કે અહીંથી ખડકો પર પગ ગોઠવતા ગોઠવતા ધોધની ટોચ સુધી ચડી જઈએ. પણ ચડવાનું બહુ જ ખતરનાક છે. ધોધની ટોચ એટલે ડુંગરની ટોચ, ઢાળ એકદમ સીધો. ખડકોમાં ક્યાંક ઘાસ તો ક્યાંક લીલ અને ઊંચાઈ તો કેટલી બધી! વળી, ખડકોની બખોલોમાં પક્ષીઓ રહે છે, તે આમતેમ ઉડાઉડ કરતાં હોય છે. વાંદરાઓ પણ ખડકો પર કૂદાકૂદ કરતા હોય છે. પતંગિયાં અને મધમાખીઓનો ગુંજારવ ભરી દે છે. આમ છતાં, લોકો ટ્રેકીંગ માટે આવતા હોય છે. તેઓ ધોધની બાજુમાં તંબુ બાંધીને પડાવ નાખે છે. અને ખડકો પર ચડવાનો રોમાંચ પણ માણે છે. પણ લપસી જવાની શક્યતા ખરી. ઉપર પહોંચવામાં ત્રણચાર કલાક તો લાગે જ. પક્ષી નિરીક્ષકો માટે આ વિસ્તાર ઉત્તમ છે.

દૂધસાગર ધોધ, ભગવાન મહાવીર વાઈલ્ડ લાઈફ સેન્ચુરીમાં આવેલો છે. અહીં જંગલોમાં ઘણી જાતનાં પ્રાણીઓ વસે છે. આ જંગલ કિંગ કોબ્રાના વસવાટ માટે જાણીતું છે. ધોધ તરફ જતી કેડીઓ પર માનવ અવરજવરને લીધે, પ્રાણીઓ ઓછાં જોવા મળે છે. ખાસ તો વાંદરાઓ ઢોળાવ પરથી ઉતરીને માણસો જોડે હાથ મિલાવે છે. જો કે પ્રાણીઓને ખાવાનું આપવા પર પ્રતિબંધ છે.

ધોધની નજીક તામડી સુરલા નામનું એક મંદિર છે. આ મંદિર અહીના કદમ્બ લોકોએ બાંધેલું છે.

ટૂંકમાં કહીએ તો દૂધસાગર ધોધ એક અદ્વિતીય ધોધ છે. એને માટે બેજોડ, અતિસુંદર, મનોહર, ઉત્કૃષ્ટ આકર્ષક, મોહક, અદ્‌ભૂત ગમે એટલા શબ્દો શોધો તો પણ ઓછા પડે. તેની સુંદરતા જાદુભરી છે. અહીં આવો પછી, અહીંથી ખસવાનું મન ન થાય એવું એનું આકર્ષણ છે. ચોમાસા પછી ઓક્ટોબરથી ફેબ્રુઆરી દરમ્યાન અહીનું વાતાવરણ ખૂબ જ આહ્‌લાદક હોય છે. ગોવા બાજુ જાવ ત્યારે સમય કાઢીને આ ધોધ જોવા જરૂર જજો.

❖❖❖

# દુઃખનું ઓસડ

**દિપક દલાલ**

વર્ષા તેના લગ્નનાં ત્રણ-ચાર વર્ષ બાદ તેની મમ્મીને મળવા જયપુર ગઈ. વર્ષાએ મમ્મીને પોતાના દુઃખી લગ્નજીવનની વાત કરી તે ખૂબ વ્યથિત હતી. સમજુ મમ્મીએ બધી જ વાત શાંતિપૂર્વક સાંભળી અને ઉકેલ માટે નીચે પ્રમાણે વર્ષા પાસે કામ કરાવ્યું.

વર્ષાની મમ્મીએ એક તપેલીમાં કાકડી, બીજી તપેલીમાં Egg અને ત્રીજી તપેલીમાં કોફી પાવડર મૂક્યાં. ત્રણે તપેલીમાં પાણી ઉમેરી ત્રણે તપેલીમાં પાણી ઉમેરી ત્રણે તપેલીઓને થોડા સમય માટે ગરમ કરી ઉકળાવી.

મમ્મીએ વર્ષાને કહ્યું કે આ ઉપરની ત્રણે વસ્તુઓ સમાન પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થઈ હતી, પરંતુ દરેકની અસર જુદી જુદી રહી છે.



બોલ વર્ષા કેમ ? ચાલ હું સમજાવું, મમ્મીએ કહ્યું. જો કાકડી ગરમ પાણીમાં બફાતા થોડી ઢીલી પડી અને ઉકળતા પાણી સામે ફરિયાદ કરતી હોય તેમ આકુળ વ્યાકુળ રહી.

Egg ગરમ પાણીમાં એટલું બધુ બફાઈ ગયું, એટલું બધુ દુઃખી થઈ ગયું કે વાપરવા યોગ્ય ન રહ્યું કારણ તે દુઃખમાં નાસીપાસ થઈ ગયું.

જ્યારે કોફી પાવડર ગરમ પાણી સાથે દોસ્તી કરી તેમાં ભળી જઈ, પોતાની જાતને પરિસ્થિતી પ્રમાણે અનુકુળ કરી અને પોતાનો રંગ જ બદલી નાખ્યો. એટલે દુઃખદ પરિસ્થિતીમાં સંજોગો પ્રતિકૂળ હોવા છતાં નિરાશ થઈ.

વર્ષા ઉપરના અનુભવ ઉપરથી સમજી ગઈ કે આપણા જીવનમાં આવતા પ્રતિકુળ સંજોગો સાથએ અનુકુળ થઈશું તો દુઃખ પણ સુખ જેવું લાગશે.

કોફી પાવડરમાં હજુ પ્યારરૂપી દૂધ અને હાસ્યરૂપી ખાંડ ઉમેરો તો, મજા કઈ ઓર જ આવે!!

જીવનમાં પણ કુટુંબીજનો અને સ્નેહી સાથે દુઃખદ પરિસ્થિતીમાં પણ હળીમળી ખુશખુશાલ અને તંદુરસ્ત જીવન જીવો, તો તમને કોઈ પણ દવાની જરૂર નહી પડે!













SA **SENIOR AGENCY** AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.



PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS

TATA POWER
MAHAVITARAN
adani Electricity
torrent POWER

Central Government
Rooftop Solar Subsidy Programme

National Portal for Rooftop Solar




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.




**USA**

April, May, June, July,
Aug, Sep, Oct 2025




**AUSTRALIA GROUP TOUR**

13 Dec 2024 | 6 Jan, 7,16
Feb, 19,22, Mar, 25 May 2025




**NATURALLY NEW ZEALAND**

4 Dec 2024 | 14,
29 Jan, 10, 27 Mar 2025




**NEW ZEALAND AND AMAZING AUSTRALIA**

4 Dec, 2024 | 29,6 Jan,
7,19 Feb,19 Mar 2025




**JAPAN CHERRY BLOSSOM WITH CHEF**

21, 23, 27 Mar
2 April 2025




**JAPAN CHERRY BLOSSOM WITH KOREA**

22, 30 March 2025

**Kandivali | Andheri | Kharghar | Ghatkopar | Mulund | Thane | Virar**

**+91 98199 30022 www.flamingotravels.co.in**


Advt.



YELLOW WHALE
EXPLORE THE WORLD
With Customized Tours
Grand USA
INR 5,37,999*
19 Nights 20 Days
Charming Canadian Rockies
INR 3,47,999*
10 Nights 11 Days
Beyond Bali
INR 55,060*
4 Nights 5 Days
Singapore & Malaysia
INR 75,000*
6 Nights 7 Days
Gateway to Vietnam
INR 63,599*
7 Nights 8 Days
Fascinating Australia
INR 1,87,999*
12 Nights 13 Days
Majestic Baku
INR 61,899*
5 Nights 6 Days
FLIGHTS
SIGHTSEEING
HOTELS
VISA
*terms and Conditions Apply
*All Prices are Subject to Availability & Main Airfare Excluded
CONTACT US
+91 75065 13301
yellow.whale.travel
Advt.

# સ્મૃતિ અને વિસ્મૃતિ વચ્ચે ફંગોળાઈ રહેલો માણસ

**મહેન્દ્ર પુનાતર**



માણસને સાચી સમજણ, સાચો અનુભવ અને સાચું જ્ઞાન પોતાના જીવનમાંથી મળે છે. જીવન એ માણસની મોટી પ્રયોગશાળા છે. જીવનમાં સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા, જય-પરાજય આ બધા બનાવો કાંઈક ને કાંઈક બોધપાઠ છોડી જતા હોય છે. કેટલાક માણસો પોતાના અનુભવોમાંથી શીખતા હોય છે તો કેટલાકને તેમાંથી બોધ મળતો નથી. જે માણસ હરપળે અને હરક્ષણે જાગૃત રહે છે, પોતાની ભૂલ સમજે છે અને એ ભૂલોને સુધારતો રહે છે તે પોતાના જીવનને ઉન્નત બનાવી શકે છે. દરેક માણસે પોતાના અનુભવમાંથી તો શીખવાનું જ હોય છે પરંતુ બીજાના અનુભવમાંથી પણ ધડો જ હોય છે પરંતુ બીજાના અનુભવમાંથી પણ ધડો લેવાનો હોય છે. આપણું જીવન એટલું લાંબુ નથી કે બધા અનુભવો આપણે પોતે જ કરી શકીએ. અનુભવની સાથે જ્ઞાન જરૂરી છે. જ્ઞાન આપણને યોગ્ય રસ્તે દોરી જાય છે.

જીવનમાં સુખી બનવાના ઉપાયો બહુ સહેલાં છે પરંતુ તેનો અમલ બહુ દુષ્કર છે. મન બહુ ચંચળ છે, માણસને તે જંપવા દેતું નથી. મન જે નથી કરવાનું તે કરતું હોય છે. મન વિપરીતમાં રસ લેતું હોય છે તેને દબાવવાનું મુશ્કેલ છે. તેને જેટલા જોરથી દબાવો તેટલા જોરથી તે પાછું ઉછળે છે. નહીં કરવાની બાબતમાં તે વધુ રસપૂર્ણ બને છે. જે વસ્તુ આપણે ભૂલવા માગતા હોઈએ તેને તે વારંવાર યાદ કરે છે અને જે વસ્તુને આપણે યાદ કરવા માગતા હોઈએ છીએ તેને ભૂલી જાય છે. સતત યાદ રાખવાનું અને સતત ભૂલી જવાનું બહુ કઠિન છે. સ્મૃતિ અને વિસ્મૃતિની વચ્ચે માણસ ફંગોળાયા કરે છે. સ્મૃતિ તેનો કેડો છોડતી નથી અને વિસ્મૃતિ તેને સતાવ્યા કરે છે. માણસની આ મોટી નબળાઈ છે જે ભૂલી જવાનું છે તે યાદ કરે છે અને યાદ કરવાનું છે તે ભૂલી જાય છે.

કોઈએ આપણે માટે કાંઈક કર્યું હોય તે જલ્દીથી ભૂલાઈ જવાય છે. આપણે કોઈક માટે કશું સહેજ અમથું કર્યું હોય તે ભૂલાતું નથી. વર્ષો પહેલાં કોઈએ કટુ વચનો કહ્યા હોય તેની કડવી યાદો જિંદગી ભર ભૂલાતી નથી. રાગ, દ્વેષ, અહંકાર કે મનમાંથી નીકળી જવા જોઈએ તે ઊંડા ને ઊંડા ઉતરતા જાય છે. મનને કાબૂમાં રાખવાનું મુશ્કેલ છે. આ અંગે ઓશોની એક બોધ કથા પ્રેરક છે.

તિબેટમાં એક ફકીર રહેતો હતો. તેની પાસે એક માણસ આવ્યો. તે માણસે ફકીરને કહ્યું, મને એક મંત્ર આપો મારે એક વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે.

ફકીરે કહ્યું, મારી પાસે કોઈ મંત્ર નથી પરંતુ પેલો માણસ ફકીરને બરાબર જાણતો હતો અને તેના વિશે ઘણું સાંભળ્યું હતું. તેણે મંત્ર મેળવવા ખૂબ કાલાવાલા કર્યા.

આખરે ફકીરે કંટાળીને કાગળ પર એક મંત્ર લખી આપ્યો અને કહ્યું આ મંત્ર દરરોજ પાંચ વાર યાદ કરવો. પેલો માણસ તો ખુશખુશાલ થઈ ગયો. ઝડપથી ત્યાંથી ભાગવા લાગ્યો. મંત્ર હાથ આવી ગયો હવે કોઈ ચિંતા નહોતી. દાદર ઉતરતો હતો ત્યાં ફકીરે બૂમ પાડીને કહ્યું, ઊભો રહે, હું તને એક વાત કહેવાનું ભૂલી ગયો. આ મંત્રની એક શરત છે. તું જ્યારે આ મંત્ર ભણે ત્યારે ભૂલેચૂકે વાંદરાને ક્યારેય યાદ નહીં કરતો. નહીંતર તારો મંત્ર નિષ્ફળ જશે. વાંદરો આ મંત્રનો દુશ્મન છે.

તે માણસે કહ્યું બેફિકર રહો. મને જિંદગીમાં વાંદરાનું કદી સ્મરણ થયું નથી અને વાંદરાને તો કદી યાદ પણ કરીશ નહીં.

પરંતુ તે જેવો રવાના થયો ત્યારે તેને માટે દાદર ઊતરવાનું પણ ભારે થઈ પડ્યું. વાંદરાની યાદ શરૂ થઇ ગઇ. ઘરની તરફ ચાલવા લાગ્યો ત્યારે ચારે બાજુ વાંદરાઓ દેખવા લાગ્યા. વાંદરાઓ મનમાં ફરવા લાગ્યા. આંખો બંધ કરીને વાંદરાઓને મનમાંથી દૂર હઠાવવાનો પ્રયાસ કરવા લાગ્યો.

ઘેર પહોંચ્યો, સ્નાન કરવાની શરૂઆત કરી પરંતુ વાંદરાઓ તેને ઘેરી વળ્યા. મંત્ર લઈને બેસે છે પરંતુ અંદર તો વાંદરાઓ છે. તે ગભરાઈ ગયો. વિચાર્યું કે મને તો ક્યારેય વાંદરાઓ સ્વપ્નમાં ય આવ્યા નથી. આજે આ શું થઈ ગયું. વાંદરાઓ મારો કેડો છોડતા નથી.

આખી રાત તેને માટે પસાર કરવી મુશ્કેલ થઈ પડી. પાંચ મિનિટ માટે પણ

વાંદરાઓથી તેને મુક્તિ મળી શકી નહીં. સવારે તો તે લગભગ પાગલ જેવો થઈ ગયો. જઇને તેણે ફકીરને મંત્ર પાછો આપી દીધો.

ફકીરને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું કેમ શું થયું ? તેણે કહ્યું વાંદરાઓ મારો જીવ લઈ રહ્યા છે તેનાથી છુટકારો આ જન્મમાં તો મળવો મુશ્કેલ છે અને આપને ખબર હતી કે વાંદરાઓ આ મંત્રના દુશ્મન છે તો આપ એક દિવસ રોકાઈ જતે, પાછળથી એ વાત મને કરતે તો મારું કામ થઈ જાત.

ફકીરે કહ્યું હું શું કરું, મંત્ર માટે આ શરત તો પૂરી કરવી જ રહી.

આ કથાનો સાર એ છે કે આપણે જે બાબતને ભૂલી જવા માગીએ છીએ તે આપણો કેડો છોડતી નથી. યાદ કરતા ભૂલવું અતિ દુષ્કર છે. જે વિચારની સામે આપણે લડીએ છીએ તે વિચારમાં જ આપણું મન કેન્દ્રિત થઇ જાય છે. જે વિચારથી આપણે દૂર જવા માગીએ છીએ તે વિચાર જ ચિત્તને ઘેરી વળે છે.

જીવન સામે છે પરંતુ કેટલા લોકો તેને જાણી શકે છે અને માણી શકે છે ? આંખો છે પણ દેખાતું નથી, કાન છે પણ સંભળાતું નથી, બુદ્ધિ છે પણ સમજાતું નથી. જીવન તો અનુભવોની પાઠશાળા છે. જીવનના રહસ્યો એમ જલ્દીથી ઉકેલી શકાય નહીં. મનમાં ઉઠતા પ્રશ્નોનો જાતે તાગ મેળવતા રેહવું જોઇએ. જીવનના સંવેદનો ઝાકળના મોતી જેવા હોય છે તેને ઝીલતા આવડવું જોઈએ.

માણસને શાંતિ જોઈએ છે પરંતુ મનની અંદર ઉપદ્રવો છે. બહાર ફાંફા મારવાથી કશું ઉપજે નહીં. ભીતરમાં જે કચરો પડેલો છે તે બહાર ન નીકળે ત્યાં સુધી કશું વળે નહીં. પ્રભુ સમીપે જવા માટે મનને ચોખ્ખું કરવું જોઈએ. પરમાત્માને પામવા માટે પાત્ર કેળવવી જોઈએ. પાત્ર ભરેલું હોય તો તેમાં કશું નાખી ન શકાય અને પાત્ર ફૂટેલું હોય તો તેમાં કશું ટકી શકે નહીં. આપણું પાત્ર કાં તો રાગ-દ્વેષ, માન-અભિમાન ને અહંકારથી ભરેલું છે અને કાં તો ફૂટેલું છે. જ્ઞાન અને સમજણનું રેણ ન લાગે ત્યાં સુધી તેમાં કશું ટકી શકવાનું નથી. નાનામોટા કર્મોના છિદ્રો શુભ તત્ત્વોને ટકવા દેતા નથી.

અનુભવોમાંથી માણસ ઘડાય છે. જીવનના કેટલાક પરમ સત્યોની પહેચાન થાય છે. બધી બાબતોમાં આપણે સાચા છીએ એમ માનવું ભૂલભરેલું છે. દરેક માણસ કંઇક ને કંઇક પૂર્વગ્રહથી પિડાતો હોય છે. સત્ય આ પૂર્વગ્રહની આડું આવે છે. આપણે આપણી માન્યતા અને ખ્યાલમાં રાચતા હોઇએ ત્યારે સત્તને સમજવાનું અને ઓળખવાનું કઠિન બની જાય છે. દરેક માણસને પોતાનો મત હોય છે આ મત સાચો જ છે એવો આગ્રહ રાખવાથી સત્યનું દ્વાર બંધ થઈ જાય છે. ખુલ્લું મન હોય તો બીજાની સાચી વાત સમજાય છે અને જ્ઞાનનો પ્રકાશ લાધે છે.

જીવનમાં રસ અને ઉત્સાહ હોવો જરૂરી છે. ઉત્સાહ ને હોય તો કાર્ય બોજારૂપ બની જાય, પરંતુ એકલા ઉત્સાહથી કે ધમાધમથી કાર્યો સફળ થતા નથી. ઉત્સાહની સાથે સાચી સમજણ અને જ્ઞાન હોવું જોઈએ. સમજણ અને જ્ઞાન ન હોય તો અંધારામાં ફાંફાં મારવા જેવું થાય છે.

જીવન વહેવારમાં બીજાઓ સાથેના સંબંધમાં અને મનની શાંતિ માટે ભલાઈ જેવું બીજું કાંઈ અસરકારક સાધન નથી. એટલે નિર્વ્યાજ રીતે ભલાઈ કરતા રહેવું જોઈએ. બીજાને ઉપયોગી થવામાં પોતાના ફાયદાનો કદી વિચાર કરી શકાય નહીં. કોઈપણ જાતના લાભ અને અપેક્ષા વગર પરહિત કાજે જે કામ કરી શકાય તે ભલાઇના કાર્યો છે. જેમાં મેળવવાનું હોતું નથી ઘસાવાનું હોય છે. આવા ભલાઈના કાર્યોમાં જે મનનો આનંદ મળે છે જે સંતોષ થાય છે તે બીજા કોઇ સુખમાંથી મળતો નથી. તેની ખુશી અપાર હોય છે.

કોઈપણ કામ જે પ્રેમ અને સ્નેહથી થાય છે તે ધન, દૌલત, સત્તા કે અધિકારથી થતું નથી. સત્તા અને હકૂમતનો દોરદમામ લાંબા સમય સુધી ચાલતો નથી. તેની એક મર્યાદા હોય છે જ્યારે પ્રેમ, વિવેક, ક્ષમા અને અનુકંપાથી થયેલા કાર્યોને કોઇ સીમા હોતી નથી. તેનું સુખ શાશ્વત હોય છે. ભય, ડર, સત્તા અને જો હુકમી હોય ત્યાં દાસત્વ મળે પરંતુ પ્રેમ પામી શકાય નહીં.

જીવનમાં શીખવાની પ્રક્રિયા કદી પૂરી થતી. પળે પળે માણસને નવો અનુભવ થાય છે. જીવનમાંથી શું શીખવું એ મહત્ત્વનું છે અને તેને માટે આપણા પ્રયાસો હોવા જોઈએ. જીવનને એટલું સભર બનાવવું જોઈએ કે આપણી આસપાસના માણસો આપણને સારો માણસ સમજે. સારા બનવા માટે સારા માણસોનો સંગ હોવો જરૂરી છે. એવા માણસો સાથે મિત્રતા કેળવવી જોઈએ કે જે બધી રીતે આપણા કરતા ઊંચા અને ચડિયાતા હોય. જેની પાસે આપણા કરતા કાંઇક વિશેષ હોય તેની પાસેથી જ કાંઇક શીખી શકાય છે. આપણે આપણી જાતને જ ઊંચા માની લઇએ અને ગર્વ કરીએ તો કૂવામાંના દેડકાં જેવી આપણી હાલત થાય. કદાચ અહંમ સંતોષાય પરંતુ કશો બોધ પ્રાપ્ત થાય નહીં.

જીવનમાં આપણે જે કાંઇ કરીએ તેમાં ચડ-ઉતર આવવાની છે. સફળતા અને નિષ્ફળતા બંનેનો અનુભવ થવાનો છે. અંતરાયો અને અવરોધો ઊભા થવાના છે પરંતુ એ બધાની વચ્ચે શ્રદ્ધા અને આત્મવિશ્વાસપૂર્વક જેને ઊભા રહેતા આવડે

છે તેને કશો વાંધો આવતો નથી. અહંકારને ઓગાળતા રહીએ અને આત્મશક્તિને વધારતા જઈએ. પ્રેમ અને શ્રદ્ધા આપોઆપ પ્રગટવાની છે. જય અને પરાજયથી જીવન સમતોલ બને છે. વિજયનો ભાર નહીં અને પરાજયનો ભય નહીં. ગમે તેટલી મુશ્કેલી આવે પણ મનની મધુરતા અને પ્રસન્નતા ખોવી નહીં, સમભાવ કેળવવો. નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ સોપાન છે. આકરા સંઘર્ષો વેઠ્યા પછી જે સફળતા મળે છે તેનું સુખ અતિ ઉત્તમ હોય છે. કડવાશને જીવનમાં સંઘરી રાખવી નહીં. પોતાને જે સાચું લાગે તે કહેતાં ડરવું નહીં પરંતુ વિવેક રાખવો, હિંમત કદી હારવી નહીં. એકલા પડી જઇશું, ફેંકાઈ જઈશું એવો ડર રાખવો નહીં અને અન્યથી વધારે સારા બનવા માટે વલખા મારવા નહીં.

આજની પરિસ્થિતિમાં માણસ બીજા કરતા ઊંચો, બીજા કરતા સવાયો બનવા પ્રયાસો કરતો હોય છે પરંતુ આ સ્પર્ધાનો કોઇ અંત નથી. છેવટે બધુ નિરર્થક છે. બધું મેળવવા છતાં ખાલિપો રહે છે. સરખામણીમાં દંભ કરવો પડે છે. દંભ અને દિખાવટ દ્વારા માણસ મોહક બની શકે છે. બીજાને ઘડીભર આકર્ષી શકે છે પરંતુ તેમાં મહેક હોતી નથી. રાજકારણ, સમાજસેવા, શિક્ષણ અને ધર્મના ક્ષેત્રમાં આવા બનાવટી પુષ્પો જોવા મળે છે જે દેખાય છે સુંદર પરંતુ તેમાં ખૂશ્બુ હોતી નથી. આવા ફુલો દિવાનખાનામાં શોભે પરંતુ બગીચામાં નહીં.

તપ, ત્યાગ અને ગુણોમાં માણસે પૂરતું સભાન રહેવું પડે છે, ગુણો આવે, સત્કૃત્યો થાય ત્યારે માણસે વધુ નમ્ર બનવું જોઇએ, તેમાં કોઈ પણ જાતનો ગર્વ કે અભિમાન હોવું જોઈએ નહીં. સ્વામી સચ્ચિદાનંદે જેમ કહ્યું છે તેમ ત્યાગની પણ ખુમારી હોય છે. આવી ખુમારી ધીરે ધીરે અહંમભાવમાં બદલાઇ જતી હોય છે. કોઇપણ ગુણ ઝટ દઇને દોષમાં રૂપાંતર થતા વાર લાગતી નથી. ઈશ્વર કૃપા હોય તો સભાનતા રહે નહીં તો ગુણો પણ વ્યક્તિને બેભાન બનાવી મૂકે.

જીવનમાં આપણું ભલું બૂરું આપણે પોતે જ કરીએ છીએ. આપણા પોતાના સિવાય આપણને બીજું કોઈ નુકસાન કરી શકતું નથી. જે હેરાનગતિ આપણે વેઠીએ છીએ તેના કારણો આપણે સાથે લઈને ફરીએ છીએ તે આપણા પોતાના દોષોનું પરિણામ છે. આપણને બંધનમાં રાખનાર અથવા મોક્ષ આપનાર આપણું જ મન છે. દુનિયાને આપણે રાજમહેલ જેવી કે કેદખાના જેવી, જેવી ધારીએ તેવી આપણે કરી શકીએ છીએ. મન આપણું મિત્ર છે અને મન આપણું શત્રુ છે. આ બધા મનના ખેલ છે.

❖❖❖

---

## રણકાર

**આજે જ ઈમ્પોટન્ટ મિટિંગ, શાને હવે વળી**
**આજે જ ઑફિસે જવામાં આમ મોડું થતું હતું**
**આજે જ ઈસ્ત્રી વિનાના કપડાં ! કેવો લાગું છું હું ?**
**આજે જ આ બિલાડીને આડું ઉતરવું હતું ?**

**- શમિલ**

જેની સવાર બગડી એનો દિવસ બગડ્યો એવી વર્ષો જૂની માન્યતા છે. વાતને વિસ્તૃત ફલક પર મૂકીને જુઓ તો એટલું સમજાઈ જાય કે આપણા કહેવાતા ખરાબ મૂડના મૂળમાં વાહિયાત, અને ક્યારેક હાસ્યાસ્પદ કારણો હોય છે.

લાઈન પર ક્યાંક એક્સિડન્ટ થયું છે અને ગાડીઓ બંધ છે તો મૂડ બગડી ગયો, ચા માં થોડીક વધારે સાકર પડી ગઈ તો કમાન છટકી ગઈ, સાહેબે રજા મંજૂર ન કરી તો પિત્તો ગયો અને પાનવાળાએ સરખું પાન ન આપ્યું તો સ્વાદની સાથે મૂડ પણ બગડી ગયો.

માણસની મર્યાદા પાછી એ છે કે, એકવાર બગડી ગયેલો મૂડ ઠેકાણે આવતા ખાસ્સો સમય લાગે, શાંતિથી વિચાર કરો તો જણાઈ આવશે કે તમારા વારંવાર બગડી જતાં મૂડે તમારાં કેટલાં કામ બગાડ્યા છે આજ સુધી. જે કારણથી તમારો મૂડ બગડી ગયો એને તડકે મૂકી દિવસનાં બીજાં કામ શાંત ચિત્તે કર્યે રાખશો તો તમારે કશું જ ગુમાવવાનું હોતું નથી, સિવાય કે બગડેલા મૂડના.

વિચારોમાં વર્તનમાં રેલપણું હોવાથી, દરેક કાર્યને એના ચોક્કસ વર્તુળમાં જ સુધરવા-બગડવા દઈ બાકીની જવાબદારીઓ સુપેરે પાર પાડવી એ સમજદારીની નિશાની છે, એક જ ટ્રેક પર દોડતી ઢગલાબંધ ગાડીઓ જેવું થઈ ગયું છે આપણા દૈનિક કાર્યોનું, પહેલું કામ બગડ્યું, ગાડી અટકી તો પાછળ લાઈન લાગી જ સમજો. આવું થાય ત્યારે ઝટપટ સમારકામ કરીને પ્રવૃત્તિઓ પૂર્વવત કરી લેવી. બાકી પછી અનિશ્ચિત સમય પર દોડતી ટ્રેન જેવા આપણા હાલ થતા રહેવાના, નિશ્ચિતપણે.

**- સ્વપ્નીલ**

## સાભાર સ્વીકાર

ધાંગધ્રા નિવાસી (હાલ મલાડ) દીલીપભાઈ વાડીલાલ સંઘવી (ઉ.વ. ૭૯) તા. ૨૪-૧૧-૨૦૨૪ના અરીહંત શરણ પામ્યા તેમની સ્મૃતિ નિમિત્તે રૂા. ૫૦૧/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **વિરાજ** — **યશ્વી**<br>શ્રી દેવેનભાઈ હસમુખભાઈ દોશીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ-ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ)<br>શ્રી હિતેષભાઈ ચંદુલાલ બોટાદરાની સુપુત્રી ઢસા -જંક્શન નિવાસી (હાલ - ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ) | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **રાહુલ** — **નિકી**<br>શ્રી હિતેન્દ્રભાઈ મનસુખલાલ શાહના સુપુત્ર ગુજરવદી નિવાસી (હાલ મલાડ વેસ્ટ)<br>શ્રી પ્રદિપભાઈ ખુશાલચંદભાઈ બાવીશીની સુપુત્રી ચરેલ તા. ધોરાજી નિવાસી (હાલ -મરીનલાઈન્સ - મુંબઈ) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **શ્રેયાંશ** — **શીખા**<br>શ્રી નયનકુમાર નવિનચંદ્ર શાહના સુપુત્ર લખતર નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી મુકેશકુમાર ન્યાલચંદ ઠોસાણીની સુપુત્રી ધારી (અમરેલી) નિવાસી હાલ - મલાડ | ૫૧૧ | ૫૧૧ |

**સુધારો** નવેમ્બર માસની પત્રિકાના પેજ નં. ૪૦ પ્રભુતામાં પગલા પારસ હર્ષદભાઈ હિંમતલાલ શાહ તરફથી રૂા. ૧૦૦૧/- તથા મેઘના બિપિનભાઈ હિંમતલાલ શાહની પુત્રી તરફથી ૧૦૦૧/- વાચવું.


## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>નિરવભાઈ 9819012468<br>7208472744 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>9860125136<br>7208481791 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**



# ધરતીમાતાનું દુઃખ

**વસંતલાલ પરમાર**

**એ**ક દિવસ હવા અને સૂરજ સાથે સહેલગાહે નીકળ્યાં છે. બન્ને જણા વાતો કરતાં કરતાં ખૂબ દૂર નીકળી ગયાં. ત્યાં એમના કાને કોઈનો વેદનાભર્યો આર્તનાદ સંભળાયો. હવાએ નજીક જઈને જોયું તો જોતાંવેંત જ એ ચમકીને બોલી ઊઠી : 'અરે આ તો ધરતીમાતા ! ધરતીમાતા રડી રહ્યાં છે ! ચાલો એમને આશ્વાસન આપીએ.'

'હા, ચાલો.' કહીને સૂરજે હવાની વાતને સમર્થન આપ્યું. સૂરજ અને હવા ધરતીમાતા પાસે આવ્યાં અને એમના દુઃખનું કારણ પૂછ્યું.

ધરતીમાતા રડતાં અવાજે બોલ્યાં : 'મારાં સંતાનો આજે ભૂખે મરે છે, શું વરસાદ નથી વરસ્યો ?'

ધરતીમાતા કહે : 'વરસાદ તો ખૂબ જ વરસ્યો હતો, પણ બધુંય પાણી સાગર અને સરિતામાં વહી ગયું અને પાછોતરો વરસાદ ન થવાને કારણે ખેતરોમાં પાક ન થયો. આજે દુકાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.'

સૂરજ કહે : 'લોકોએ પાણી સંઘરી રાખવું જોઈએ. પાણી સંઘરવા માટે તળાવ ખોદવાં જોઈએ. લોકો તળાવ કેમ નથી ખોદતાં ?'

ધરતીમાતા કહે : 'તળાવ કેમ નથી ખોદતાં એની તો મને ખબર નથી. કદાચ એ લોકોને એનું જ્ઞાન નહિ હોય.'

હવા કહે : 'ધરતીમાતા ! એમની ફિકર હવે તમે કરશો નહીં. લોકોને હું તળાવની ઉપયોગિતા સમજાવીશ. તમારું દુઃખ અમે દૂર કરીશું.'

આ વાતને બે-ચાર દિવસ વીતી ગયા.

હવાએ એક ઉપદેશકનું રૂપ ધારણ કર્યું અને એ એક ગામમાં જઈ પહોંચી. ગામના મંદિરમાં લોકોની સભા ભરવામાં આવી. હવાએ લોકો સમક્ષ જુસ્સાદાર ભાષણ આપ્યું. એમાં લોકોને સ્વાવલંબી અને હળમળીને કામ કરવા સમજાવ્યું. 'અપના હાથ જગન્નાથ'નો મંત્ર શીખવ્યો. એ પછી ગામને પાણીની તંગી અનુભવવી પડે છે માટે ગામમાં એક તળાવ ખોદવું એમ પણ સમજાવ્યું. હવાનું ભાષણ ખૂબ જ પ્રભાવશાળી નીવડ્યું. લોકોએ તાળીઓના ગડગડાટથી એને વધાવી લીધું. હવાએ ગામલોકોની ભાવભીની વિદાય લીધી ત્યારે એ ખુશખુશાલ હતી. એને વિશ્વાસ હતો કે, ગામલોકો એના કહેવા પ્રમાણે જરૂર કરશે.

પરંતુ આ તો 'શેઠની શિખામણ ઝાંપા સુધી' એ પ્રમાણે થયું. વર્ષાઋતુ આવી, વરસાદ પણ ખૂબ વરસ્યો. પરંતુ ગામલોકોએ તળાવ ખોદ્યું ન હોવાથી બધુંય પાણી વહી ગયું. હવાને આ વાતની જ્યારે ખબર પડી ત્યારે એ વિમાસણમાં પડીય એની આશા ઠગારી નીકળી. એના ભાષણની અસર ક્ષણિક હતી. લોકોએ એક કાને સાંભળ્યું અને બીજા કાને કાઢી નાખ્યું. હવે શું કરવું ?

ધરતીમાતાનું દુઃખ દૂર કેમ કરવું ?

હવા સૂરજને કહેવા લાગી : 'સૂરજભાઈ ! આ ગામના લોકો ગમાર છે. ધરતીમાતાનું દુઃખ દૂર કરવા હવે શું કરીશું ?'

સૂરજ હસીને બોલ્યા : 'બહેન ! એમ નિરાશ ન થશો. હવે હું મારો ઉપાય અજમાવું.'

હવા કહે : 'ભાઈ ! મને તો આશા નથી, પરંતુ જો તમને વિશ્વાસ પડતો હોય તો તમારો ઉપાય અજમાવો.'

બીજે દિવસે સાંજે સૂરજ મજૂરનો વેશ ધારણ કરી પેલા ગામમાં પહોંચ્યો. કોઈની સાથે વાતચીત કર્યા સિવાય એ સીધો ગયો ગામને પાદર. ત્યાં એક પડતર જમીનનો ટુકડો પડ્યો હતો. એના પર કોદાળીથી ખોદવા મંડી પડ્યો. આખી રાત સૂરજ ખોદતો રહ્યો. પાંચ-સાત હાથ ઊંડો ખાડો એણે ખોદી નાખ્યો. પરોઢ થતાં પહેલાં તો સૂરજ ત્યાંથી વિદાય થયો. સવારે ગામલોકો ખોદાયેલો ખાડો જોઈને વિચારમાં પડી ગયા અને એકબીજાને પૂછવા માંડ્યા : 'અહીં કોણે ખોદ્યું હશે ? કાલે સાંજે એક મજૂર જેવો આવ્યો હતો, એને કોણે મોકલ્યો હશે ? શું એણે એ કામ કર્યું હશે ?' સાંજ પડી. લોકોએ જોયું તો પેલા કાલવાળો મજૂર આજે પણ આવી રહ્યો છે. એના ખભે કોદાળી છે અને હાથમાં પાવડો અને ટોકર છે. આવતાંવેંત જ એ કોઈની સાથે બોલ્યા-ચાલ્યા વગર સીધો પોતાના કામે લાગી ગયો. આમ ચાર-પાંચ દિવસ વીતી ગયા.

લોકોને આથી આશ્ચર્ય થયું. એક દિવસ દસ-બાર જણા એની પાસે ગયા અને 'રામ રામ' કરીને પૂછ્યું :

'ભાઈ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? અહીં તમને કોણે મોકલ્યા છે ? અહીં શું કરો છો ?'

સૂરજે કહ્યું : 'ભાઈઓ ! હું તો એક મજૂર છું. અહીં તળાવ ખોદવા આવ્યો છું.

મને કોઈએ મોકલ્યો નથી. હું જાતે જ આવ્યો છું.'

'તમને અહીં તળાવ ખોદવાથી શો ફાયદો થશે ?'

'મને નહીં, પણ તમારા ગામને તો જરૂર લાભ થશે. તમારા ગામને તળાવની ખૂબ જરૂર છે. એ જરૂરિયાત પૂરી પડશે તો મને ખૂબ આનંદ આવશે.'

'શું તમે એકલા તળાવ ખોદશો ?'

'હા, કેમ નહીં ! સમય તો લાગશે, પરંતુ તળાવ ખોદવું એ ચોક્કસ વાત. ભલે બે-પાંચ વરસ વીતી જાય.'

'અમે તમને મદદ કરીએ તો ?'

'તો તો આનંદની વાત. તળાવ ઝટપટ ખોદાઈ જશે.'

સૂરજની સાથે ગામલોકો જોડાયા. થોડા દિવસમાં તળાવ ખોદાઈ ગયું. પોતાનું કામ પૂરું થયે. સૂરજે ગામલોકોની વિદાય લીધી. હવાએ આ જોયું. એણે આ ચમત્કારની વાત પૂછી :

સૂરજે કહ્યું : 'બહેન ! તમે લોકોને તળાવ ખોદવાનું કહેતાં હતાં, ઉપદેશ આપતાં હતાં. જ્યારે હું તો જાતે કામ કરતો હતો એની લોકો પર અસર પડી અને મારી સાથે જોડાયા. લોકોને ઉપદેશની જરૂર નથી, પણ સાચા કાર્યકરની જરૂર છે.' હવાને સૂરજની વાત હવે સમજાઈ ગઈ.

વર્ષાઋતુ આવી. વરસાદ ખૂબ વરસ્યો. લોકોએ સાચાં તન-મનથી તળાવ ઊંડું ખોદેલું હતું એટલે વરસાદના પાણીથી તળાવ ચિક્કાર ભરાઈ ગયું. લોકોને વાપરવા પાણી મળ્યું, ઢોરને પીવા પાણી મળ્યું અને ખેતીવાડી માટે પણ પાણી ઉપયોગી નીવડ્યું. આ જોઈ ધરતીમાતા ખુશખુશ થઈ ગયાં. એમણે હવા અને સૂરજને શાબાશી આપી. હવા બોલી : 'ધરતીમાતા ! સાચી શાબાશીને પાત્ર તો સૂરજભાઈ છે. એમણે લોકોને ઉપદેશ આપ્યા વગર 'કહેવા કરતાં કરવું ભલું' એ વાત સાચી છે.

ધરતીમાતાના આશીર્વાદ લઈને હવા અને સૂરજ પોતપોતાને રસ્તે વિદાય થયાં.

(સાભાર) ❖❖❖

## સંસ્થા સમાચાર

### ઝાલાવાડી સ્થા. જૈન મહિલા મંડળ નાલાસોપારા

સતીરત્નોના સંગે.. ભક્તિના રંગે.. ઉરના ઉમંગે.. ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ૨૩ વર્ષ બાદ અજરામર સંપ્રદાયના પ.પૂ. કમલપ્રભાજી મ. આદિ ઠાણા. ૫ ઉપાશ્રયમાં ચાલતા ત્રણેય મંડળોનો ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રયમાં લાભ આપવા પધારેલ ત્યારે ધાર્મિક ગેઈમો, પ્રશ્નમંચ રમાડવામાં જેમની માસ્ટરી છે એવા પ.પૂ. જશકુમારીબાઈ મ., પ.પૂ. કૃતિજ્ઞાબાઈ મ. એ અવનવી રસપ્રદ ધાર્મિક પ્રશ્નમંચ - ગેઈમોની રમઝટ બોલાવી. યંગસ્ટર્સને પણ ખુશખુશાલ કરી દીધેલ. ખૂબ જ સારી સંખ્યામાં બહેનો આ કાર્યક્રમમાં હાજર રહી શિસ્તબદ્ધ ૧૦ ગ્રુપમાં જોડાઈ જઈ મનગમતા માહોલને મનભરીને માણ્યો. દરેકને રૂા. ૫૦ની પ્રભાવના તેમજ પ્રથમ, બીજા અને ત્રીજાં નંબરના ગ્રુપને સારા ઈનામોથી પ્રોત્સાહિત કર્યા. પ્રભાવના અને ઈનામો ૩૦૦ રૂના નકરાના ૨૧ દાતાઓ તરફથી આપવામાં આવેલ.

મહિલામંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન ડી. શાહે અનંત ઉપકારી પ.પૂ. કમલપ્રભાજી મ. આદિ પાંચેય સતીરત્નો પ્રત્યે તથા સર્વે કમિટીના સભ્યોના શિસ્ત અને સહકાર બદલ દરેક સભ્ય સહેલીનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે પ.પૂ. કમલપ્રભાજી મ. એ પણ સ. ૨૦૦૧ ના શાનદાર, ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ, દરેકના ભક્તિ ભાવ અને સેવા વૈયાવચ્ચની મુક્તમને પ્રશંસા કરી સંસ્મરણોને તાજા કરી આર્શીવચનો વરસાવ્યા.

અંતમા અલ્પહારનો સૌએ લાભ લીધો અને સૌના મુખ પર ચિર-પ્રસન્નતા હતી તેજ કાર્યક્રમની સફળતા હતી.

❖❖❖

## જીવન ઘણા સમયથી...

જીવન ઘણા સમયથી ઘણું શાંત શું છે,<br>
લાગે છે આ દિલ જરા ભ્રાંત શું હું;<br>
પાસે પડેલા રત્નની હોતી કદર નથી,<br>
પથ્થરના લોક વચ્ચે ઉભેલ છું હું આજ<br>
કુદરતને કોઈ પુછો, શું વસ્તુ પ્રેમ છે ?<br>
શીતળતા કેરુ સ્થાન છે કે આગ કાળઝાળ ?<br>
શીતળ સુવાસિત શાંત હતું મારું જીવન જે,<br>
લાધ્યો જવાબ આજ, હતું કોણ કારણે !<br>
તમારો સાથ આજ હૃદય ઝંખે છે વારવાર,<br>
જાણ્યું મેં દુઃખે છે એક શૂળ આરપાર.<br>
જીવન ઘણા સમયથી ઘણું શાંત શું હતું,<br>
લાગે છે આ દિલ જારા ભ્રાંત શું હુ



# હળવી ફૂંકથી હોનારત

રજનીકુમાર પંડ્યા

**મા**રી નાનકડી દીકરી કુકુટુ (તર્જની) ને અમે ત્રણેક વર્ષની એની ઉંમરે બાલમંદિરમાં બેસાડવાનું નક્કી કર્યું. ૮૬ની સાલનો કોઈ તેજ તડકાનો દિવસ હતો. બાલમંદિર કંઈ દૂર નહિ. લગભગ સામેની ગલીમાં જ. વાહન પણ હતું. કોઈ જ પ્રશ્ન નહોતો. સવારથી જ અમે એના ઉમંગમાં હતાં. એકના એક વહાલા સંતાનનો આ પહેલો જ મંગળ પ્રસંગ. સવારે જરી ચઢતા પહોરે એની મમ્મીએ એને તૈયાર કરવા માંડી હતી. એ રમકડું પણ એટલા જ ઉત્સાહમાં. એની મમ્મીએ મોઢામાં ગોળ અને દહીંનું દડબું મૂક્યાં. એટલે એણે એ ખાઈને મમ્મીને ગાલે 'પપ્પી' કરી. પછી મારા તરફ ખસી. હું એના એ કીમતી ઈનામને પામવા માટે સાવ નીચો વળ્યો અને જેવું એણે એ અમિયલ ચુંબન મારે ગાલે ચોંડ્યું ત્યાં એકાએક શું થયું. હૃદયના પાતાળમાંથી એક જબરો ઉછાળ આવ્યો અને આંસુ બનીને બહાર છલકાઈ ગયો. એને છાતીએ ચાંપીને હું એ પળે કેટલું બધું રડ્યો !

તરુ નવાઈથી મારી સામે જોઈ રહી બોલી : 'આટલું રડતાં તો મેં તમને કદી જોયા નથી !'

એની વાત સાચી હતી. હું કદી રડી શકતો નથી. આઠ વર્ષ પહેલાં મા ગુમાવી ત્યારે કે વીસ વરસ પહેલાં પિતાને ગુમાવ્યા ત્યારે પણ દુઃખની કારમી પળોમાં ન રડી શકવાનો મને અભિશાપ છે. ઝળઝળિયાં તો હુ થયું ! અંગત જીવનની, વિદાયની, વિછોહની, મજબૂરીથી ક્ષણે કે પછી કોઈ અત્યંત કરુણ ફિલ્મના દૃશ્યની કે સંગીતની શારી નાખતી અનુભૂતિ હૃદયના તળિયા સોંસરવી ઊતરી જાય ત્યારે પણ સંવેદનાના માર્યા એક ઉકરાંટો આવી જાય કે શરીરનાં રૂવાં ઊભાં થઈ જાય. ગળે ડૂમો બાઝી જાય, સ્વર રૂંધાઈ જાય. આથી આગળની અભિવ્યક્તિ મારામાંથી નથી ફૂટતી.

તોપણ ૧૯૮૬ની સાલમાં આ ધ્રુસકે ને ધ્રુસકે રડવાનું શા માટે ? અને તે પણ હરખના પ્રસંગે ?

મેં તરુને કહ્યું : 'આ વીસ વરસથી રૂંધાઈ રહેલાં આંસુ આજે પેટાળ ફાડીને ફૂટ્યાં. મારા બાપુજીના મરણ વખતે સ્મશાનમાં પણ મારી આંખો સુક્કી હતી. ઊલટાનું મારા મનમાં કોઈ ગીતની તર્જ ગુંજતી હતી. એ વખતે મેં મને ઠમકાર્યો પણ હતો કે સામે પિતાની ચિતા ભડભડ બળે ને તારા મનમાં ગીત ! પણ મન ક્યાં કદી કોઈનું કહ્યું માને છે ? ગીત બંધ ન રહ્યું. મેં જાતને સમજાવી કે એ તો શોકને ભૂલવા.'

'પણ' તરુએ કહ્યું : 'બાપુજીના મરણની યાદ પણ તમને આજના દિવસે શા માટે આવે ?'

એને શું કહું ? એ આખી મનમાં પૂર્વસંધાનોની લીલા હતી. કેવી ગૂઢ અને અટપટી હોય છે આપણા મનની માયાનગરી ! ત્યાં સમયની જોહુકમી ચાલતી નથી. તીવ્રપણે ચિત્ત પર પડેલી કોઈ સ્મૃતિછાપ પર સમય બહુ-બહુ તો થોડી ધૂળ ભભરાવી શકે, પણ સદંતરે એને ભૂંસી તો શકે જ નહિ. આનંદો પણ તાજા રહે છે, અને જખમો પણ; પ્રેમની કે અવહેલનાની અનુભૂતિઓ પણ. બધું જ અમીટ છે. રહે છે મરીએ ત્યાં સુધી.

★★★

પિસ્તાલીસની સાલમાં મારે કપાળે પણ મારી બાએ ચાંલ્લો કર્યો હતો અને મોટી બહેન આવ્યાં હતાં. જૂનાગઢના બીલખા સ્ટેટની એક એસ્ટેટના રાજવી સગીર હોવાથી મૅનેજર તરીકે મારા પિતા કારભાર સંભાળતા હતા. એટલે અમારું પણ 'રજવાડું' જ - નોકર-ચારક, બે ઘોડાની બગી, પગી - પસાયતા. નિશાળ મારા આવાસથી ત્રીજી જ ગલીમાં. પિતાએ મારા ગાલે બચ્ચી ભરી. પછી મારી આંગળી પકડીને મને બગીમાં નિશાળે લઈ ચાલ્યા. મારા માટે એટલે કે 'સાહેબના દીકરા' માટે શાળા શણગારવામાં આવી હતી. હેડમાસ્તર અને માસ્તર અમને સત્કારવા બારણે જ ઊભા હતા. તેઓ અમને અંદર દોરી ગયા. હું તો પિતાની આંગળીએ જ. ક્લાસરૂમમાં બધા છોકરા નીચે બેઠેલા, પમ મારા માટે ખુરશી ! વર્ગમાં બે જ ખુરશીઓ. એક માસ્તરની એને એક મારી. બેમાંય મારાવાળી તો ચડિયાતી અને પાથરણાવાળી હતી. હું એમાં બેઠો અને 'શ્રી' ઘૂંટાવ્યું પણ મારા પિતાએ જ મારી આંગળી પકડીને, પછી આખી નિશાળમાં સાકર વહેંચી. પછી એ મારા તરફ જોતાં-જોતાં ચાલ્યા ગયા.

સાંજે બગી લેવા આવી. ઘેર ગયો ત્યાં બાએ તરત જ મને દુઃખના સમાચાર આપ્યા : 'અરે, તને નિશાળેથી મૂકીને આવીને તારા ભાઈ શું રડ્યા છે! શું રડ્યા છે, (અમે બાપુજીને ભાઈ કહેતા) પોશ-પોશ આંસુ રડ્યા.'

વાત ખરી હતી. મારો એટલો વિયોગ પણ એ સહન કરી શક્યા નહોતા ને હું ત્રીજી જ ગલીએ આવેલી નિશાળમાં રાજસી ઠાઠ વચ્ચે ભણતો હતો ને છતાં એ રડી પડ્યા હતા!

આ વાત સાંભળીને મારા બાલમાનસમાં પિતા સાથેની એકાત્મતાની વાત ઊંડામાં ઊંડી છાપ પડી ગઈ. હું પણ બેચેન થઈ ગયો એ ક્ષણે.

એ પછી વળતા જ દિવસે મને તાવ ચડ્યો. કેમેય ઊતરે નહિ, કદાચ આને કારણે જ હશે. મારી બાએ એમને કહ્યું : 'તમે જ છોકરાને સાવ પોચો રૂ જેવો કરી મૂક્યો. મેં મૂઈએ પણ તમારા રડવાની વાત એને ક્યાં કરી? બિચારો ફફડી ગયો.'

૧૯૪૫ની આ વાત એકતાલીસ વરસ પછી ૧૯૮૬માં કેવું અનુસંધાન પામી? છ્યાસીની સાલમાં હું પિતાના પાઠમાં હતો. વહાલા સંતાનને બીજી ગલી જેટલે છેટે પણ અળગું મૂકવું એની આમ તો સાવ સામાન્ય ગણાય એવી ઘટનાને મારા પિતાએ આપેલો વેદનાનો રંગ મને વારસામાં મળ્યો હતો. વીસ વરસ પહેલાં એવા પિતાને મેં ખોયાનો જખમ એ વખતે એકાએક દદડી ઊઠ્યો. પણ કઈ પળે? જે પળમાં એ મુકાયા હતા એ પળમાં હું મુકાયો ત્યારે! પિતાનો અભાવ એ પળે બહુ તીવ્રપણે સાલ્યો.

★★★

લગભગ દરેક માણસને પોતાનો બાપ તો મહાન જ લાગે છે. કારણ કે દુનિયાનો કોઈ પણ મહાન માણસ કરતાં એના પિતાએ એને વધુ આપ્યું હોય છે અને એ રીતે એ સંદર્ભમાં આપણે સાચા પણ હોઈએ છીએ. અને એ જરૂરી પણ નથી કે આપણો બાપ મહાપ્રતાપી, મહાવિદ્વાન, સમાજનો બહુ મોટો માણસ, સુવિખ્યાત નેતા, કલાકાર કે ધુરંધર ઉદ્યોગપતિ હોય. પ્રશ્ન એ છે કે તમારા પિતાને તમે ખરેખર આત્મજ લાગ્યા હતા? એમણે તમને પ્રેમ આપ્યો હતો? જિંદગીમાં ક્યારેય પણ કામ આવે એવું ડહાપણ ભેટ આપ્યું હતું? તમારા ઉપર છવાયા-લદાયા વગર એમણે તમને કોઈ પણ ક્ષેત્રમાં પ્રભાવિત કર્યા હતા?

મારા કિસ્સામાં આ દરેક પ્રશ્નનો જવાબ પૂરી 'હા'માં છે. એ મહાપ્રતાપી કે મહાવિદ્વાન કદાપિ નહોતા. શહેર-સમાજમાં એ બહુ આબરૂદાર હતા, પણ તાલુકા-જિલ્લા સુધી પણ એમની આભા પ્રસરી નહોતી. પણ હું માત્ર એમનો 'દેહજ' જ નહિ, પણ 'આત્મજ' પણ હતો એવો મને સદાય અનુભવ રહ્યા કર્યો. પહેલા જ ધોરણમાં બીલખામાં હું ભણવા બેઠો ત્યારે સાવ ખોટી એબીસીડી કે એકડા-બગડા લખેલી ટપાલ લખી કવરમાં નાખીને ટપાલમાં પોસ્ટ કરવા દેવાનો મારો મોટો-જબરો કજિયો એમણે મારી હઠ પૂરી કરીને પૂરો કર્યો જ હતો. એ પછી ઢસામાં 'બાલજીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા'થી હું મારા નામે વી.પી.થી બાળવાર્તાનાં પુસ્તકો મંગાવું અને તે પણ હેડમાસ્તર-કમ-પોસ્ટમાસ્તર બિચારા મારે ઘેર જાતે આવીને ડિલિવરી કરે અને હું સગીર હોવા છતાં મારી સહી કરાવે એવી મારી લાડકી અને માથા ફરેલ જીદ એમણે દરેક વખતે પૂરી કરી હતી. મને બહુ ગમતી મારી પાળેલી પોપટી હું કૉલેજમાં ગયો ત્યારે પાછળથી ઘરનાંને બહુ હેરાન કરતી અને પાંજરું સાફ કરવા જતાં આંગળાં લોહી-લુહાણ કરી નાખતી. એને મારી ગેરહાજરીમાં મન કાઠું કરીને ભીડભંજનના જંગલમાં મૂકી આવવા માટે ઘોડાગાડી કરી. અર્ધે ગયા અને પછી 'મારો છોકરો દુઃખી થશે. એના દિલને ક્યાં આઘાત આપવો?' એમ વિચારીને અર્ધેથી પાછા વળ્યા હતા. દેશી રાજ્યોનું વિલિનીકરણ થયું. અમારી અગાઉની જાહોજલાલી આથમી ગઈ. આ પછી ભણવા માટે મને મહિને અમદાવાદ પાંસઠ રૂપિયા મોકલવા માટે એમને સત્તાવનથી ઓગણસાઠની સાલમાં કેવી-કેટલી આપદા પડતી હતી તેની મને પૂરી ગમ છે. એક વાર ભાવનગર ભણવા જતો હતો ને રાતે બાર વાગ્યાનો ઓખા મેલ જેતપુર સ્ટેશનથી પકડવાનો હતો. હું ઉતાવળમાં ઘેરથી પાણી પીવાનું ભૂલી ગયેલો તે રાતે પોણાબારે સ્ટેશને ત્રણ ગાઉને છેટે પાણીનો કુંજો ભરીને પોતાના હાથે પાણી પાવા કડકડતી ટાઢમાં આવેલા (કેમ જાણે સ્ટેશને મને પાણી ન મળવાનું હોય?).

આવી કેટલીક વાતો લખવી? હૃદય ભરાઈ આવે.

કેટલીક ટેવો, સંસ્કારો એમણે બક્ષ્યા છે જે હું તો મારા સંતાનને આપી શકીશ કે નહિ તેની ખબર નથી. પણ મારામાંથી તો મરણપર્યંત જશે નહિ. ઉનાળાની ઋતુમાં 'બફા સો નફા' અથવા રસ્તો ન ભૂલીએ માટે 'પૂછના સો ભૂલના નહિ' અથવા નાનામોટા વિજયનો ઘમંડ ન ચડે એટલા માટે 'શિવરામ ગારદી, બે મહિના ને બાર દી' જેવી કહેવતો મનમાં ભરી દીધી છે એવી કે મનને મારવાના ચાબુક તરીકે વારેવારે કામ લાગે છે. આજે પણ રસ્તામાં કોઈ વૃદ્ધ પુરુષને આડેધડ રસ્તો ઓળંગતાં કે ચાલુ

બસે ચડતાં જોઉં છું ત્યારે એની વિરુદ્ધમાં મારા પિતાનું ચિત્ર રેખવાઈ જાય છે. 'કદી પણ એવું કરવું નહિ.' જીવનથી વધારે કીમતી કંઈ નથી.' એમ બોલતા એ અત્યંત સભાન ટ્રાફિક સેન્સવાળા હતા, 'બગીચાના બાંકડે બેસવું તો લાકડી કે પગરખાંથી ચાર-પાંચ વાર ઠપકારીને બેસવું - કારણ કે...' એ કહેતા : 'જીવજંતુ હોય તો એનાથી દૂર ચાલ્યું જાય.' બીજું, 'ભૂતપ્રેતમાં કદી ના માનવું. સાયન્સથી વિરુદ્ધ કશું બનતું નથી.'

વાચનનો શોખ ઠીક-ઠીક અને વાતરસિયા પણ ભારે. એ અને એમના બંને મોટા ભાઈઓ ભેગા મળે ત્યારે એવી ગપ્પાંગોષ્ઠી ચલાવે કે મંત્રમુગ્ધ થઈને સાંભળતાં જ રહીએ. બિલકુલ કબૂલ કરું કે મારી વાર્તા કે ચરિત્ર-લેખનની ઢબ પર એમની કથનશૈલીની જબરી છાપ છે. એમણે 'આવો-આવો ને, રમવા રાસ કે ઢસા સોરઠમાં.' નામે ગીત લખ્યું અને એકાદ નાટક પણ લખેલું. મારી સાહિત્ય-પ્રવૃત્તિથી બહુ રાજી. મેં એમનો છેલ્લો ફોટો એ 'આરામ'માં મારો લેખ વાંચતા હોય છે એ અદામાં પાડેલો. મને મળેલા વાર્તા સુવર્ણચંદ્રક વેળા એ રાજકોટ સમારંભમાં હાજરી આપવા આવેલા તે છેક સુધી ભારતીય બેઠક પર-ગાદીતકિયા ઉપર લાંબા થઈને તૃપ્ત અમીભરી નજરે જોઈ રહેલા. એ વખતે મને ઈનામમાં મળેલો રેડિયો એમણે વર્ષો સુધી એ ઈનામને યાદ કરી-કરીને સાંભળ્યો.

'ભાઈ, અમને માફ કરજે. અમે તેને કૂવામાં ઉતાર્યો.'

એમના મરતાં પહેલાંના દસ દિવસે એ મને પાસે બેસાડીને એમના અસીલોના કાગળો, કયા કોને આપવા, કોને કેટલા રૂપિયા પરત આપવાના છે કે કેટલા કોની પાસેથી લેવાના છે તેની વિગતો સમજાવતા હતા. મરણની એમને આગમ ગંધ આવી ગઈ હતી, એટલે આ બધી ભરભલામણ કરતા હતા. એમના હાથ મને પારકાનો હિસાબ આપતાં-આપતાં એકાએક અટકી ગયા ને એમનાથી આ બોલાઈ જ ગયું : 'માફ કરજે, અમે તને કૂવામાં ઉતાર્યો.'

મારા છૂટાછેડામાં પરિણમેલા પ્રથમ લગ્નજીવનની કારુણિકાનો પૂર્વાપર સંબંધ એ વાક્ય સાથે હતો, જેમાં મારું એક મોટું અહિત થયું હતું. જોકે એમાં પણ મારા પિતા કરતાં મારી બા વિશેષ જવાબદાર હતી (અને એ પણ ૧૯૮૦માં એના અંતિમ દિવસોમાં મારા સમક્ષ આ જ વાક્ય બોલેલી). છતાં પિતા આ વાક્ય બોલ્યા એટલે મેં એમનું કાંડું જ પકડી લીધું. બોલ્યો : 'કેવી વાત કરો છો ભાઈ! થાય, એ તો મારી હથેળીમાં જ એવું હશે. એમાં તમે શું કરો?'

'ના, ના, પણ,' એ બોલ્યા : 'આ બધા અસીલોના હિસાબની હું પતાવટ તારી સાથે કરું છું ને તારો જ હિસાબ રહી જાય?'

'આવતા જન્મે પણ તમે જ મારા પિતા થવાના છો.' મેં કહ્યું : 'શા માટે ઉતાવળ કરો છો. એ વખતે પતાવીશું.' આમ કહીને વાતને રોળીટોળી નાખવાને માટે મેં હસી દીધું.

એ પછી બહુ દિવસો એ જીવ્યા નહિ.

એક સાંજે તરુ – મારી પત્ની – રાજકોટથી આવી. સાથે એ કાળાં કાપડ પર જાતે ભરતકામ કરી લાવી હતી. એની થેલી બનાવી હતી. જોઈને એ એક સાહિત્યિક વાક્ય બોલ્યા : 'આ છોકરી પણ તારી કાળા કાપડ જેવી થઈ ગયેલી જિંદગીમાં રંગીન ફૂલોના બુટ્ટા ઉપસાવવા આવી છે હો, ધ્યાન રાખજે.'

છેલ્લી ચા એમણે તરુના હાથની બનાવેલી પીધી. પછી એમની નિયમિતતાની ટેવ એ અર્ધભાનાવસ્થામાં પણ જાગ્રત થઈ. 'પોણા આઠ થયા છે, એથી ગાડીનો ટાઈમ થઈ ગયો છે. હવે નીકળવું જોઈએ.'

તરુને રાજકોટ જવું જરૂરી હતું, કારણ કે ભાણેજ ભારતીની રાજકોટમાં એસ.એસ.સી.ની પરીક્ષા ચાલુ હતી.

એ ગઈ. થોડી જ વારમાં એમની ડોક ઢળી. એમના ઉચ્છ્વાસની એક હળવી ફૂંકથી મારા માથેનું છાપરું ઊડી ગયું.

**સૌજન : પિતા-પપ્પા-ડેડી,**
**રતિલાલ બોરીસાગર**

---

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**WILL (વસિયત) / GIFT DEED**

**RELEASE DEED / REGISTRATION**

**PROBATE / SUCESSION CERTIFICATE**

**WILL JUNCTION**
**9594 385 838 / 8080 336 335**

Advt.

# દાન આપવામાં કદી પાછા ન પડવું

**હરિભાઈ કોઠારી**



**अनुकूले विधौ देयं यतः पूरयिता हरिः।**
**प्रतिकूले विधो देयं यतः सर्व हरिष्यति'।।**

'તકદીર અનુકૂળ હોય ત્યારે દાન આપવું, કારણ કે પૂરું પાડનાર ભગવાન છે અને તકદીર પ્રતિકુળ હોય ત્યારે પણ દાન આપવું, કારણ કે નહીં તો એ જ ભગવાન બધું હરણ કરશે.'

દાનનો મહિમા અનેરો છે. દાન આપવામાં કદી માણસે પાછા પડવું ન જોઈએ. ભગવાન જેવો આપનાર બેઠો છે એથી ખૂટવાનો સવાલ જ નથી. માણસે કદી દિલ નાનું ન કરવું જોઈએ. 'આપતા જાઓ અને તમને મળતું જશે' એ કુદરતનો કાનૂન છે. 'લક્ષ્મી દાનાનુસારિણી' અર્થાત્ લક્ષ્મી હંમેશાં દાનને અનુસરે છે.

એક રાજા ખૂબ દાનશૂર હતો. તે વિદ્વાનોને તેમ જ કલાકારોને ખૂબ જ મોટાં ઈનામો આપીનિ નવાજતો. પ્રજાનું દુઃખ દૂર કરવા તે છૂટે હાથે પૈસા ખર્ચતો. સાધુસંતો અને બ્રાહ્મણો તેના રાજ્યમાં સદા સંતૃપ્ત રહેતા. તેના પ્રધાનની રાજાની આ દાનશૂરતા ખૂબ જ ખટકતી. તે અવારનવાર રાજાને દાન આપતાં અટકાવવાનો પ્રત્યક્ષ યા પરોક્ષ પ્રયત્ન કરતો, પરંતુ રાજાના ઔદાર્ય સામે તેનો કોઈ ઉપાય કામ ન લાગતો.

રાજાને સાવચેત કરવાના ઈરાદાથી તેણે એક વાર રાજાના શયનગૃહની ભીંત પર 'આપદર્થે ધનં રક્ષેત્'અર્થાત 'આપત્તિ માટે ધન સાચવી રાખવું જોઈએ' એવું સૂત્ર લખી નાખ્યું. રાજાએ એ સૂત્ર વાંચ્યું. પ્રધાનનું આ ચાપલ્ય જોઈને રાજા મનોમન હસવા લાગ્યો. તેણે એ સૂત્રની નીચે બીજું એક સૂત્ર લખી નાખ્યું 'મહતાં કુતઃ આપાદઃ?' અર્થાત્ 'મોટા માણસોને આપત્તિ ક્યાંથી આવે?' રાજાનો આ ખ્યાલ જોઈને પ્રધાનને આશ્ચર્ય થયું. તેને થયું કે મને આપત્તિ આવશે જ નહીં એવી ભ્રાન્તિમાં રાજા રાચે છે. તેણે એ સૂત્રની નચી વળી એક સૂત્ર ઉમેર્યું, 'કદાચિત કુપિતો દેવઃ' અર્થાત્ 'કદાચ દેવ કુપિત થાય તો?' (આપત્તિ આવે પણ ખરી) આ વાંચીને રાજાએ વળી આગળ એક ચરણ ઉમેર્યું, 'સંચિત ચાપિ નશ્યતિ' અર્થાત્ (જો દેવ કુપિત થાય તો) 'સાચવેલું પણ નાશ પામે.' ઉપરોક્ત સુભાષિતનું યથોચિત સમર્થન આ દૃષ્ટાંતકથામાંથી સાંપડી રહે છે. માણસે કદી દાનપરાઙ્મુખ ન બનવું જોઈએ.

દેવ અનુકૂળ હોય તો આપીને ખૂટશે નહીં અને દેવ પ્રતિકૂળ હશે તો રાખીને બચશે નહીં. આપેલું જ માણસને પાછું મળે છે, રાખેલું નાશ પામે છે. તેથી અનુકૂળ કે પ્રતિકૂળ બધી જ પરિસ્થિતિઓમાં માણસે દાનાભિમુખ રહેવું જોઈએ. વિત્તાની ત્રણ ગતિઓ વર્ણવતાં શાસ્ત્રકારોએ લખ્યું છે કે :

દાનં ભોગો નાશઃ તિસ્ત્રઃ ગતયઃ ભવન્તિ વિત્તસ્ય,
યો ન દદાતિ ન ભુંક્તે, તસ્ય તૃતીયા ગતિર્ભવતિ

દાન, ભોગ અને નાશ એમ વિત્તની ત્રણ ગતિઓ છે. જે આપતો નથી. ભોગવતો નથી તેના વિત્તની ત્રીજી ગતિ (નાશ) થાય છે.

પૈસો જ્યાં સુધી આપણા હાથમાં હોય ત્યાં સુધી જ એ આપણો ગણાય. એટલા સમય દરમ્યાન વિવેક જાળવીને એનો સદ્વ્યય કરીએ તો પુણ્યરૂપે એ જન્મજન્માંતર આપણી જોડે આવે. બાકી તો લક્ષ્મી ચંચળ છે, કોઈની થઈ નથી અને થવાની પણ નથી. લક્ષ્મી તો વિષ્ણુપત્ની છે. વિષ્ણુ એટલે વ્યાપક એ રીતે જોતાં વિશાળ દિલના માનવને છોડી જવાનું વિત્તને પણ નથી ગમતું. કંજુસ માણસ જ સાચા અર્થમાં ઉદાર છે, કારણ કે તે ખાતો નથી, ખવડાવતો નથી, વાપરતો નથી; બધું જ અહીં છોડીને ચાલ્યો જાય છે. દાનવીર માણસ જ ખરા અર્થમાં દક્ષ છે, કારણ કે તે અહીં પણ પૈસો સત્કાર્યમાં વાપરે છે અને પુણ્યરૂપે પલટાવીને આગળ પણ પોતાની જોડે પુણ્યરૂપે પલટાવીને આગળ પણ પોતાની જોડે લઈ જાય છે. ખાય (ખાન) અને (ખવડાવે) (દાન) તે જ ખરો ખાનદાન ગણાય.

❖❖❖

# તમારે વીલ કરાવવું છે ? કયા દસ્તાવેજો લઈને સૉલીસીટર પાસે જવું ?

કિશોર એમ. શાહ – સોલિસિટર

**તમારે વીલ તૈયાર કરાવવું છે ? આ માટે કયા કયા દસ્તાવેજો લઈને સૉલીસીટર પાસે જવું જોઈએ, તેની વિગતો નીચે મુજબ આપી છે :**

(૧) સૌથી પહેલાં જેનું વીલ કરવાનું હોય તેનું આખું નામ લખવું, જન્મની તારીખ લખવી અને ઉંમર લખવી; અત્યારના વીલમાં ઉંમર લખવી ખાસ જરૂરી છે કારણ કે લગભગ ૩૦ વર્ષના પુરૂષ કે સ્ત્રીનું વીલ કર્યું હોય તો ડૉક્ટરનું સર્ટિફિકેટ લેવું જરૂરી છે કે વીલ કરનારે ડૉક્ટર કે સૉલિસિટરની હાજરીમાં વીલ કર્યું છે અને વીલ કરનારી વ્યક્તિએ સમજણપૂર્વક, ઈચ્છાપૂર્વક કે કોઈના દબાણ વિના કર્યું છે, ડૉક્ટરે સર્ટિફિકેટમાં લખવું જરૂરી છે કે વીલ કરનાર વ્યક્તિની માનસિક સ્થિતિ સારી હતી. તે સ્વસ્થ હતી અને તેણે આ વીલ સમજણપૂર્વક - સભાનતાથી કર્યું છે.

(૨) વીલ કરનારી વ્યક્તિએ તેના ઘરનું કે ઓફીસનું આખું સરનામું બરાબર લખવું કારણ કે ભવિષ્યમાં પ્રોબેટ અથવા તો લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન કે સક્શેસન સર્ટિફિકેટની અરજી કરવી પડે ત્યારે ગુજરી જનાર વ્યક્તિનું રહેવાનું સરનામું મુંબઈમાં હોય તો મુંબઈ હાઈકોર્ટના જ્યુરિડિક્શનમાં આવે છે. એટલે બોમ્બે હાઈકોર્ટ પ્રોબેટની પિટિશન કરવી પડે છે. કોઈપણ સ્થાવર કે જંગમ પ્રોપર્ટી હોય તેનું વિગતવાર ડિસ્ક્રિપ્શન વીલમાં કરવું પડે છે.

(૩) ત્યારપછી જેણે વીલ કરવું હોય તેના બધા જ સગાસંબંધીઓના નામ અને સરનામા લખવા.

(૪) કોઈપણ વ્યક્તિ વીલ કર્યા વગર ગુજરી જાય તો હિન્દુ લૉમાં શિડયુલ-૧ પ્રમાણે ૧૨ સગાનાં હક બની જાય છે. શિડયુલ-૧ ના સગા ન હોય તો શિડ્યુલ-૨ ના સગાને સરખે ભાગે ગુજરી જનારી વ્યક્તિની મિલકતમાં સરખે સરખો હક મળે છે.

(૫) વીલમાં કેવા executor નીમવા જોઈએ : કોઈપણ વીલમાં પુરૂષ ટ્રસ્ટી હોય તો તેને executor કહેવાય છે અને સ્ત્રી ટ્રસ્ટી હોય તો તેને executrix કહેવાય છે. કોઈપણ વીલમાં executor/executrix નું સૌથી મહત્ત્વનું સ્થાન છે, કારણ કે વીલનો અમલ તેણે કરવાનો છે. મારા અનુભવ પરથી ધાર્યું છે કે વીલ કરવું સહેલું છે, પણ તેનો અમલ કરવો ઘણો અઘરો છે. કોઈપણ વ્યક્તિને executor/executrix તરીકે નીમવામાં આવે તો તેની સંમતિ લેવી જરૂરી છે. કારણ કે કોઈપણ વ્યક્તિનું નામ executor/executrix તરીકે લખ્યું હોય તેને માટે executor/executrix તરીકે રહેવું ફરજિયાત નથી. કોઈપણ વ્યક્તિ executor/executrix તરીકે કામ કરવાની ના પાડી શકે છે.

(૬) વીલનો સૌથી મહત્ત્વનો પ્રિન્સિપલ એ છે કે "will speaks from the death of the testator." કોઈપણ વ્યક્તિ ગુજરી જાય ત્યાર પછી executor/executrix ની જવાબદારી શરૂ થાય છે. executor/executrix તરીકે સૌથી પહેલાં તેની જવાબદારી એ છે કે executor/executrix ના નામનો એક બેંક એકાઉન્ટ ખોલાવી નાખવો અને ગુજરી જનારી વ્યક્તિની બધી જ આવક અને જાવકને હિસાબ તે ખાતામાંથી આપવો. executor તરીકે એક વ્યક્તિ કુટુંબની એવી હોવી જોઈએ કે જેની ઉંમર નાની હોય. ઘણી બખત વ્યક્તિ ગુજરી જાય તેનાં ૧૫-૨૦ પછી પ્રોબેટની પિટિશન કરવી પડે જે ફક્ત executor/executrix ની હોય છે. આ બધા કારણસર વીલ કરનારી વ્યક્તિએ તેનાં વીલમાં કોણ executor/executrix હશે તેનો પાકો વિચાર કરવો અને પછી વીલમાં એપોઈન્ટ કરવા. વીલને લગતો એક મહત્ત્વનો પ્રિન્સિપલ એ છે કે executor/executrix can be a beneficiary but beneficiary should not be an attesting witness." આનો અર્થ એમ થાય છે કે executor/executrix ને વીલમાં immovable/movable property મળી શકે છે, પણ પછી તેઓ વીલમાં સાક્ષી નથી બની શકતા.

(૭) What is self-acquired property? What inherited property and what is her સ્ત્રી ધન ?

જેણે વીલ કરવાનું હોય તેને માટે ખાસ ચોખવટ કરવાનું જરૂરી છે કે તે માણસની self-acquired property કઈ છે, બાપદાદા તરફથી inherited property કઈ છે અને HUF ની property કઈ છે, કારણ કે હવે તો મહારાષ્ટ્ર સરકારના એમેન્ડમેન્ટ પ્રમાણે ઘરની છોકરીઓને પણ HUF property માં પૂરેપૂરો ભાગ મળે છે, તે HUF property જેટલો છોકરીનો ભાગ છે, તે છોકરાઓ તેનું વીલ પણ કરી શકે છે. આ બધામાં સૌથી વધારે મુસીબત HUF immovable property માં થાય છે. એટલે બની શકે ત્યાં સુધી દરેક વ્યક્તિએ પોતાના નામની immovable prop-

erty રાખવી, પણ HUF માં immovable property શક્ય હોય ત્યાં સુધી નહીં રાખવી. કોઈપણ સ્ત્રી પરણીને આવે ત્યારે લગ્નમાં જેટલા દાગીના તેના મા-બાપથી મળેલા હોય તે તેના થઈ જાય છે, પણ સાસરિયાથી મળેલા દાગીના કે બીજું કંઈ પણ મળ્યું હોય તે પણ તેનું સ્ત્રીધન થઈ જાય છે. સ્ત્રીઓ તેમની ઈચ્છા મુજબ આ સ્ત્રીધનનું વીલ બનાવી શકે છે અને તે વીલમાં કોઈને પણ આપી શકે છે.

(૮) વીલમાં HUF ની વિગત લખવી: હિંદુ ધારા પ્રમાણે કોઈ પણ પુરૂષને ત્યાં છોકરાને /છોકરીનો જન્મ થાય ને તેના પિતાજી પાસે બાપ-દાદાની મિલકત હોય અને તે મિલકત HUF માં હોય તો છોકરા ને છોકરીનો તે બાપ-દાદાની મિલકતમાં જન્મથી હક બની જાય છે. HUF ના કાયદા પ્રમાણે કોઈપણ છોકરા કે છોકરીનો તે કુટુંબમાં જન્મ થાય તો 'by oeration of law' તેમનો HUF ની દરેક મૂડીમાં હક બની જાય છે અને જેટલાં HUF નાં સભ્યના share હોય તે ઘટી જાય છે. HUF નો કોઈ મેમ્બર ગુજરી જાય તો જેટલા HUF મેમ્બર હોય તે વધી જાય છે. આ કારણસર HUF Property ની વિગતો વીલમાં આપવી જરૂરી છે.

(૯) વીલમાં પાર્ટનરશિપને લગતી કેટલી વિગતો આપવી જરૂરી છે ?

વીલ કરતી વખતે જે સભ્ય પાર્ટનરશિપ ફર્મનો પાર્ટનર હોય તો તેનો શેર કોને જાય એનો પણ વિચાર કરીને લખવું. તે પાર્ટનરશિપ ફર્મ, રજિસ્ટ્રાર ઓફ ફર્મ સાથે રજિસ્ટર્ડ છે કે નહીં તેનું સર્ટિફિકેટ પણ સૉલિસિટરને દેખાડવું કારણકે ફક્ત રજિસ્ટર્ડ પાર્ટનરશિપ ફર્મ કોઈની સામે લિગલ પ્રોસિડિંગ્સ લઈ શકે છે. રજિસ્ટર્ડ વિનાની કોઈપણ ફર્મ લિગલ પ્રોસીડીંગ્સ લઈ નથી શકતી.

(૧૦) કોઈપણ વ્યક્તિ જેણે વીલ કર્યું હોય તે ભાડાંની જગ્યામાં રહે છે કે રજિસ્ટર્ડ સોસાયટીમાં પોતાની જગ્યામાં રહે છે તે લખવું જરૂરી છે.

(અ) વીલ કરતી વખતે તે વ્યક્તિએ રજિસ્ટર્ડ સોસાયટીમાં ફ્લેટ હોય તો તે ફ્લેટના શેર-સર્ટિફિકેટની ઝેરોક્સ લાવવી ને original agreement for sale/ conveyance સૉલિસિટરને દેખાડવો. વીલ કરનારે સૉલિસિટરને એ પણ જણાવવું જે કોની તરફેણમાં ફ્લેટનું નોમિનેશન કર્યું છે.

(બ)સોસાયટીએ તે નોમિનેશન કઈ મેનેજિંગ કમિટીનાં રિઝોલ્યુશન પાસ કરીને તે નોમિનેશન સોસાયટીને સ્વીકાર કર્યું છે. વીલ કરનારી વ્યક્તિએ તે પણ ધ્યાનમાં રાખવું કે સોસાયટીની મિનિટસ બુકમાં આ રિઝોલ્યુશન લખાયું છે કે નહીં અને સોસાયટી પાસેથી આ રિઝોલ્યુશનની સર્ટિફાઈડ ટ્રુ કોપી માગવી.

જે વ્યક્તિએ ફ્લેટને લગતું નોમિનેશન કર્યું હોય તેની તરફેણમાં વીલમાં તે ફ્લેટ આપવો. ઘણી વખત ઘણી વ્યક્તિઓ નોમિનેશન એકની તરફેણમાં કરે છે અને વીલ બીજાની તરફેણમાં કરે છે. આમાં ઘણાં કાયદેસરના પ્રશ્નો ઊભા થાય છે એટલે વીલ કરનારી વ્યક્તિએ જેની તરફેણમાં નોમિનેશન કર્યું છે તેને જ વીલમાં તે ફ્લેટ આપવો.

નોમિનેશન ગમે ત્યારે બદલી શકાય છે અને ફક્ત નોમિનેશન કરવાથી કોઈપણ વ્યક્તિની તે પ્રોપર્ટી પર હક નથી થતો. માઈનોરની તરફેણમાં પણ નોમિનેશન કરી શકે છે.

❖❖❖

## નમ્રતા રાખશો તો ખરાબ સમયમાં ય શાંતિ મળશે

એક શહેરમાં વેપારીનું એક મોટું મકાન હતું તેની નીચે તેની અનાજની દુકાન હતી. દુકાનની સામે અનાજનો ઢગલો પડ્યો રહેતો હતો. એક દિવસ એક બકરો આવ્યો અને તે ઢગલામાં મોઢું નાખ્યું. દુકાનનો માલિક એક દનવાન યુવાન હતો. તેના હાથમાં અણીદાર લાકડી હતી. તેણે બકરાને તરત જ જોરથી લાકડી મારી બકરો ચીસો પાડતો ત્યાંથી ભાગી ગયો. આ ઘટનાને ત્યાંથી પસાર થતાં નારદમુનિ અને અંગિરા ઋષિએ જોઈ નારદજી હસી પડયા.

અંગિરાએ હસવાનું કારણ પૂછતા નારદજીએ કહ્યું આ અનાજની દુકાન પહેલાં ઘણી નાની હતી તેના માલિકે તેમાંથી જ પોતાનો વેપાર વિસ્તાર્યો તે કરોડપતિ ની ગયો અને તેણે મોટું મકાન બનાવ્યું. કરોડપતિ થયા પછી તેને અભિમાન આવી ગયું. કોઈની સાથે તે સીધી રીતે વાત સુદ્ધા ન હોતો કરતો જ્યારે તે અભિમાની માલિક મરી ગયો ત્યારે તેનો યુવાન પુત્ર દુકાન પર બેસીને ધંધો સંભાળવા લાગ્યો. મને એ વાત પર હસવું આવી રહ્યું છે કે તે દુકાનનો માલિક અને એ યુવાનનો પિતા જ બકરાની યોનિમાં પેદા થયો છે.

જે એક સમયે આ દુકાન મકાન અને સંપૂર્ણ ધંધાનો માલિક હતો. આજે એક મુઠ્ઠી અનાજ પણ તેને મળતું નથી. અનાજ તરફ જોતાં જ તેને માર પડે છે. જે પુત્રને તેમણે ખૂબ પ્રેમથી પાળ્યો પોષ્યો તે જ મારે છે મૂળ વાત એ છે કે **સમય બદલાતા વાર નથી લાગતી આથી સારા સમયમાં વિનમ્રતાથી રહો જેથી તેના ફળસ્વરૂપે ખરાબ સમય શાંતિથી પસાર થાય.**

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

આયોજીત

## શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ પ્રેરિત અને જૈન દર્શન સ્વાધ્યાય સંઘ સંચાલિત

# ઓપન બુક એકઝામ

### ‘‘ચાલો જીવવાનુ શરૂ કરીએ.’’

**ઈનામ પાત્ર સભ્યો**

| ક્ર. | નામ | ઈનામ | માર્ક | એરીયા |
|---|---|---|---|---|
| (૧) | પ્રથમ નંબર - ભાવનાબેન એમ. મશ્કરીઆ | ૧૧,૦૦૦/- | ૯૩ | ઘાટકોપર |
| (૨) | દ્વિતીય નંબર - મીનલબેન સમીરભાઈ શાહ | ૭૫૦૦/- | ૯૨ | માટુંગા (સેન્ટ્રલ રે) |
| (૩) | તૃતીય નંબર - પ્રીતીબેન રાજેશભાઈ શાહ | ૫૦૦૦/- | ૯૧ | માટુંગા (સેન્ટ્રલ રે) |
| (૪) | બીનાબેન નિકેશભાઈ શાહ | ૧૦૦૦/- | ૯૦ | કાંદિવલી (વેસ્ટ) |
| (૫) | રૂપાબેન અમીતભાઈ શાહ | ૧૦૦૦/- | ૯૦ | ચુનાભટ્ટી (વેસ્ટ) |
| (૬) | કૃપલબેન રીતેશભાઈ શાહ | ૧૦૦૦/- | ૯૦ | ઘાટકોપર (વેસ્ટ) |
| (૭) | માયાબેન જયેશભાઈ દોશી | ૧૦૦૦/- | ૯૦ | સાંતાક્રુઝ (વેસ્ટ) |
| (૮) | સરોજબેન પ્રકાશભાઈ દોશી | ૧૦૦૦/- | ૯૦ | માટુંગા (સેન્ટ્રલ રે) |

| ક્ર. | નામ | માર્ક | એરીયા |
|---|---|---|---|
| ૯ | ચારૂબેન આર. પરીખ | ૮૯ | કાંદીવલી |
| ૧૦ | રૂપાબેન એન. ગોપાણી | ૮૯ | વિલેપાર્લે (ઈ) |
| ૧૧ | રાજુલબેન એ. શાહ | ૮૯ | સાયન |
| ૧૨ | કોકીલાબેન એસ. અદાણી | ૮૮ | વિલેપાર્લે |
| ૧૩ | ચંદ્રીકાબેન એસ. શાહ | ૮૮ | અંધેરી |
| ૧૪ | ઈલાબેન એચ. ચુડગર | ૮૮ | અંધેરી |
| ૧૫ | નીશાબેન કે. શાહ | ૮૮ | વિલેપાર્લે |
| ૧૬ | રીટાબેન આર. વોરા | ૮૮ | ઘાટકોપર |
| ૧૭ | દર્શનાબેન એમ. શાહ | ૮૮ | સાયન |
| ૧૮ | છાયાબેન એન. શાહ | ૮૮ | અંધેરી |
| ૧૯ | રસિલાબેન એમ. દોશી | ૮૮ | પાર્લા |
| ૨૦ | સેજલબેન એસ. દેસાઈ | ૮૮ | સાંતાક્રુઝ |
| ૨૧ | દિપકભાઈ આર. શેઠ | ૮૮ | મલાડ |
| ૨૨ | ઉશ્માબેન એસ. વોરા | ૮૭ | પાર્લા |

| ક્ર. | નામ | માર્ક | એરીયા |
|---|---|---|---|
| ૨૩ | આશાબેન એચ. શાહ | ૮૭ | અંધેરી |
| ૨૪ | ચંદ્રીકાબેન એન. શાહ | ૮૭ | સાંતાક્રુઝ |
| ૨૫ | અમીતાબેન સી. દોશી | ૮૭ | કાંદીવલી |
| ૨૬ | હિનાબેન પી. વોરા | ૮૭ | અંધેરી |
| ૨૭ | જયશ્રીબેન એમ. તલસાણીયા | ૮૭ | બોરીવલી |
| ૨૮ | કુંદનબેન સી. સંઘવી | ૮૭ | બોરીવલી |
| ૨૯ | ચારુબેન પી. દોશી | ૮૭ | બોરીવલી |
| ૩૦ | રસીલાબેન કે. ગાંધી | ૮૬ | અંધેરી |
| ૩૧ | બિંદુબેન ડી. સંઘવી | ૮૬ | ડોંબીવલી |
| ૩૨ | શ્વેતાબેન પી. મહેતા | ૮૬ | બોરીવલી |
| ૩૩ | રીટાબેન પી. ગાંધી | ૮૬ | ડોંબીવલી |
| ૩૪ | પૂર્વીબેન કે. શાહ | ૮૬ | બોરીવલી |
| ૩૫ | મીનાબેન પી. મહેતા | ૮૬ | બોરીવલી |
| ૩૬ | અમિતાબેન એમ. શાહ | ૮૫ | અંધેરી |

| ક્ર. | નામ | માર્ક | એરીયા |
|---|---|---|---|
| ૩૭ | મીનાબેન બી. પોપટાણી | ૮૫ | ખાર |
| ૩૮ | બીનાબેન આર. વોરા | ૮૪ | મુલુન્ડ |
| ૩૯ | હર્ષાબેન આર. શાહ | ૮૪ | અંધેરી |
| ૪૦ | હર્ષાબેન એસ. સંઘવી | ૮૪ | વિલેપાર્લે |
| ૪૧ | નીતાબેન એન. શાહ | ૮૪ | વિલેપાર્લે |
| ૪૨ | તૃપ્તિબેન વી. ગાંધી | ૮૩ | ઘાટકોપર |
| ૪૩ | પ્રવિણાબેન એચ. શાહ | ૮૩ | ઘાટકોપર |
| ૪૪ | આશાબેન એસ. બોરડીયા | ૮૩ | સાંતાક્રુઝ |
| ૪૫ | નીતાબેન ડી. વોરા | ૮૨ | અંધેરી |
| ૪૬ | નીરુબેન પી. શાહ | ૮૨ | વાલકેશ્વર |
| ૪૭ | માલિનીબેન બી. શાહ | ૮૨ | ગોરેગામ |
| ૪૮ | રીટાબેન સી. દેસાઈ | ૮૨ | અંધેરી |
| ૪૯ | સ્મિતાબેન એસ. શાહ | ૮૨ | બોરીવલી |
| ૫૦ | કોકીલાબેન પી. ગોપાણી | ૮૧ | કાંદીવલી |
| ૫૧ | રેખાબેન એમ. શાહ | ૮૧ | અંધેરી |
| ૫૨ | વિભાબેન એસ. શાહ | ૮૦ | બોરીવલી |
| ૫૩ | પારૂલબેન સી. શાહ | ૮૦ | સાયન |
| ૫૪ | વિભાબેન જી. સંઘવી | ૮૦ | વિલેપાર્લે |
| ૫૫ | નિલાબેન ધીરેનભાઈ શાહ | ૮૦ | સાયન |
| ૫૬ | પારુલબેન એ. શાહ | ૮૦ | વોર્ડન રોડ |
| ૫૭ | નિશાબેન એ. કોઠારી | ૮૦ | કાંદીવલી |
| ૫૮ | સુષ્માબેન ડી. શાહ | ૭૯ | કાંદીવલી |
| ૫૯ | ઈન્દિરાબેન એચ. શાહ | ૭૯ | મલાડ |
| ૬૦ | મનીષાબેન એ. શાહ | ૭૯ | બોરીવલી |
| ૬૧ | જયશ્રીબેન એચ. શાહ | ૭૯ | બોરીવલી |
| ૬૨ | અલ્પાબેન વી. ગોપાણી | ૭૯ | બોરીવલી |
| ૬૩ | કલ્પનાબેન એ. સંઘવી | ૭૯ | મલાડ |
| ૬૪ | સ્નેહાબેન એસ. શાહ | ૭૯ | કાંદીવલી |
| ૬૫ | મનીષાબેન એમ. શાહ | ૭૮ | મુલુંડ |
| ૬૬ | કલ્પનાબેન બી. શાહ | ૭૮ | તારદેવ |
| ૬૭ | સેજલબેન એલ. શાહ | ૭૭ | કાંદીવલી |
| ૬૮ | પ્રિતીબેન એમ. ગાંધી | ૭૭ | કાંદીવલી |

| ક્ર. | નામ | માર્ક | એરીયા |
|---|---|---|---|
| ૬૯ | આશાબેન શાહ | ૭૭ | બોરીવલી |
| ૭૦ | તોરલબેન પી. શેઠ | ૭૬ | અંધેરી |
| ૭૧ | દેવીબેન એ. શાહ | ૭૬ | અંધેરી |
| ૭૨ | શીલાબેન એમ. દોશી | ૭૬ | કાંદીવલી |
| ૭૩ | રેખાબેન સી. શાહ | ૭૬ | બોરીવલી |
| ૭૪ | અલ્કાબેન એલ. શાહ | ૭૫ | કલ્યાણ |
| ૭૫ | અલ્કાબેન એલ. શાહ | ૭૫ | કલ્યાણ |
| ૭૬ | ડીમ્પલબેન આર. શાહ | ૭૪ | કાંદીવલી |
| ૭૭ | છાયાબેન સી. કોઠારી | ૭૪ | બોરીવલી |
| ૭૮ | પુજાબેન બી. દોશી | ૭૩ | કાંદીવલી |
| ૭૯ | સોનલબેન ડી. સંઘાણી | ૭૩ | સાયન |
| ૮૦ | રસીલાબેન સી. શાહ | ૭૨ | સાંતાક્રુઝ |
| ૮૧ | પ્રજ્ઞાબેન ડી. ગાંધી | ૭૨ | સાયન |
| ૮૨ | હિનાબેન જે. મણિયાર | ૭૧ | અંધેરી |
| ૮૩ | પ્રિતીબેન એ. શાહ | ૭૧ | વિલેપાર્લે |
| ૮૪ | હસુમતીબેન એ. ગાંધી | ૭૦ | ભાયંદર |
| ૮૫ | ભાવનાબેન એમ. શાહ | ૭૦ | કાંદીવલી |
| ૮૬ | કોકીલાબેન વાય. ગોસલીયા | ૭૦ | અંધેરી |
| ૮૭ | દિપીકાબેન એમ. મણિયાર | ૬૯ | સાંતાક્રુઝ |
| ૮૮ | ભાવનાબેન એસ. શાહ | ૬૯ | અંધેરી |
| ૮૯ | અલ્પાબેન ડી. દોશી | ૬૫ | ભાયંદર |
| ૯૦ | ઈલાબેન જી. વોરા | ૬૫ | વીલેપાર્લા |
| ૯૧ | પારુલબેન એચ. પારેખ | ૬૪ | સાયન |
| ૯૨ | હીનાબેન વોરા | ૬૪ | કાંદીવલી |
| ૯૩ | ઉર્મિલાબેન એન. ગાંધી | ૬૪ | ભાયંદર |
| ૯૪ | ભારતીબેન એ. દોશી | ૬૪ | બોરીવલી |
| ૯૫ | દિપાલીબેન વી. શાહ | ૫૪ | ઘાટકોપર |
| ૯૬ | પારૂલબેન કે. કોઠારી | ૫૦ | ઘાટકોપર |
| ૯૭ | નયનાબેન એ. જોબાળીયા | ૫૦ | બોરીવલી |
| ૯૮ | રક્ષાબેન ડી. શાહ | ૪૮ | બોરીવલી |
| ૯૯ | ઉર્વશીબેન આર. વોરા | ૪૭ | સાયન |
| ૧૦૦ | મિનાક્ષીબેન એ. વોરા | ૪૦ | કાંદીવલી |

# લગ્નનો ખોટો પર્યાય
# લગ્ન સમારોહ અને લગ્ન એક જ નથી



**ડૉ જાનકી શાહ**

**સ**મય જતાં, ઘણી વસ્તુઓ બદલાઈ ગઈ. કેટલીક વસ્તુઓ અપગ્રેડ કરવામાં આવી છે, કેટલીક વસ્તુઓ ડાઉનગ્રેડ કરવામાં આવી છે, અને કેટલીક સંપૂર્ણપણે અદશ્ય થઈ ગી હતી. જો કે, લગ્નની સંસ્કૃતિ વર્ષોથી સુસંગત રહી છે. જો કે, લગ્ન ઉત્સવ લગ્નનો પર્યાય છે એમ માનીને આજના યુવાનોએ અમુક અંશે તેનો માર્ગ ગુમાવ્યો છે.

લગ્ન નક્કી થતાં જ તમામ ધ્યાન આઉટફિટ, ફોટોગ્રાફર ફોટોશૂટ, રીલ, મેકઅપ અને હેરસ્ટાઈલ પર હોય છે. ફંક્શનમાં કયા પ્રકારનો ડ્રેસ પહેરવામાં આવશે ? લા કે પેસ્ટલ ? એચડી મેક-અપ કે નહીં ? કયું એન્ટ્રી ગીત શ્રેષ્ઠ રહેશે ? કેટલી રીલ્સ ખૂબ હશે ? તેઓ કહે છે કે લગ્ન જીવનભરનું બંધન છે. કોઈની સાથે જીવનભરમાં પગ મૂકવો એ નાની ઘટના નથી. શું આ નિરર્થક પ્રશ્નો એક મજબૂત પાયો બનાવવા માટે બહુ છે ?

વેડિંગ ફવર્સ અને મિત્રો માટે ભેટ ટ્રેન્ડિંગ છે. લોકો આના પર હજારો ખર્ચ કરે છે અને ઈવેન્ટના અંતે મોટાભાગનું પેકેજિંગ અને કેટલીક નાની વસ્તુઓ ફેંકી દેવામાં આવે છે. શું આ પૈસાની બગાડ નથી ?

માત્ર વરકન્યાની જોડી જ નહીં પરંતુ સંપૂર્ણ પરિવાર પણ આ કાર્યક્રમ માટે સંપૂર્ણ આયોજન શરૂ કરે છે. આજકાલ, કપલનો પરિવાર કપડા, ઈમિટેશન જ્વેલરી અને અન્ય એસેસરીઝ પાછળ લાખોનો ખર્ચ કરે છે. દરેક ઈવેન્ટની અલગ થીમ હોય છે અને લોકો થીમ પ્રમાણે ડ્રેસિંગ પર બિનજરૂરી પૈસા ખર્ચે છે. આમાંના ઘણા પોશાક, પ્રોપ્સ અને એસેસરીઝ બોક્સમાં પેક કરવામાં આવે છે અને વર્ષો સુધી કબાટમાં ધૂળ થાય છે.

આ બધા પાછળનું કારણ સમજવું જરૂરી છે. આ દિવસોમાં દરેક વ્યક્તિ સેલિબ્રિટીના લગ્ન જોઈને 'પ્રેરિત' થઈ રહી છે. પ્રેરિત લોકો સ્વીકારવામાં નિષ્ફળ જાય છે કે ઘણા સેલિબ્રિટી ને તો આઉટફીટ પ્રોમોશન માટે ડેઝિગ્નેર પાસે થી મફત માં મળે છે. અસંખ્ય વખત, તેમની પાસેથી પ્રમોશનના બદલામાં તેમના ડેસ્ટિનેશન અને ફોટોગ્રાફ્સ માટે પણ ચાર્જ લેવામાં આવતો નથી. તેમની પાસે આટલું મોટું બેંક બેલેન્સ હોય, તો પણ તેઓ આ પ્રોમોશન એન્ડ માર્કેટિંગ વાળા પગલાને પસંદ કરે છે અને લગ્ન કરે છે. સેલિબ્રેટીઓ જે કરી રહ્યા છે તે દરેક વ્યક્તિ જોઈ રહ્યો છે પરંતુ તેમના માધ્યમ કેમ નથી જોઈ રહ્યા ?

એવા ઘણા બધા લોકો છે કે જેઓ આ ભવ્ય લગ્નોને કોઈક રીતે 'પોસ્સીબલ' કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરે છે, લોન લે છે અથવા તેમની જીવન ભાર ની બચત ને ખંખેરી નાખે છે. શું તે ખરેખર જરૂરી છે ? આવા હેવી આઉટફિટ્સ લગ્નમાં ખરીદવામાં આવે છે અને તેને ફંક્શન પછી સ્ટોરેજમાં રાખવા માટે લાખો રૂપિયા ચૂકવવામાં આવે છે. સેલિબ્રિટીઓ લગ્ન કર્યા પછી વૈભવી હવેલીઓમાં પ્રવેશ કરે છે જ્યારે એક સામાન્ય વ્યક્તિ જે તેમનાથી પ્રભાવિત થઈ ને ભવ્ય લગ્ન કરી ને, લોન ચૂકવવામાં વર્ષો વિતાવે છે અથવા વર્ષો સુધી ભાડા પર રહે છે. વાસ્તવિક લગ્ન જીવન માટે આયોજન વિશે શું ?

ફાઈનાન્શિયલ પ્લાનિંગ એ સમયની જરૂરિયાત છે. આજના ઝડપી વિશ્વમાં, ઘણી બધી વસ્તુઓ એકબીજા સાથે જોડાયેલી છે અને જીવનનો માર્ગ નક્કી કરી શકે છે. શું ક્ષણિક ઘટના પર અતિશય ખર્ચ કરવો એ ખરેખર અનિવાર્ય છે ? દરેક વ્યક્તિ પોતાના અથવા તેમના બાળકના ખાસ દિવસે સુંદર દેખાવાની ઈચ્છા રાખે છે પરંતુ શું આપણે કપડા પર લાખો અને મેક-અપ પર હજારો ખર્ચ કરીને જ સુંદર દેખાઈ શકીએ છીએ ?

કોણે કહ્યું કે વાસ્તવિક આયોજનમાં મજા નથી આવતી ? 'ડેસ્ટિનેશન વેડિંગ' પર લાખો ખર્ચવાને બદલે, તે લાખો રૂપિયા આરામદાયક વાસ્તવિક જીવનમાં ખર્ચો ! તે તમારા નવા ઘર માટે ડાઉન પેમેન્ટ હોઈ શકે છે અથવા કદાચ તમને નિયમિત આવક પ્રદાન કરતું સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ હોઈ શકે છે. કલ્પના કરો કે તમે તમારું વાસ્તવિક જીવન કેટલું સરળ બનાવી રહ્યા છો ! જો તમારા જીવનસાથી અને તમને મુસાફરી કરવી ગમે છે, તો આગળ વધો અને વિશ્વની મુસાફરી કરવા, અડવેંચ સપોર્ટ્સ કરવા અથવા મ્યુસેમ ફરવા માટે પૈસા નો ઉપયોગ કરો. 'કસ્ટમાઈઝડ વેડિંગ એક્ટિવિટીઝ' પર બિનજરૂરી ખર્ચ કરવાને બદલે, જેને લોકો થોડા દિવસો પછી સંપૂર્ણપણે ભૂલી શકે, સાચી યાદો બનાવો.

આ દિવસોમાં ઈવેન્ટ્સમાં મહેમાનો માટે અનંત વિવિધ વાનગીઓ સામાન્ય દ્રશ્ય છે. તે પછી પણ, ઘણા મહેમાનો કંઈક અથવા બીજાની ટીકા કરે છે. લગ્નોમાં ઘણી બધી વાનગીઓનો પણ બગાડ થાય છે. આ કરવાને બદલે જરૂરિયાતમંદો માટે વર્ષભરના અનાજનો પુરવઠો ખરીદી શકાય છે. લગ્નમાં ભાગ લેનારા લોકો સરળતાથી ભવ્ય રસ્ટોરન્ટમાં જઈ શકશે. પરંતુ તમારું જરૂરિયાતમંદ માટે આ નાનું પગલું તેમના માટે મોટી રાહત સાબિત થઈ શકે છે.

શું આનો અર્થ એ છે કે તમારે તમારા લગ્નની ઉજવણી બિલકુલ ન કરવી જોઈએ ? ચોક્કસ ના ! આગળ વધો અને તમારા ખાસ દિવસનો મહત્તમ લાભ લો. યાદો બનાવવા માટે સુંદર વાતાવરણ અને ખાસ લોકોની

જરૂર હોય છે. તેને હંમેશા લાખો રૂપિયાની જરૂર નથી. પૈસાની વાત આજ હોત તો દરેકને દરેક ભવ્ય લગ્ન યાદ રહેશે. થોડુંક ફાઈનાન્શ્યલ પ્લાનિંગ કરી ને અને વાસ્તવિકતાથી ગણતરી કરી ને તમે ઉજવણી પર કેટલો ખર્ચ કરી શકો છો તે નક્કી કરી શકાય છે.

યુગલો બિનજરૂરી વસ્તુઓને બદલે સોનાના આભૂષણો જેવી મહત્વની વસ્તુઓ પર ભરપૂર ખર્ચ કરી શકે છે. તેઓ અનંત ખાદ્યપદાર્થો પર પૈસા અને ખોરાકનો બગાડ કરવાને બદલે સ્વાદિષ્ટ પરંતુ મર્યાદિત વાનગીઓ ગોઠવી શકાય છે.

ઘણા લોકો સૂચવે છે કે ભવ્ય લગ્નો અર્થતંત્રને વધારવામાં મદદ કરે છે. શું આપણે વિવિધ લગ્ન બજારોની સમૃદ્ધિ માટે આપણું અર્થશાસ્ત્ર બગાડવું જોઈએ ? આપણે અર્થતંત્રમાં અન્ય ઘણી રીતે યોગદાન આપી શકીએ છીએ. જેમ કે સોનામાં રોકાણ કરવું, ઘર ખરીદવું વગેરે.

આવો ! ચાલો હવે આપણા મનમાં સ્પષ્ટ થઈએ કે લગ્ન અને લગ્ન લગ્નની ઉજવણી એક જ વાત નથી. સાચું ધ્યાન લગ્ન પર રહેવા દો, ફંક્શન પર નહીં. એક નિર્ણાયક નિર્ણય લેવાનો હોય છે, કાં તેમને ત્રણ દિવસની ધમાકેદાર મજા જોવે છે અથવા પ્રમાણમાં આરામની જિંદગી. નવા જીવનમાં તમારા જીવનસાથી અને તમારો પ્રવેશ મહત્વપૂર્ણ છે. પ્રવેશ ગીત અને શૈલી નહીં. ❖❖❖

શ્રીજી

**જમીન–મકાનની લે–વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસચ, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452

**અતુલભાઈ ટી. શેઠ**
રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# BIO-DATA



## KEVAL MITESH SHAH

**Personal Details**

Date of Birth : 07-05-1992
Time of Birth : 03:09 PM
Place of Birth : Dombivali
Height : 5’5”
Weight : 62 Kg
Caste : Shri Zalawadi Dasha shreemali Sthanakvasi Jain
Native : Pati (Botad)
Horoscope : Manglik
Hobbies : Travelling, Music, Foodie
Education : Bachelor of Commerce, Coding of C++ & JAVA
Occupation : Senior Site Incharge, V K Patel & Co. - Kalpataru Doors
Contact Details : +91-9769210849
Email Id : kshah4182@gmail.com
Present Add. : 301, Jai Malhar, Nr. New Don Bosco School, Gaodevi, Dombivali -West - 421202.
Permamnet Add : 2B/307, Raj Vaibhav NX Complex, Ganesh Nagar, Dombivali -West - 421202.

**Family Details**

Grand Father : Late Pravinbhai Kanjibhai Shah
Grand Mother : Late Devikaben Pravinbhai Shah
Father : Mitesh Pravinbhai Shah (+91-75063 36419 / 89287 66984)
Occupation : Senior Technical Head, V K Patel & Co. - Kalpataru Doors
Mother : Sheela Mitesh Shah (Homemaker) (+91 - 93201 22312)
Sibling : Vatsal Mitesh Shah (Interior Designer)
Uncle : Devesh Pravinbhai Shah (Dombivali)
Faiba -Fuva : Parulben Vipulbhai Shah (Kandivali), Late Heenaben Harshadbhai Shah (Ahmedabad)
Mosal : Madhavbhai Damjibhai Sapariya (Mulund)
**Note : Goldhana Broken**

Advt.

**"ખુશ ખબર"**

**એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે. આ સ્કીમ ૧-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી જ છે.**

**ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

**૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**





**તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો**
**અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.**
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**

**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**

**જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.



**SINCE 1999 (SILVER JUBILEE YEAR)**

VIPUL ALPESH
Insurance & investment consultancy

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**VIPUL .G.SHAH**
**9820479605**
**ALPESH G. SHAH**
**9833730076**

**MDRT (U.S.A.) ★ C.M. CLUB MEMBER**

**INSURANCE & INVESTMENT CONSULTANT**

- ★ LIC
- ★ GENERAL INSURANCE
  - NEW INDIA INSURACE
  - ORIENTAL INSURANCE
  - TATA AIG INSURANCE
  - BAJAJ ALLIANZ INSURANCE
  - STAR HEALTH INSURANCE
- ★ CORPORATE FIXED DEPOSIT
  - UNITY SMALL FINANCE BANK
  - SHRIRAM FINANCE
  - MAHINDRA FINANCE
  - BAJAJ FINANCE
  - PNB HOUSING FINANCE
- ★ SIP/STP/SWP - MUTUAL FUND
- ★ ALL BONDS
- ★ NPS / PAN CARD
- ★ ALL LOANS
- ★ LIC PREMIUM POINT

Shop No. 35 , Ground Floor, Ajanta Square Mall, Market Lane, Borivali (W), Mumbai - 400 092.
Email: licvipul@gmail.com / shahalpeshg@gmail.com

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.





।।શ્રી ગણેશાય નમઃ।। ।।ભુરખીયા હનુમાન દાદા જય હો।।

।।જય શ્રીકૃષ્ણ।। ।।શ્રી મહાવીરાય નમઃ।। ।।જય સોમનાથ।।

**દશા શ્રીમાળી તથા વિશા શ્રીમાળી તથા ઘોઘારી જ્ઞાતી ગોર**



(ઘાટકોપર), મુંબઈ

શ્રી મહાલક્ષ્મી નમઃ



A to Z જ્યોતિષ

પુજા પાઠ કથા રાંદલ લોટા, શ્રીફળ વિધી,
લગ્ન વિધિ, વાસ્તુ પુજા, નવચંડી હવન

**વિરાટ એચ. પાઠક**

**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

ગુજરાતી - સ્થાનકવાસી - દેરાવાસી - વૈષ્ણવ - વાંજાદરજી - પટેલ

નવગ્રહ જપ
સંપર્ક કરો




હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

ગ્રહ પ્રવેશ , ચંડીપાઠ પાઠ, મહામૃત્યુજય જપ નક્ષત્ર શાંતી, કાલસર્પ યોગ,
માંગલિક દોષ, પુજા કુંભ વિવાહ અર્ક વિવાહ, પિતૃ કાર્ય ગીતાજી ગરુડપુરાણ

કોઈપણ પુજા વિધિ માટે અથવા ઓનલાઈન
વિડિયોકૉલ પુજા વિધિ માટે
આગ્રા રોડ, એલ. બી. એસ માર્ગ, ગંગાવાડી,
ગોપાલ ભુવન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.

Virat pathak

Scan to pay with any UPI app

સંપર્ક કરો : વિરાટ એચ. પાઠક ગોર
૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬

Advt.


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)

**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)

SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**


WE DELIVER WHAT IS PROMISE !
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
ammpalholidays@gmail.com
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
UNCOVER NATURE'S FINEST SEASONS
Explore Winter & Cherry Blossom Tours!
ICELAND 10D
Tour Dates 2025
6th MARCH
1st APRIL
BAKU + GABALA WITH SHADAG 7D
Celebrate Crishtmas
Dec 23rd
JAPAN 11D
9th APRIL 2025
Cherry Blossom with Alpine Route
SOUTH KOREA 10D
26th MARCH 2025
Cherry Blossom
VIETNAM WITH SAPA 11D
Tour Dates 2025
Jan - 7th | 18th | 28th
Feb - 8th | 19th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, Travel Insurance & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલી



જન્મતારીખ
૦૯-૦૩-૧૯૬૬

અરિહંત શરણ
૦૫-૧૨-૨૦૨૪

## સ્વ. શ્રી પરેશભાઈ રમેશચંદ્ર શાહ
## મુળી નિવાસી હાલ અંધેરી મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હેયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની.
મહીનો વીતી ગયો છતા અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય,
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા,
રડી પડે છે આંખો અમારી,
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.....

**આપના દિવ્ય આત્માને જન્મો જન્મ જૈનધર્મનું શરણ મળે અને નવકારનું સ્મરણ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના**

### સ્મરણાંજલિ અર્પણ કરનાર

શ્રી રમેશચંદ્ર રમણીકલાલ શાહ પરિવાર
સ્વ. શ્રી ચંદુલાલ અમૃતલાલ શાહ પરિવાર

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. ઇન્દીરાબેન રમેશચંદ્ર શાહ |
| ધર્મપત્ની | : | પુનિતાબેન પરેશભાઈ શાહ |
| પુત્ર-પુત્રવધુ | : | મનન-સેજલ, વિનીત-પૂર્વી |
| ભાઈ-ભાભી | : | કલ્પેશભાઈ-અલકાબેન |
| ભત્રીજા-ભત્રીજી | : | ભવ્ય - દ્રષ્ટિ |

જય જીનેન્દ્ર

Advt.

# ૯ મી પુણ્યતિથિએ અશ્રુભિની શ્રદ્ધાંજલી



જન્મ :
૧૩/૦૩/૧૯૩૯

અરિહંત શરણ :
૦૨/૦૧/૨૦૧૬

## સ્વ. મહાસુખભાઈ ચીમનલાલ ગોપાણી

**પાળીયાદ નિવાસી હાલ માટુંગા–દાદર.**

*નિત્ય અમારા મનમાં...નિત્ય અમારા હૃદયમાં...*
*નિત્ય અમારા ચેતનમાં...જીવો સદા સદૈવ-સર્વદા..*

- **ધર્મપત્નિ :** પ્રવિણાબેન
- **પુત્ર–પુત્રી :** અલકેશ, વિપુલ, સાધના • **પુત્રવધુ :** મૂર્તી, જાસ્મીન
- **ભાઈ–ભાભી:** • ગુણવંતભાઈ ગોપાણી • સ્વ.ભારતીબેન ગોપાણી
  • નગીનદાસ ગોપાણી • માયાબેન ગોપાણી
  • પરેશભાઈ ગોપાણી • રીનાબેન ગોપાણી
- બેન-બનેવી : બોટાદ સંપ્રદાયના ગુણવંતીબાઈ **મહાસતીજી**
  ચંદનબેન કમલેશકુમાર સંઘવી, અરૂણાબેન સુબોધકુમાર સંઘવી,
  વર્ષાબેન બિપીનકુમાર સંઘવી, રીટાબેન શૈલેષકુમાર શેઠ
- પૌત્ર-પૌત્રી : **શ્રેય–કેશવી – દિયા, શ્રૃતી–ઋષી અજમેરા, રૂષીલ, જીજ્ઞેશ–અંજલી, દિતલ–મેહુલ કોઠારી, પાર્થ–રૂતિકા–જીયા, વિરાજ – કરિશમા, મીત, યુવ, યશવી, દેવાંશ**


**ફર્મ :**

**• ગોપાણી મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • વી.એન.એસ. ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.**
**• અમિટી ઇંટરલીંક સ્ટીલ્સ પ્રા. લિ. • ગોપાણી આયર્ન પાવર ઈન્ડીયા પ્રા. લિ.**

Advt.

## નવમી પુણ્યતિથિએ સ્નેહસભર શ્રધ્ધાંજલી
## આદર્શ શ્રમણોપાસક

જન્મ
૧૯.૭.૧૯૩૨



અરિહંતશરણ
૨૪.૧.૨૦૧૬

# શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ

**લખતર નિવાસી, હાલ જૂહૂ સ્કીમ**

ધર્મનો રંગ જેની હાડહાડની મજ્જામાં, સંયમનો રંગ જેના સમગ્ર પરિવારમાં
શાસન ની સુગંધ જેના અસ્તિત્વમાં, વાત્સલ્ય નો ધોધ જેના અણુએઅણુમાં
એકાવતારી બની આપ, રહો તીર્થંકર ચરણે સાધનામાં.....

**આપના સદૈવ ઋણી**

મયંકભાઈ - શ્રુતિબેન
પ્રતિતિ - ખીલેન
મૌલી - દીપ
પ્રશમ

શ્રેયાંસભાઈ - રૂચીબેન
શૈલી - સમ્યક
શ્રીયા

MJ SHAH
CREATING VALUE SINCE 1959

www.mjshahgroup.com

Advt.

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન

## સાતમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ
૫.૮.૧૯૩૪



અરિહંત શરણ
૧૨.૧૨.૨૦૧૭

# માતુશ્રી મંગળાબેન જશવંતલાલ શાહ

લખતર નિવાસી, હાલ જૂહૂ સ્કીમ

**જેનું મન અહિંસા, સંયમ, તપ-રૂપ ઉત્કૃષ્ટ મંગલ-ધર્મમાં જ સદા રત રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.** (દશવૈકાલિક સૂત્ર, અધ્યયન-૧-ગાથા-૧)

શાસનમાં ઉપવન ખીલવ્યું, જીવનમાં ધર્મસુમન મહેંકાવ્યું,
પરિવારમાં શ્રદ્ધા-સ્નેહ સંર્જ્યું ઉપકાર કોટી કોટી માતુશ્રી આપના
શબ્દો ઓછાં પડે છે આજના, નતમસ્તક વંદન ચરણોમાં આપના...!!!

## આપણા સદૈવ ઋણી

મયંકભાઈ - શ્રુતિબેન
પ્રતિતિ - ખીલેન
મૌલી - દીપ
પ્રશમ

શ્રેયાંસભાઈ - રૂચીબેન
શૈલી - સમ્યક
શ્રીયા


MJ SHAH
CREATING VALUE SINCE 1959

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી સ્મરણાંજલિ



વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. કાન્તીલાલ ઉજમશી શાહ**

(૦૧.૦૯.૧૯૨૪ - ૦૫.૦૨.૨૦૨૦)



વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. લીલાવંતી કાન્તીલાલ શાહ**

(૦૫.૧૨.૧૯૨૭ - ૧૪.૧૨.૨૦૨૧)

---

અતુલભાઈ – ગીતાબેન
પંકજભાઈ – દિવ્યાબેન
પલક – પ્રાચી
પારસ – મોનલ

શૈલાબેન દિલીપભાઈ શાહ
નૈનાબેન ચંદ્રવદનભાઈ દોશી
અર્પિતા પ્રતીક સરૈયા
જીલ પ્રિયાંક સંઘવી

---

નાઈશા - ત્રિષાન - રૂનાવ
શ્રી કાંતિલાલ ઉજમશી શાહ પરિવાર (ચુડાવાળા)

---

**H. Kantilal & Co.**

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi